# પરિણતિ જ્ઞાન

અને

# સુશ્રાદ્ધરત્ન મર્દુક

હેય જ્ઞેય અને ઉપાદેયની સમજ વિનાનું જ્ઞાન પરિણતિજ્ઞાન
નથી, સમ્યકૃત્વી તે કે જેને પરિણત જ્ઞાન થયું હોય,
બીજાઓ પદાર્થોને આર્ય સત્ય, પ્રકૃતિ, પદાર્થ વિગેરે કહીને
સંબોધે છે. જૈનો પદાર્થને તત્વ કહે છે. તત્ત્વ શબ્દ જૈન
શાસનનો રૂઢ શબ્દ છે.

જિનેશ્વરદેવના શાસન સિવાય કોઇએ જ્ઞાનને રોકવાવાળા
જ્ઞાનાવરણીય કર્મને માન્યું નથી. કર્મ ન માન્યા તો પછી
તેના તોડવાના પ્રયત્નની તો વાતજ ક્યાં રહી.

જૈન મત વિના અન્ય કોઇપણ મતમાં આત્મા સ્વરૂપે
કેવળ જ્ઞાનવાળો મનાયો નથી.

બીજા મતવાળા ઇશ્વિરે પૃથ્વી પાણી હવા બનાવ્યા
એટલે તેની સેવા કરે છે આપણે ઇશ્વરને બનાવનાર તરીકે
માનતા નથી પણ બતાવનાર તરીકે માનીએ છીએ. અને
તેની ભક્તિ કેવળ જ્ઞાનાવરણીયાદિ કર્મ તોડવા માટે કરીએ
છીએ.

સુશ્રાદ્ધરત્ન મર્દુકની અનન્ય ભક્તિ: વાદીઓએ તેને
પુછ્યું કે તું ધર્માસ્તિકાયાદિ માને છે તેણે કહ્યું બરાબર
માનું છું અને સાબિત કરી બતાવ્યું કે અનુમાનાદિથી સિદ્ધ
થતા પદાર્થોનાં સ્વરૂપાદિ જાણવા માટે શ્રી સર્વજ્ઞના વચનોજ
આધારભૂત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્
ચરિત્રથી મોક્ષ મળે છે એ પણ જિનેશ્વરના વચનથીજ
મનાય છે.

स्वस्थवृत्तः प्रशान्तस्य तद्धेयत्वादि निश्चयं ।
तत्त्वसंवेदनं चैव, यथाशक्तिफलप्रदम् ॥ १ ॥

## પરિણતિજ્ઞાન આવશ્યક છે.

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના કલ્યાણાર્થે જ્ઞાનાષ્ટકમાં જ્ઞાનનું પ્રાધાન્ય સૌ કોઈ સ્વીકારે છે એમ જણાવ્યા બાદ કહે છે કે જ્ઞાનના સામાન્યતઃ ત્રણ ભેદ છે. સ્વરૂપની અપેક્ષાએ કે પ્રચલિત રીતે જાણવાપણાની અપેક્ષાએ તો શાસ્ત્રોમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન, એમ પાંચ ભેદો કહ્યા છે; તો આ ત્રણ ભેદો શી રીતે સમજવા? આના સમાધાનમાં કહે છે કે મતિજ્ઞાનાદિ પાંચ ભેદો જ્ઞાન પદાર્થ અને ઉત્પત્તિના કારણોના ભેદોએ કરીને પડે છે. તમામ રૂપી પદાર્થોને અંગે થતું જ્ઞાન તે અવધિજ્ઞાન. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ નાશથી થનારૂં જ્ઞાન તે કેવલજ્ઞાન. અહિં જે ત્રણ ભેદો કહેવામાં આવે છે તે પરિણતિની અપેક્ષાએ સમજવા. જગત્‌માં સામાન્ય રીતે પદાર્થોનું જ્ઞાન શબ્દ વિના પણ હોય છે. એકેન્દ્રિયાદિ જીવો જીવાજીવના પદાર્થને ભેદ રૂપે ભલે ન જાણે, પણ પોતે જીવ છે, પોતાને શરીર છે, એમ સામાન્યતઃ જાણે, પદાર્થનું પદાર્થ પણે જ્ઞાન ત્યાં નથી. હેયનો હેયરૂપે, જ્ઞેયનો જ્ઞેયરૂપે, ઉપાદેયનો ઉપાદેયરૂપે, આ રીતે વિભાગો ન થાય ત્યાં સુધી જાણેલા પદાર્થો પરિણતિ વગરના સમજવા. વૈષ્ણવો વગેરે જીવાદિ તત્વોને માને છે. ગમે તે પ્રકારે પણ તેઓ બધા તત્વોને માને છે. દરેક પણ આસ્તિ-

કમતવાળાઓ જીવ, અજીવ, પુણ્ય, પાપ, કર્મ આવવાનાં કારણો, કર્મને રોકવાના ઉપાયો વગેરેને માને છેઃ ટુંકામાં શબ્દભેદે પણ તેઓ નવે તત્ત્વોને માને છે તો ખરા. શંકા થશે કે તો પછી સમ્યક્ત્વી કોણ અને મિથ્યાત્વી કોણ ?. અહિં જ પરિણતિજ્ઞાન તપાસવાની જરૂર છે. માત્ર શબ્દજ્ઞાનથી તપાસ પૂરી નથી થતી. શબ્દજ્ઞાનથી તો બધાય સમક્ત્વી ગણાશે, પણ ખરી રીતે સમ્યક્ત્વી તે કે જેને પરિણતિજ્ઞાન થયું હોય. પરિણતિજ્ઞાન વગરનો સમ્યક્ત્વી નથી. તેમાં પણ કહ્યું છે કે **जिनपन्नत्तं तत्तं** તત્ત્વ એ તત્ત્વ છે છતાં **जिनपन्नतं तत्तं** શા માટે ? તત્ત્વાર્થકારે તો શ્રી જિનેશ્વરમહારાજને વચમાં નહિં લેતાં **तत्त्वार्थश्रद्धानं** વગેરે કહી દીધું. તત્ત્વ એટલે પદાર્થનું સ્વરૂપ. બીજાઓની શાસનશૈલી ફક્ત પદાર્થ તરીકેની છે. બૌદ્ધોએ આર્યસત્યો માન્યાં. નૈયાયિક અને વૈશેષિકોએ પદાર્થોને પદાર્થ તરીકે માન્યા. પણ પદાર્થોમાં તત્વ તરીકે માન્યતા તો જૈનોની છે. **नव अत्था हुंति नायव्वा** ન કહ્યું પણ **नव (अत्था) तत्ता होंति** કહ્યું. જીવાદિક પદાર્થોજ તત્ત્વો છે. તત્ત્વ શબ્દ જૈનશાસનનો રૂઢ છે, તેથી જીવાદિક પદાર્થોની તત્ત્વ તરીકે શ્રદ્ધા થઈ અને તેથીજ જીવાદિ અર્થોમાં તત્ત્વ તરીકેની બુદ્ધિ તે સમ્યક્ત્વ એમ **પ્રશમરતિ**માં જણાવ્યું. આ કારણથી ત્યાં જિનોક્ત શબ્દ ન રાખ્યો તેમાં હરકત નથી, તત્વશબ્દની રૂઢિજ એ શબ્દ જિનોક્તપણું સિદ્ધ કરે છે. 'પ્રકૃતિ' 'આર્યસત્યં' એ શબ્દો જેમ અન્યમતોમાં રૂઢીથી વપરાય છે, તેમ આપણા જૈનોમાં 'તત્ત્વ' શબ્દ વાપરવાની રૂઢી છે.

## જ્ઞાનાવરણીયાદિ કર્મને જે જાણેજ નહિં તે તોડવાનો ઉદ્યમ ક્યાંથી કરવાનો ?

પદાર્થ પછી સ્વરૂપમાં જુઓ. અન્યમતવાળાઓ જીવને ચેતનાવાળો માને છે; જૈનદર્શન પણ ચેતનામય કહે છે. તો એમાં ફરક શું ? અન્યોએ ઉત્પન્ન થયેલી ચેતનાનું સ્થાન આત્મા રાખ્યું એટલે અન્યમતની માન્યતામાં ચેતના સ્વભાવે ન રહી, એટલે તેને રોકવાવાળા કર્મ માનવાની પણ તેમને જરૂર રહી નહિં. **શ્રીજિનેશ્વરદેવના શાસન સિવાય કોઇએ જ્ઞાનને રોકવાવાળા એવા જ્ઞાનાવરણીય કર્મને માન્યું નથી,** ઘટપટ વગેરેમાં ચેતના ન થાય. જ્યાં સ્વરૂપે ચેતનામય છે એમ માન્યતાજ ન રહી એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મ માનવાનાં ન રહ્યાં અને એ કર્મ માનવાનાં ન રહ્યાં તો તેના નાશ માટે ઉદ્યમ કરે ક્યાંથી ? આમ જ્ઞેયત્વની વ્યાપકતા ગણી. પદાર્થ ત્રણ પ્રકારના છે. જ્ઞેય, હેય અને ઉપાદેય. જ્ઞેય એટલે જાણવા લાયક. કેટલાક પદાર્થ માત્ર જાણવા લાયક જ હોય છે, જો કે હેય અને ઉપાદેય પણ જ્ઞેય તો છેજ એટલે એ દૃષ્ટિએ પદાર્થ માત્ર જ્ઞેય તો છે જ, છતાં કેટલાક પદાર્થો હેય એટલે—છોડવા લાયક છે. કેટલાક પદાર્થો ઉપાદેય એટલે આદરવા લાયક છે. હેયત્વ કે ઉપાદેયત્વ જાણ્યા વગર છાંડી કે આદરી ન શકાય માટે એ પણ જ્ઞેય તો છેજ. નીતિકારોએ હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય એમ ત્રણ ભાગ રાખ્યા. જ્ઞેય વિભાગજ ન રાખ્યો. જ્ઞેયત્વ બધામાં મત રાખ્યા તેમાંથી હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય એમ ત્રણ વિભાગ કર્યા. મતલબ કે નીતિકારોએ એ ત્રણ વિભાગ ફલ તરીકે જણાવ્યા. જેનો

શિવાયના લોકોએ જ્ઞાનને રોકનારૂં જ્ઞાનાવરણીય કર્મ જાણ્યું કે માન્યું જ નહિં તો પછી તેને તોડવાનો ઉદ્યમ તેઓના મનમાં ક્યાંથી થાય ?

આત્માને કેવલજ્ઞાનના સ્વરૂપે જાણવાની તાકાત કેવલ સમ્યક્ત્વીની છે. સુક્ષ્મએકેન્દ્રિયનો જીવ લ્યો. કે બીજો કોઇ પણ જીવ લો તેમાં કોઈપણ જીવ કેવલજ્ઞાન વગરનો નથી, જીવ પદાર્થ સ્વરૂપે કેવલજ્ઞાનવાળો છે એ માન્યતા કેવલ સમ્યક્ત્વીની છે, જૈનમત વિના અન્ય કોઇ પણ મતમાં આત્મા સ્વરૂપે કેવલજ્ઞાનવાળો મનાયો નથી. કોઈ પણ નાનો છોકરો કાચના કટકાને હીરો કહે છે, ઝવેરીનો છોકરો સાચા હીરાને હીરો કહે છે, પણ તેના તેજ, તોલ, કિંમતની બન્નેને ખબર નથી. એજ રીતે અન્યમતવાળા 'જીવ જીવ' એમ કહે છે. પણ એના કેવળજ્ઞાનમય સ્વરૂપની તેઓને ખબર નથી

**શંકા:**–દરેક જીવમાં કેવળજ્ઞાન છે તો તે જીવ કેવળજ્ઞાનથી લોકાલોકપ્રકાશિત કેમ નથી થતો ?

**સમાધાન:** કેવળજ્ઞાનાવરણીયકર્મ હોવાથી. એ કર્મ સમકિતિને, મિથ્યાત્વિને, અભવ્યને તમામને માન્યું છે. એ કર્મ ખસેડી કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાની ભાવના સમકિતીને થાય. જે કેવળજ્ઞાનાવરણીય માને નહિં તેને ખસેડવાની કલ્પના પણ ન આવે. એવી જ રીને કેવળદર્શનાવરણીય વગેરે કર્મોરૂપ આવરણો ખસેડવાના, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે અજીવ પદાર્થો તે પણ જૈનો સિવાય કોણે માન્યા ? શ્રી જિનેશ્વર મહારાજે કહેલું જીવનું સ્વરૂપ જે માને છે તેજ મનુષ્ય જીવને કેવળજ્ઞાન સ્વરૂપવાળો માને છે, અને માટેજ તે કેવળજ્ઞાનાવરણીય કર્મને તોડવાનો ઉદ્યમ કરે.

## ધર્મકૃત્યો કરવાનો દાર્શનિક હેતુ.

અન્યમતવાળા ધર્મકૃત્યો શામાટે કરે છે? ઇશ્વરે આ બધું બનાવ્યું એના બદલામાં "હે ઇશ્વર! તેં પૃથ્વી, પાણી, હવા, વનસ્પતિ આદિ બનાવ્યાં એટલે તને ભજીએ છીએ." અન્યમતવાળાનું ઇશ્વરનું ભજન, ઇશ્વરે આ બધું બનાવ્યું તેના બદલામાં છે. **આપણે ઈશ્વરને માનીએ છીએ ખરા. પણ બનાવનાર તરીકે નહિ. જીવાદિક પદાર્થોનું સ્વરૂપ બતાવનાર તરીકે. તથા અનંત ગુણવાળા હોવાથી ભક્તિ અર્થે ઈશ્વરને માનીએ છીએ. અને તે પણ કેવલજ્ઞાનાવરણીયાદિ કર્મ તોડવા માટે માનીએ છીએ.**

આપણે ઇશ્વરની ભક્તિ, સેવા, સ્તુતિ વગેરે કરીએ છીએ તે આત્માના ગુણો પ્રગટાવવા માટે કરીએ છીએ. આપણે જીવનું સ્વરૂપ ઓળખીએ તો તે પ્રગટાવવા પ્રયત્ન કરીએ. તે માટે પરમેશ્વરે આપણને તે સ્વરૂપ બતાવ્યું. એટલે આપણે તો ઇશ્વરની આરાધના, સ્તુતિ, પૂજનાદિ કોઈ પણ પ્રકારે કરીએ છીએ તે કર્મોને સંહરવા માટે જ. પત્થર, ધૂળ ઢેફાં વગેરેને અજીવ તો સૌએ માને છે, જનાવર પણ માને છે, પણ એમ અજીવ માન્યાં કામ ન લાગે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય પુદ્ગલાસ્તિકાય, કાલ વગેરેનો માનો તો અજીવદ્રવ્યને માન્યાં ગણાય. આ અજીવ પદાર્થો શ્રી જિનેશ્વરદેવે બતાવ્યા છે, અને તેમના કથનથીજ મનાય છે.

### મદુકની દઢતા!

**શ્રી ભગવતીજીમાં** એક દૃષ્ટાંત આવે છે મદુક

મનો શ્રાવક છે, એ ભગવાન્ શ્રી મહાવીર મહારાજાને
ંદના કરવા જાય છે. માર્ગમાં અન્યમતના વિદ્વાનો કાલો-
દાયી તથા સેલોદાયી વગેરે બેઠેલા છે. સોનામાં એવો અવાજ
નથી હોતો કે જેવો કાંસાંમાં હોય છે, એ ન્યાયે એ માર્ગે
અન્યમતવાળા પણ પોત પોતાના દેવના દર્શનાર્થે જાય છે.
કાલોદાયી સેલોદાયીને, મદ્દુક મહાવીરને વાંદવા
જાય છે તેને ભરમાવવાનું, તથા ત્યાં જતો રોકવાનું મન
થયું, ધર્મક્રિયામાં વિઘ્ન નાંખવું એજ તેમનું કાર્ય છે,
અને વિઘ્નસંતોષીઓ એમાંજ આનંદ માને છે. કોઇ દેરાસર
બંધાવે, કોઈ ઉદ્યાપન કરે, કે સંયમ લે, ગમે તે પ્રકારે આત્મ-
કલ્યાણ કરે, પણ વિઘ્નાનંદીઓ તો ખોડખાંપણ કાઢી, બખાળો
કરી, ધાંધલ કરી, વિઘ્નોજ ઉભાં કરવાના. કેટલાકો કાર્યને
ખરાબ કહેશે, કેટલાકો પદ્ધતિને ખરાબ કહેશે, તો કેટલાકો
મૂળશુદ્ધાને ખરાબ કહેશે, પણ સારી ક્રિયામાં ખરાબી બતા-
વવી એમાંજ એમની બહાદુરી ! પ્રતિષ્ઠા હોય કે પૂજા હોય,
સદનુષ્ઠાન ગમે તે હોય, પણ આરાધનાના પ્રકાર માત્રમાં
હલકા પાડવા, તથા એ પવિત્રમાર્ગમાં કાંટા વેરવા એજ વિઘ્ન
સંતોષીઓનું આવશ્યક કાર્ય થયું છે. ધર્મ કરતો કોઇ રોકાઇ
કેમ જાય ? એજ મનની મલીન ભાવના એઓની હોય છે.
કેટલાકો જૈનધર્મનેજ ડુબાડનાર કહી મલીનતાનો પુરેપૂરો
પરિચય આપે છે. મદ્દુકને ઉભો રાખી તેની પાસે શ્રીજિનેશ્વર-
દેવની પ્રમાણિકતાને ઉડાવી દેવાનો તેઓએ નિશ્ચય કર્યો. એને
બોલાવ્યો અને અનેક કુયુક્તિઓ ઉભી કરી. ઉતરડ પાડવા
ઇચ્છનારો નીચેનો એક ગોળો ખસેડે એટલે બસ ! આખી

ઉતરડ પડવાનીજ! શાસ્ત્રકારો તમને મિથ્યાદૃષ્ટિના પરિચયનો નિષેધ એટલા માટે જ કરે છે કે તમે જો ખસી ગયા તો તેથી માર્ગનો મહિમા ઘટવાનો નથી. પણ તમે મેળવી ચૂકેલા તે હારી જશો. કોઇ ફાંકો રાખે કે અમે નિર્ભર રહીશું તો પણ એ બહુ મુશ્કેલ છે, કોર્ટના કેસો તપાસો! જે વખતે વાદી પ્રતિવાદીની દલીલો પેશ થાય છે, સામાસામા વકીલોના ક્રોસ થાય છે, તે વખતે બુદ્ધિના કેવા પલટા થાય છે! જ્યારે દુનિયાદારીની બાબતમાં આ હાલત છે. તો પરભવની, પુણ્ય પાપની વાતોમાં તો તમે કેટલુંક ભેજું ધરાવો છો? અતિપ્રિય પદાર્થની યુક્તિમાં તમો નહિ ડગો તેની શી ખાત્રી? જેમ જેને મિલ્કત મળે તેમ તેણે ચોરોથી હમેશાં સાવધ રહેવું જોઇએ, તેમ જૈનશાસ્ત્રકારો કહે છે કે જેને શુદ્ધ શ્રદ્ધામાર્ગ સાંપડ્યો, જેને તત્ત્વનું જ્ઞાન થયું હોય તેણે વિપરીત પ્રરૂપણાવાળાથી ડગલે ને પગલે સાવચેત રહેવાની જરૂર છે.

પેલાઓએ મદ્દુકને પૂછ્યું "અરે મદ્દુક! ત્હારા મહાવીર ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે છે તે તું માનું છે?

મદ્દુકતો પરમ શ્રદ્ધાવાન્ હતો, માનતો જ હતો, શંકા હતીજ નહિ, એટલે તરત કહ્યું કે: "હા! હા!! બરાબર માનું છું!!!"

પેલાઓ તો ખાલી બનાવટ કરવા માગતા હતા: આને અંધશ્રદ્ધાલુ વગેરે કહીને માર્ગથી ખસેડવા માગતા હતા. એટલે ફરી કહ્યું કે "જે વસ્તુ ત્હારા જાણવામાં કે જોવામાં

આવતી નથી તે વસ્તુને માત્ર મહાવીરના કહેવાથી માની લેવી તે માત્ર અંધશ્રદ્ધા છે કે બીજું કાંઈ?

વિચારો! કેવો પથરો ફેંક્યો છે! અરૂપી ન દેખાય એ સ્પષ્ટ છે, પણ આવો પથરો ફેંકાય ત્યાં આત્માને બચાવવો શું સ્હેલો છે? મંડુક તો પેલાઓને બરાબર ઓળખતો હતો. તેમની ધારણા એ બરાબર સમજી ગયો.

બરાબર વિચારી તેણે તેમને પૂછ્યું કે—"પેલા બગીચામાં ફુલો છે તેની ગંધ અહિં આવે છે તે તમો માનો છો કે નહિ?" પેલાઓ, ના શી રીતે કહે? એટલે એમને એ ગંધ આવે છે એમ કહેવું પડયું ત્યારે મદ્દુક કહે છે કે "હ એ ગંધ પણ દેખાતી તો નથી, ને? છતાં કેમ તમો માનો છો? નજરે ન દેખાતા પદાર્થો પણ અનુમાનથી સાબીત થાય તો માનવા જોઇએ. એમ તમારે માનવું જ પડશે કુલની ગંધ દેખાતી નથી પણ નાકને સ્પર્શે છે, અનુમાનથી સાબીત થતો પદાર્થ ન દેખાય તો પણ માનવો પડે.

ફરી બીજો પ્રશ્ન પૂછે છે કે—"આ જગતનો છેડો છે ખરો કે નહિં? મદ્દુકે જવાબ આપ્યો કે જો છેડો ન હોત તો આપણે ભેગા મળત જ નહિં. જગતની ચારે બાજુ મર્યાદા ન હોત તો ભેગા થવાનો વખત આવત જ નહિં." અનુમાનથી સાબીત થાય છે કે કોઇ પણ પદાર્થ એ મર્યાદા કરનાર છે. અનુમાનથી સાબીત કર્યા પછી આગમવાદમાં ગયા સિવાય છુટકો નથી. અનુમાનથી સિદ્ધ થયેલા પદાર્થોના ધર્મો. અને સ્વાભાવાદિનો નિશ્ચય કરવા માટે જ્ઞાનીન વચનની જરૂર પડે છે. ડ્રાઈવરની માફક જીવ જેવો કોઇ

ઉતરડ પડવાનીજ! **શાસ્ત્રકારો તમને મિથ્યાદૃષ્ટિના પરિચયનો નિષેધ એટલા માટે જ કરે છે કે તમે જો ખસી ગયા તો તેથી માર્ગનો મહિમા ઘટવાનો નથી, પણ તમે મેળવી ચૂકેલા તે હારી જશો.** કોઇ ફાંકો રાખે કે અમે નિર્ભર રહીશું તો પણ એ બહુ મુશ્કેલ છે, કોર્ટના કેસો તપાસો! જે વખતે વાદી પ્રતિવાદીની દલીલો પેશ થાય છે, સામાસામા વકીલોના ક્રોસ થાય છે, તે વખતે બુદ્ધિના કેવા પલટા થાય છે! જ્યારે દુનિયાદારીની બાબતમાં આ હાલત છે. તો પરભવની, પુણ્ય પાપની વાતોમાં તો તમે કેટલુંક ભેજું ધરાવો છો? અતિપ્રિય પદાર્થની મુક્તિમાં તમો નહિ ડગો તેની શી ખાત્રી? જેમ જેને મિલકત મળે તેમ તેણે ચોરોથી હમેશાં સાવધ રહેવું જોઇએ, તેમ જૈનશાસ્ત્રકારો કહે છે કે જેને શુદ્ધ શ્રદ્ધામાર્ગ સાંપડ્યો, જેને તત્ત્વનું જ્ઞાન થયું હોય તેણે વિપરીત પ્રરૂપણાવાળાથી ડગલે ને પગલે સાવચેત રહેવાની જરૂર છે.

પરતીર્થિઓએ મદ્રુકને પૂછ્યું "અરે મદ્રુક! તમારા મહાવીર ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે છે તે તું માને છે?

મદ્રુક તો પરમ શ્રદ્ધાવાન હતો, માનતો જ હતો, શંકા [illegible], એટલે તરત કહ્યું કે: "હા! હા!! બરાબર [illegible]!!!"

[illegible] આવી બનાવટ કરવા માગતા હતા: આને [illegible] માગતા હતા [illegible] કહ્યું કે "[illegible] જાણવામાં કે જોવામાં

આવતી નથી તે વસ્તુને માત્ર મહાવીરના કહેવાથી માની લેવી તે માત્ર અંધશ્રદ્ધા છે કે બીજું કાંઈ?

વિચારો! કેવો પથરો ફેંક્યો છે! અરૂપી ન દેખાય એ સ્પષ્ટ છે, પણ આવો પથરો ફેંકાય ત્યાં આત્માને બચાવવો શું સ્હેલો છે? મંકુક તો પેલાઓને બરાબર ઓળખતો હતો. તેમની ધારણા એ બરાબર સમજી ગયો.

બરાબર વિચારી તેણે તેમને પૂછ્યું કે–"પેલા બગીચામાં ફુલો છે તેની ગંધ અહિં આવે છે તે તમો માનો છો કે નહિ?" પેલાઓ, ના શી રીતે કહે? એટલે એમને એની ગંધ આવે છે એમ કહેવું પડ્યું ત્યારે મહુક કહે છે કે "હવે એ ગંધ પણ દેખાતી તો નથી, ને? છતાં કેમ તમો માનો છો? નજરે ન દેખાતા પદાર્થો પણ અનુમાનથી સાબીત થાય તો માનવા જોઈએ. એમ તમારે માનવું જ પડશે ફુલની ગંધ દેખાતી નથી પણ નાકને સ્પર્શે છે, અનુમાનથી સાબીત થતો પદાર્થ ન દેખાય તો પણ માનવો પડે.

ફરી બીજો પ્રશ્ન પૂછે છે કે–"આ જગતનો છેડો છે ખરો કે નહિં? મહુકે જવાબ આપ્યો કે જો છેડો ન હોત તો આપણે ભેગા મળત જ નહિં. જગતની ચારે બાજુ મર્યાદા ન હોત તો ભેગા થવાનો વખત આવત જ નહિં." અનુમાનથી સાબીત થાય છે કે કોઈ પણ પદાર્થ એ મર્યાદા કરનાર છે. અનુમાનથી સાબીત કર્યા પછી આગમવાદમાં ગયા સિવાય છુટકો નથી. અનુમાનથી સિદ્ધ થયેલા પદાર્થોના ધર્મો. અને સ્વાભાવાદિનો નિશ્ચય કરવા માટે જ્ઞાનીના વચનની જરૂર પડે છે. ઈશ્વરની માફક જીવ જેવો કોઈક

પદાર્થ આ શરીરમાં છે એમ તમે અનુમાનથી સાબીત કર્યું, પણ પછી તેનો સ્વભાવ, ધર્મ, સ્થિતિ, વર્તમાન ભૂત ભવિષ્યના પર્યાયો આ સર્વ જ્ઞાનીનાં વાક્યો વિના સાબિત થતાં નથી. **અનુમાને સિદ્ધ થતા પદાર્થોનાં સ્વરૂપાદિ જાણવા માટે શ્રીસર્વજ્ઞનાં વચનોજ આધારભૂત છે!**

આ રીતે ગતિમાં મદદ કરે તે ધર્માસ્તિકાય છે, આની સાબિતી કર્યા પછી એ અનુમાન અધર્માસ્તિકાયમાં પણ લગાડો. સ્વરૂપાદિની સિદ્ધિ માટે તો સર્વજ્ઞનાં વચન ઉપરજ જવું પડે. દરીયાપારના દેશને આ તરફ રહેલાએ જોયો નથી, પણ વૃદ્ધોના કહેવાથી કે વિશ્વાસપાત્રો ત્યાં જઇ આવ્યા તેથી જાણીએ છીએ અને માનીએ છીએ. એજ રીતે અનુમાન કર્યા બાદ તેના સ્વરૂપાદિ માટે તો જ્ઞાનીનાં વચનોને અવલંબવું જ પડશે. આ સાંભળી કાલોદાયી અને શેલોદાયીને બોલવાનો ઉત્તર ન રહ્યો. તે કાળના મિથ્યાત્વીઓ પણ એટલા સારા હતા કે ઉત્તર મળ્યા પછી ચૂપ થઇ જતા.

મદ્રુક ભગવાન પાસે ગયો, વંદના કરી અને માર્ગની બીના કહી.

ભગવાને કહ્યું: "જો આડો ઉત્તર આપ્યો હોત તો વિરાધક થાત." જો આડો ઉત્તર આપે, અને પેલાઓ કહે કે–'બતાવ ધર્માસ્તિકાય ક્યાં છે?' તો બતાવાય ક્યાંથી? તેનો ઉત્તર તો તું આપત કે આપણે જોએલું સ્વપ્ન બીજાને બતાવી શકીએ તો જ સાચું ગણાય એ કોનો ન્યાય? બધા પદાર્થો દેખાડી શકાય તેવા હોતા નથી.

ભગવાને કહ્યું કે—"આડો ઉત્તર આપ્યો હોત તો વિરાધક થાત" અર્થાત્ હા! હા! દેખું છું" એમ કહ્યું હોત તો જ્ઞાનીઓનો વિરાધક થાત. કેવી રીતે ? જેમ એક સોનાની ડબી છે. તેને એકે સોનાની કહી, બીજાએ તેને પીત્તળની કહી. સોનાની કહી તેને પ્રત્યક્ષ જુઠો ન કહ્યો. પણ ડબીને પીત્તલની કહી એટલે જુઠો ઠરાવી તો દીધો જ! એજ રીતે અનંતા અરિહંત, ગણધર, શ્રુતકેવલી તથા આચાર્યોએ અરૂપી પદાર્થોનું એજ સ્વરૂપ કહ્યું છે કે છદ્મસ્થો અરૂપી પદાર્થને દેખે નહિં. હવે ત્યાં મડ્ડક હું પોતે દેખું છું એમ કહે તો અનંતા અરિહંતાદિની આશાતના થાય, વિરાધના થાય, બાહ્ય જડ પદાર્થોને માનવામાં શ્રીજિનેશ્વર દેવને વચમાં ન લાવો તો ચાલી શકશે, પણ ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થો માનવામાં શ્રી જિનેશ્વર દેવોને વચમાં ન લાવો તો ચાલી શકે નહિં. મોક્ષને મેળવી આપનાર સાધનોમાં શ્રી જિનેશ્વરને માનવાની જરૂર છે. ધર્માસ્તિકાયાદિ અરૂપી અજીવ પદાર્થો શ્રી જિનેશ્વરદેવ વગર માની શકાય તેવા નથી. એજ રીતે પાપપુણ્ય બંધાય છે. એમ સામાન્યતઃ તો બધા માને છે, પણ અઢાર પાપસ્થાનકદ્વારા પાપ થાય, ભૂત (પ્રાણિ) પ્રત્યે અનુકંપાદિદ્વારા પુણ્ય બંધાય મિથ્યાત્વ, અવિરિતિ, કષાય, અને યોગો એ મારફત જ કર્મ બંધાય, એ તમામ માન્યતા શ્રી જિનેશ્વરદેવનાં વચનોથી થાય છે અને સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી મોક્ષ મળે છે એ પણ એમનાં વચનથી જ મનાય છે.

## જ્ઞાન છે તો આવરણ છે! આવરણ છે તો દૂર કરવાના ઉપાય છે!!

સ્વરૂપના ભેદે જ્ઞાનના પાંચ પ્રકાર માનવામાં આવ્યા છે, જો જ્ઞાન પાંચ પ્રકારનાં ન હોત તો પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ પણ માનવાનાં હોત નહિ. જો જ્ઞાનને આત્માનો સ્વાભાવ માનીએ, અને તે જ્ઞાન પાંચ પ્રકારે માનીએ તો તે જ જ્ઞાનને આવરણ કરનારૂં જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારે માનવું જોઇએ. ઈંદ્રિયોથી થતું મતિ, શબ્દદ્વારા થવાવાળું શ્રુત, રૂપી પદાર્થોને જણાવનારૂં અતિન્દ્રિય જ્ઞાન તે અવધિજ્ઞાન, મનના પર્યાયોને જણાવનારૂં મનઃપર્યવજ્ઞાન અને રૂપીઅરૂપી સર્વે પદાર્થોને જણાવનાર કેવલજ્ઞાન છે, આ પાંચે જ્ઞાન આત્માના સ્વભાવમય છે, આ રીતે પાંચ ભેદ ન પડત તો પાંચ પ્રકારનું જ્ઞાન તથા પાંચ આવરણ માનવાનો વખત રહેત નહિ. સૂર્ય કે ચંદ્ર હોય જ નહિ તો તેને વાદળાં ઢાંકે છે એમ બોલવાનો વ્યવહાર કરાય જ નહિ, કેમકે કોને ઢાંકે ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારનાં જ્ઞાન ન હોત તો પાંચ આવરણો બોલવાને અવકાશ જ ન હોત. જ્ઞાનને લીધે આવરણો માન્યા છે. આત્મામાં જ્ઞાન પણ પાંચ પ્રકારનું તથા એને રોકનારના પણ પાંચ પ્રકાર છે.

આ જ્ઞાનાષ્ટકમાં જે અધિકાર લીધો છે તે સ્વરુપભેદે કરીને લીધેલા જ્ઞાનનો અધિકાર નથી. શાસ્ત્રનાં વચનો શ્રવણ કર્યા પછી પરિણતિ કેટલા પ્રકારની થાય તે જણાવવા માટે જ્ઞાનાષ્ટક છે. જેને જેને સાંભળવાને શ્રવણેંદ્રિય મળી તે તે

બાધા સાંભળે તો છે, પણ પરિણમન એ જૂદી ચીજ છે. જનાવરને તો પદાર્થ જ્ઞાન પણ નથી. અસંજ્ઞી મૂઢ છે, તે સાંભળે તો પણ તેને શબ્દજ્ઞાન કે પદાર્થજ્ઞાન પણ નથી. અહિં તો જેને પદાર્થજ્ઞાન થયું છે તેના ભેદો જણાવાય છે. જેને પદાર્થજ્ઞાન નથી થયું કે વિપરીત થયું છે તેનો અહિં વિચાર નથી.

जीवाजीवा पुन्नं, पावासवसंवरो य निज्जरणाव ।
बंधो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ॥

પદાર્થજ્ઞાન જેને થયું, તેને જીવાજીવાદિક નવ તત્વોનું જ્ઞાન છે. પદાર્થજ્ઞાનવાળા જ્યારે પરિણતિમાં જાય ત્યારે એનો તો નિશ્ચય જ હોય કે આ જીવાદિકજ તત્ત્વ છે. જગતના તમામ પદાર્થો જીવ અને અજીવ એ બેમાં આવી જાય છે. જીવવર્ગમાં કે અજીવવર્ગમાં ન જાય તેવો કોઈ પણ પદાર્થ જગતમાં નથી. પણ એ તો પદાર્થ વિભાગ છે પણ તત્વવિભાગ નથી. તત્વવિભાગ તો જીવાદિક તરીકે એટલે તત્ત્વ તરીકે વિભાગ શ્રી જિનેશ્વરદેવે જ કહેલો છે તે છે. અને તેથી जिनपन्नत्तं तत्तं કહીએ છીએ. સામાન્યતઃ તમામ આસ્તિકો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ નવ તત્વોને અર્થથી તો માને છે. ફરક ક્યાં? છોકરો પણ હીરાને હીરો કહે છે; ઝવેરી પણ તેને હીરો કહે છે. છોકરો તેનાં તોલ, તેજ, મૂલ્યાદિ જાણતો નથી, તે સમજ્યા વગર હીરો કહે છે, જ્યારે ઝવેરી તેને સમજીને કહે છે. શબ્દ તો બેય એક જ બોલે છે.

શ્રીજિનેશ્વરનાં તત્ત્વોને માનનારા જ્ઞાનીઓ સૂક્ષ્મથી માંડીને સિદ્ધ સુધીના જીવોને કેવળજ્ઞાનસ્વરૂપવાળા માને છે. જીવ કેવળજ્ઞાનસ્વરૂપ જ છે, એ શ્રીજિનેશ્વદેવના વચનથી જ મનાય. પોતે જીવ છે એ બધા જીવોને ખબર છે, પણ કયા પ્રકારનો જીવ છે તે જીવવિચારાદિક સમજેલો જ માને, એવીજ રીતે પોતે જીવ છે એમ ભલે બધા જાણે, પણ કેવળજ્ઞાનસ્વરૂપવાળો દરેક જીવ છે એમ તો શ્રીજિનેશ્વરદેવનાં વચનને જાણનારો અને માનનારો જ જાણી શકે, એમનાં વચનોને આધારે શ્રદ્ધા થાય ત્યારે તત્વની શ્રદ્ધા થઈ સમજવી તેથી નવ તથા સાતને તત્વો જણાવ્યા છે.

શ્રીજિનેશ્વરદેવે કહ્યું માટે તેને જાણીએ તે પદાર્થ જ્ઞાન: તેનો વિવેકથી વિભાગ કરીએ તે પરિણતિજ્ઞાન અને તે પ્રમાણે વર્તીએ તે આત્મસંવેદન જ્ઞાન.

# ધર્મ અને જ્ઞાનદાન

દુર્ગતિનું વારણ કરે અને સદ્‌ગતિમાં ધારણ કરે તે ધર્મ, આ ધર્મ દુર્ગતિમાં પડી ગયેલા માટે નકામો છે. પણ દુર્ગતિમાં પડવા માંડેલાને જ ધર્મ પકડી શકે છે. જો ધર્મ ન પકડી શકે તો જીવ હેઠ નીચે જાય. ધર્મ કરવામાં મહેનત પડે છે. અને અધર્મ વગર પરિશ્રમે થાય છે આ ધર્મ દાન શિયળ તપ અને ભાવ ચાર પ્રકારે છે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન કરતાં ઉત્તમ છે. અભયદાન મુદત અપાવે છે. જ્ઞાનદાન સર્વથા માફી અપાવે છે. જ્ઞાન એ નાગી સમશેર છે. નાગી સમશેર વાપરતાં આવડે તો બચાવ કરે નહિતર પોતાને પણ વગાડી બેસે. ભણાવવું માત્ર જ જ્ઞાનદાન નથી. કોળી અને ચોર પણ પોતાની ચોરીનો વારસો વારસદારને આપે છે દુનિયાદારીના નિર્વાહનું જ્ઞાન જ્ઞાનદાનથી. જેનાથી જીવાદિ તત્ત્વો સમજાય, સમ્યક્ત્વ મળે કષાય પાતળા થાય તે જ્ઞાનદાન છે.

દુનિયાના પદાર્થો ભાડૂતી ઘર જેવા છે. તેમ શરીર પણ ભાડૂતી ઘર જેવું છે. આપણે શરીરના અધિકારી છીએ. અધિકાર વખતે માણસ ભલું ન કરે તો અધિકાર ગયા પછી તેને ધિક્કાર જ મળે છે.

શરીરને પોષવા આહાર વિગેરે સાધનો માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેનો ભોગવનાર આત્મા છે. આ બધા શરીર માટેની સેવા છે. પણ સેવન પાળવાની સહના તો આત્માની છે. શરીર એ તો ગંદકીનો ગાડવો છે પણ મોક્ષમાર્ગમાં મદદગાર છે. તેથી તેની ઉપમા છે. ગાડા

શરીરની આમ તો ફુટી બદામની કિંમત નથી પણ સમ્યગ્‌દર્શન જ્ઞાન અને ચારિત્રની સિદ્ધિના સાધન તરીકે અતિ કિંમતી છે.

આ શરીર માટે આત્માને કર્મ રાજારૂપ મારવાડી શરાફ બાપ મુઆના વાયદે ધીરે જાય છે. અને સેંકડોગણું વસુલ કરે છે. એક પણ કરેલ નાની ભૂલનો સેંકડો ગણો બદલો લે છે.

બ્રાહ્મી અને સુંદરીના જીવ પીઠ અને મહાપીઠે અંતર્મુહૂર્ત ઇર્ષા કરી તેના પરિણામે તેમને મિથ્યાત્વગુણઠાણે લાવી મુકયા અને સ્ત્રીવેદ બંધાવ્યો

જ્ઞાનદાનનો ઉદ્યમ કરનારા આ ભવ પરભવમાં સુખ મેળવી કલ્યાણ સાધે છે.

दानं धर्माभिज्ञेभ्यो, वाचनादेशनादिना ।
ज्ञानसाधनदानं च, ज्ञानदानमितीरितम् ॥१॥

## પઢવાનું હોય ત્યાં ધારી રાખનારની જરૂર છે.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોને ધર્મોપદેશ દેતાં થકાં ધર્મનું લક્ષણ જણાવતાં જણાવ્યું કે ધર્મનું લક્ષણ બે પ્રકારનું છે. ૧ દુર્ગતિથી વારણ ૨ તથા સદ્‌ગતિમાં ધારણ, ધાતુની અપેક્ષાએ ધૃ ધાતુથી ધર્મ શબ્દ બન્યો છે. ને ધાતુ 'ધારણ' અને 'પાપણ' બે અર્થમાં કહેવાય છે. અર્થાત ધર્મ તેનેજ કહી શકાય કે જે ધારણ પણ કરે અને પાપણ પણ કરે.

ધારણ કોને કરે ? જેને સકર્તૃક છે તેમ છે કે ક્રિયાપદ કદી પણ કર્તા કરણ આદિ વગરનું હોય નહિં. ધૃ એટલે ધારણ કરવું ! જે ક્રિયામાં પાડવાનું હોય; પડનારી ચીજ હોય, પડવાનું સ્થાન હોય, ત્યાં ધારણ કરવાપણું હોય છે. પાડવાનાં સ્થળાદિ ન માનીએ તો ધારણ કરવાની વાત અસત્ય ગણાય. આકાશધારી રાખ્યું એમ કોઇ બોલતું નથી, કેમકે આકાશ પતન પામનારી ચીજ નથી. આકાશને કોઇ પાડતું નથી. આકાશને પડવાનું સ્થાન પણ નથી. પૃથ્વીના કંપારાથી, તોફાનના ધક્કાથી, સખત વાવાઝોડાથી કે મૂશળધાર વરસાદથી, ભીંત નબળી પડી હોય તો તેને ટેકા દેવામાં આવે છે અને તેને ત્યાં ધારી રાખેલ છે એમ કહેવાય છે ત્યાં પડવામાં કારણ–કરણ વાયરો વરસાદ વગેરે છે, પડનાર ભીંત છે. પડવાનું સ્થાન જમીન છે. આ બધું હતું તો ત્યાં 'ધારી રાખી' એમ કહી શકાયું. અહિં પણ ધારી રાખે તે ધર્મ કહીયે છીયે માટે ત્યાં આ બધું વિચારવું. વસ્તુના સ્વભાવને પણ ધર્મ કહેવામાં આવે છે. પણ પર્યાયાર્થ કે રૂઢ અર્થ છે પણ વ્યુત્પત્તિથી 'ધારી રાખે તે ધર્મ' એવોજ અર્થ થાય છે. પડવાનું સ્થાન હોય તોજ ત્યાં પાડવાનું હોય અને પડતાં પકડી રખાય, ધારી રખાય, અટકાવાય.

दुर्गतिप्रपतज्जंतुधारणाद् धर्म उच्यते।

દુર્ગતિમાં પડી રહેલા જીવોને, એટલે પડતા જીવોને ધારી રાખે તે ધર્મ કહેવાય જ્યાં સુધી જીવ દુર્ગતિમાં પડતો હોય કે પડવાનો સંભવ હોય ત્યાં સુધી ધારી રાખવાનું બને છે. મનુષ્ય નાંદો હોય ત્યારે છેલ્લા નંબર સુધી

પણ વૈદ કે ડાકટરોના ઉપાય ચાલે: પણ મરી ગયા પછી ગમે તેવા નિષ્ણાત વૈદ્ય, ડાકટર, હકીમ હોય કે તેમનાં ઉંચામાં ઉંચાં ઓષધો, ઇન્જંકશનો હોય પણ બધાં વ્યર્થ થાય છે. એજ રીતે જીવ દુર્ગતિમાં ગબડી ગયો પછી ધર્મનું કાંઇપણ ચાલતું નથી: પડતો હોય ત્યાં સુધીજ ચાલી શકે છે, માટે 'પ્ર' ઉપસર્ગ મૂકવો પડયો છે. એટલે 'દુર્ગતિમાં પડવા માંડેલા' એવો તેનો અર્થ છે. નજીકમાં પડી રહેલાને જો કે 'પડતો' કહી શકાય. કેમકે વર્તમાનકાલના પ્રત્યયો નજીકના ભૂત અને ભવિષ્ય કાલમાં પણ વાપરી શકાય છે. પણ 'પ્રપતત્' શબ્દમાં 'પ્ર' ઉપસર્ગ કહેવાથી 'પડવા માંડેલા' એટલે પડી રહેલા એમ કહેવાનો આશય છે: વળી તેથી પડવાનું સ્થાન પણ સિદ્ધ થાય છે. કેમકે સ્થાન વિના પડે ક્યાં? જેમ મરેલા જીવ માટે ઓષધો નકામાં છે, તેમ નહિં જન્મ પામેલા બાલક માટે પણ વૈદ્યો ઓષધ મંગાવે તે નકામાંજ છે 'તે રીતે દુર્ગતિમા પડેલા (પડી ગયેલા) તથા ભવિષ્યમાં પડવાવાળા માટે પણ ધર્મ નકામો છે. પણ પડવા માંડેલા જીવને ધર્મ ટકાવે છે. ભીંતમાં ફાટ પડી હોય, ભીંત પડવા માંડી હોય, ત્યારે થાંભલાના ટેકાથી ટેકવીએ છીએ. આ જીવ દુર્ગતિમાં ગબડવા માંડે તો તેને તે વખતે ધારણ કરી રાખનાર ધર્મ છે. હવે વ્યુત્પત્તિ વાસ્તવિક છે કે કેમ? તે જોઇએ.

## પતન તો ચાલુ છે: મુશ્કેલી ચડવામાં છે?

'વાંઝણીનો છોકરો જાય છે' અથવા 'આ તોરો આકાશના ફૂલનો છે' આ રીતે વાકયો બોલી તો શકાય, પણ

ગણાય ગપાટાં. કેમકે પુત્ર હોય તો વાંઝણી શેની ? વાંઝણી કહી ત્યારથી પુત્ર ક્યાંથી ? આકાશને ફુલ કેવાં ? તેજ રીતે 'આ જીવ દુર્ગતિમાં પડેલો છે એમ માનવું શાથી ?' એમ પ્રશ્ન થઇ શકે છે. ગતિ બે પ્રકારની છે. સદ્‌ગતિ અને દુર્ગતિ જીવ દુર્ગતિમાં પડી રહ્યો છે તે શાથી માનવું ? જીવ કર્મોના બંધનોથી બંધાએલો છે. જે જીવ મિથ્યાત્વમાંજ માચેલો હોય, અવિરતિને વરેલો હોય, કપાયોથી ધૂંધવાતો હોય, તે દુર્ગતિ વિના બીજે ક્યાં જવાનો ? જો તેવાઓ સદ્‌ગતિમાં જશે તો દુર્ગતિ કોના માટે ? જેણે ધર્મ પ્રાપ્ત ન કર્યો તેનામાટે દુર્ગતિ નિશ્ચિતજ છે. ભારે વસ્તુ પડવા માંડી તેને અટકાવનાર ન મળે તો તે ઠેઠ જમીન ઉપર પડવાનીજ: અફળાવાનીજ: ટીચવાનીજ ! જમીન ઉપર આવવું. ગબડવું એ તો સ્વાભાવિક છે. વાતાવરણજ એને નીચે લાવે છે: રોકવામાંજ મહેનત છે. આ જીવ મિથ્યાત્વ, અવિરતિ, અને કપાયના વાતાવરણથી દબાયો છે: ભારે થયો છે. એને ધારણ કરનાર ન મળે તો દુર્ગતિમાં પડવાનોજ ! ભારે વસ્તુને નીચે ઉતરવામાં અને પડવામાં મહેનત નથી, વિશેષ સમય લાગતો નથી. ઉપરથી પડે કે પણ નીચે ! કર્મોથી ભારે બનેલા આ જીવને દુર્ગતિમાં જવું એ તો સ્પષ્ટ છે: તેમાં ઉપદેશ કે પ્રેરણાની કાંઇ જરૂરી નથી: સુજ્ઞોને એને માટે ઉપદેશ કે પ્રેરણા હોય પણ નહિં. ઉપદેશની કે પ્રેરણાની જરૂર હોય તો તે માત્ર ધર્મ કરવા માટેજ છે. જીવને ધર્મ કરાવવો હોય ત્યારે મુંઝવણ થાય છે: શરીરને, વચનને, મનને, બધાને જોર પડે છે. અધર્મ કરવા તો

## નાસ્તિક પણ મોતને માનવામાં આસ્તિક છે.

દુનિયામાં સદ્‌ગતિ અને દુર્ગતિ માટે, પરલોક હોવા માટે, મોક્ષના અસ્તિત્વ માટે, સ્વર્ગ નરકાદિ ગતિ માટે, જો કે બે મત છે, પણ જગતભરમાં મોતને માટે તો ઢોલ વગાડીને એકજ મત છે એમ કહેવાય. જો કે નાસ્તિક બીજું બધું નથી માનતો, પણ મોતને માન્યા વિના તેનો પણ છૂટકો નથી. આખી જિંદગી ધસપછાડા કરીને મેળવેલાં ધન ધાન્યાદિ પણ અહિં મેલીનેજ મરવું પડે છે, એમ તો નાસ્તિક પણ નજરે નજર નિહાળતો હોય છે અને તે સ્વીકારે છે જ્યારે બધું મેલીનેજ જવું છે તો આ આરંભ, સમારંભ, પરિગ્રહ, કુડકપટ, પ્રપંચ, લોભ વગેરે શા માટે? જીવનની જરૂરિયાત કેટલી? ખોરાક પોષાક પૂરતું ન મળે એમ નથી, તો વધારા માટેજ ધમાલ છે ને? તે વધારો કોના માટે? પુત્રાદિ માટેને! છોકરા માટે છોલાવાનું પણ કબુલ છે ને! સંસારની માયામાં જેમ વધારે લપટાશો તેમ વધારે નીચે ઉતરવાનું છે. ગબડવાનું છે. સ્ત્રી, પુત્ર, માબાપ કે કોઇપણ હોય, ગમે તેની પ્રત્યે માયાથી લેપાણા, તો એ દુર્ગતિમાં પડવાનું તો નક્કીજ છે, દુર્ગતિમાં પડતાં બચાવી રાખે, સ્વર્ગ કે મોક્ષમાં ધારણ કરી રાખે તે ધર્મ. ધર્મ સદ્‌ગતિને આપનારો એમ ન કહ્યું, પણ દુર્ગતિથી બચાવનારો કહ્યો. કારણકે દુર્ગતિમાં પડતો રોકાયો એટલે સદ્‌ગતિ સ્પષ્ટજ છે. ધર્મ સ્વર્ગ (દેવલોક) તથા અપવર્ગ (મોક્ષ) બન્નેને આપનાર છે. સમ્યગ્દષ્ટિ આત્મા વૈમાનિક દેવલોક સિવાયનું આયુષ્ય બાંધે નહિ. જે દેવલોકના રસ્તા તેજ

મોક્ષના રસ્તા છે અને જે મોક્ષના રસ્તા તેજ દેવલોકના રસ્તા છે!

## જ્ઞાનદાનની વિશિષ્ટતા!

ज्ञानदानेन जानाति जंतुः स्वस्य हिताहितम् ।
वेत्ति जीवादि तत्त्वानि, विरतिं च समश्नुते ॥

ધર્મના ચાર ભેદ કહ્યા છે. ૧ દાન. ૨ શીલ. ૩ તપ. ૪ ભાવ. દેવું તે દાન એમ જગત્‌માં પ્રસિદ્ધ છે, પણ શાસ્ત્રકાર ત્યાં'ના' કહે છે. કોઈને ઝેર દેવાય તો તે ધર્મ નથી. ગાય પાટુ (લાત) દે (મારે) ત્યાં ધર્મ ? જ્ઞાન દાન, અભયદાન તથા ધર્મોપગ્રહદાન એ ત્રણેનું દાન તેજ દાનધર્મ તેમાં અભયદાન તો માત્ર મુદત અપાવે છે. પણ માફી નથી અપાવતું. જેને અભયદાન અપાયું તેને અમરપટો નથી મળતો. મોત જલદી થતું હતું તે વખતે તેને બચાવ્યો, પણ સર્વથા બચાવ અભયદાનથી થતો નથી. જ્ઞાનદાન સર્વથા માફી કરાવે છે. અભયદાન કર્મ તોડાવતું નથી, જ્ઞાન તેનાં કર્મ તોડાવે છે. યાવત્ મોક્ષ મેળવાવી અમરપટો જ્ઞાનજ અપાવે છે. પંચેંદ્રિયમાં દેવતા ચ્યવી (મરી) દેવતા થતા નથી. નારકી આપણા મારવાના વિષયમાં નથી. એટલે મનુષ્ય અને તિર્યંચ માટે મુખ્ય પ્રવૃત્તિએ અભયદાન છે. અભયદાન છે. સારૂં, શાતાવેદનીયનું કારણ છે, છતાં જેને અભય આપવામાં આવે છે તેને અમરપટો મળતો નથી. જ્ઞાનદાનમાં અમરપટો અપાવવાનું સામર્થ્ય છે. પરંતુ જ્ઞાન એ નાગી શમશેર છે. વાપરનાર વિવેકી હોય, બાહોશ હોય તો શત્રુને

સંહારે પણ જો તે દારૂડીયો હોય અગર બેહોશ હોય તો નિ
શત્રુને અને પોતાને પણ કાપે ? સોનેરી ટોળીવાળા જુ
રીઓ મૂર્ખા હોતા નથી. માજીસ્ટ્રેટનાં મગજ ખાઈ જાય ?
તેનામાં તેવું અનર્થકારક પણ જ્ઞાન છે તથા જેઓ ધર્મના
રસ્તે જોડાય છે તે પણ જ્ઞાનથીજ જોઈ શકાય છે.

કયા જ્ઞાનદાનને ધર્મરૂપ કહેવાય ? કુતરી પણ બચ્ચો-રીયાને તેના ખપનું જ્ઞાન આપે છે. વાઘરી, કોળી, જુગારી અને ચોર પણ પોતાની કલા પોતાના વારસોને શીખવે છે, તો શું તેમને આપણે જ્ઞાનદાન આપનારા કહેવા ? દુનિયાદારીના નિર્વાહ માટે, અને વિષય-કષાયની પુષ્ટિ માટે અપાતા જ્ઞાનના દાતા જો જ્ઞાનદાતા છે. તો તો પછી ધર્મના ઉપદેશની કાંઈ જરૂર **નથી**. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, આત્મા, અને કર્મ વગેરેનું સ્વરૂપ જે જણાવાય તેનું જ નામ જ્ઞાનદાન છે. આત્માના ઉદયને માટે, તેના કલ્યાણને માટે, અપાતું જ્ઞાન તેજ જ્ઞાનદાન છે. મિથ્યાત્વને હઠાવનારૂં, સમ્યક્ત્વ તરફ દોરનારૂં, કષાયોનો નાશ કરનારૂં જે જ્ઞાન અપાય, તેમજ ધર્મના અજાણને ધર્મ સમજાવાય તેજ જ્ઞાનદાન છે. તેથી વ્યાવહારિક જ્ઞાનને જ્ઞાનદાન કહેવાય નહિં. દેશનાથી કે પુસ્તકોથી ધર્મનું જ્ઞાન દેવાય તે પણ જ્ઞાનદાન! ધાર્મિક જ્ઞાનનાં સાધનો અપાય તેનો પણ જ્ઞાનદાનમાજ સમાવેશ થાય છે.

## તમામ સગવડવાળું છતાંયે ઘર છે ભાડાનું !

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ મહારાજા શ્રીમદ્ હેમચંદ્રસૂરીજી, ભવ્ય જીવોને ધર્મોપદેશ કરતા થકાં

પ્રથમ સૂચવી ગયા કે દુર્ગતિથી આત્માને જે બચાવે તેને ધર્મ કહેવામાં આવે છે; આ લક્ષણથી ધર્મનું અદ્વિતીયપણું જણાવ્યું. આ દુન્યવી પદાર્થો, ભોગો અને તેનાં સાધનો, પૈસો ટકો, સ્ત્રી પુત્ર પરિવાર, વાડી વઝીફા, બાગ બગીચા, માળા મહેલાત, વગેરે જેની જેની ઇચ્છા કરીએ છીએ. તેને મેળવવા તનતોડ પ્રયત્ન કરીએ છીએ, અને ! તે પદાર્થો મળ્યા પછી તેના રક્ષણાર્થે ચોકી પહેરા ગોઠવીએ છીએ. મળેલાનો નાશ ન થાય બલ્કે વૃદ્ધિ થાય તે માટેના પણ સતત પ્રયત્નો કરીએ છીએ પણ, તે તમામ પદાર્થો ભાડાના ઘર જેવા છે. ભાડાનું મકાન ખુબ સુંદર હોય, છેલ્લામાં છેલ્લા જમાનાની તમામ સગવડવાળું હોય, અનુકૂલતા માત્ર તેમાં હોય, પણ ભાડું ભરીએ ત્યાંસુધી તેમાં રહી શકાય. ભાડું ભરવાનું બંધ થાય એટલે ત્યાંથી નીકળવુંજ પડે છે. ભાડાના ઘરની મોજ ભાડું ભરીએ ત્યાંસુધી બરી, પણ પછી પળવાર ટકી શકતું નથી. તેમ આ શરીરરૂપી મકાનમાં કે પેઢીમાં આપણે ભાડુત તરીકે પ્રવેશેલા છીએ. ગમે તેટલા દ્રવ્યાદિ પદાર્થોને ઇચ્છીએ, મેળવીએ, ભોગવીએ, સાચવીએ, વધારીએ, તેનો નાશ ન થાય માટે કટિબદ્ધ રહીએ, પણ તે બધાનો સંબંધ ક્યાં સુધીનો ? પેઢી ઉપર હોય ત્યાંસુધી મુનીમ તમામ કામ કરે, પણ રજા દે પછી કેટલો સંબંધ ? કોટીધ્વજનો મુનીમ હોય, અરે ! સૂબો હોય, વાઇસરોય હોય, પણ અધિકારથી ખસી જાય પછી સત્તા કેટલી ? અધિકારપદે સ્થિત હોય ત્યાં સુધી ઓર્ડીનન્સો પણ ચલાવે, ધાર્યું કરે, પણ ખસ્યા બાદ તેનું કોઇ સાંભળે

કરવી પડે છે. આહાર, શરીર, ઈંદ્રિઓ, વિષયો અને તેના સાધનો માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેનો જોખમદાર કોણ? કર્મરાજા પાસેથી આહારાદિ માટે લેવાની પાપરૂપ લોનની જવાબદારી કોની? આત્માની! કારણ કે કર્મને ભોગવનારો આત્મા છે. ફલ શરીરને થાય અને જવાબદારી જીવની છે. જે શરીરને અંગે લોન કઢાવીએ છીએ તે કેવલ ચામડીયાનું ઘર છે તેમાં ચામડાં, હાડકાં, માંસ, ચરબી, અને લોહીજ ભર્યું છે. લોન કેવા પ્રદેશ માટે લેવી? બ્રીટીશ સરકાર પણ સહરાના રણ માટે લોન કઢાવતી નથી, નીપજ વિનાના પ્રદેશ માટે લોન કઢાવવામાં ચોકખું દેવાળુંજ છે, આત્મા રૂપી સરકારની આ કાયા એ ચોકખી મ્યુનીસિપાલિટીની મેલાની ગાડીજ છે. તેનું ઢાંકણું ખોલે ત્યારે શું થાય? ઓપરેશન વખતે જે દેખીને સગાવહાલાંને પણ ચીતરી ચઢે છે, અને ઉભાં નથી રહી શકાતું તે શાથી? અત્યારે તો એ લોહી વગેરે ચીજો ઢાંકણાથી ઢંકાયેલી છે તેથી માલુમ પડતી નથી, પણ શરીરની અંદર શી ચીજ છે તે તો ખ્યાલમાં લેવું જોઇએને!

## ગંદકીના ગાડવારૂપ કાયાની કિંમત કલ્યાણ માર્ગે વાળવામાંજ છે!

જો શરીર એ ગંદકીનો ગાડવોજ છે તો પછી તેની ઉત્તમતા કેમ કહેવામાં આવે છે? શહેરનાં રક્ષણ માટે ફરતી ખાઇઓ ખોદાય છે. તે ઉંડી હોય છે, પણ તે છે તો જરૂરી ખાઇઓ કાંઇ ઉંડા ખાડા માટે જરૂરી નથી, પણ શહેરના રક્ષણ માટે જરૂરી છે. ખાઇ ખોદવાથી જગ્યા રોકાય છે.

કરવી પડે છે. આહાર, શરીર, ઈંદ્રિયો, વિષયો અને તેના સાધનો માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેનો જોખમદાર કોણ? કર્મરાજા પાસેથી આહારાદિ માટે લેવાની પાપરૂપ લોનની જવાબદારી કોની? આત્માની! કારણ કે કર્મને ભોગવનારો આત્માછે. ફલ શરીરને થાય અને જવાબદારી જીવની છે. જે શરીરને અંગે લોન કઢાડીએ છીએ તે કેવલ ચામડીયાનું ઘર છે તેમાં ચામડાં, હાડકાં, માંસ, ચરબી, અને લોહીજ ભર્યું છે. લોન કેવા પ્રદેશ માટે લેવી? બ્રીટીશ સરકાર પણ સહરાના રણ માટે લોન કઢાડતી નથી, નીપજ વિનાના પ્રદેશ માટે લોન કઢાડવામાં ચોકખું દેવાળુંજ છે, આત્મા રૂપી સરકારની આ કાયા એ ચોકખી મ્યુનીસિપાલિટીની મેલાની ગાડીજ છે. તેનું ઢાંકણું ખોલે ત્યારે શું થાય? ઓપરેશન વખતે જે દેખીને સગાવહાલાંને પણ ચીતરી ચડે છે, અને ઉભાં નથી રહી શકાતું તે શાથી? અત્યારે તો એ લોહી વગેરે ચીજો ઢાંકણાથી ઢંકાયેલી છે તેથી માલુમ પડતી નથી, પણ શરીરની અંદર શી ચીજ છે તે તો ખ્યાલમાં લેવું જોઇએને!

## ગંદકીના ગાડવારૂપ કાયાની કિંમત કલ્યાણ માર્ગે વાળવામાંજ છે!

જો શરીર એ ગંદકીનો ગાડવોજ છે તો પછી તેની ઉત્તમતા કેમ કહેવામાં આવે છે? શહેરનાં રક્ષણ માટે ફરતી ખાઈઓ ખોદાય છે. તે ઉંડી હોય છે, પણ તે છે તો જરૂરી ખાઈઓ કાંઈ ઉંડા ખાડા માટે જરૂરી નથી, પણ શહેરના રક્ષણ માટે જરૂરી છે. ખાઈ ખોદવાથી જગ્યા રોકાય છે.

બચાવ છે, પણ ભૂલને ભૂલ જ ન માને તો ? કર્મરાજાની આવી વિષમતા છતાં આ ચામડીયાના ઘર ઉપર તાગડધીન્ના કરવા માટે આપણે પરભવમાં ક્લેશ ભોગવવાની જવાબદારી વહોરવી તે સહરાના રણ ઉપર લોન લેવા જેવું છે દુનિયાના બાહ્ય પદાર્થો માટે આત્મા જવાબદારીઓ તો ઉઠાવેજ જાય છે, પણ સરવાળે તો શૂન્ય ! શરીરમાંથી નીકળતી વખતે બધું અહિંજને ! પરભવ જતાં એક પણ ચીજની માલીકી છે ?

આ જીવને સાચું જ્ઞાન થયું નથી માટે તેની આ સ્થિતિ છે. અને એટલા માટે શાસ્ત્રકાર મહારાજા દાનધર્મમાં જ્ઞાનદાનને પ્રથમ સ્થાન આપે છે. ધર્મને ન જાણનારને દેશના આપીને કે પુસ્તકથી શુદ્ધ સમજણ રૂપ સમ્યગ્જ્ઞાનનું દાન દેવું તે જ્ઞાનદાન અને ઉત્કૃષ્ટ દાન છે. જગતની ચાકરી (દુનિયાદારીનાં જ્ઞાનથી કે વિજ્ઞાનથી) જગતના પદાર્થો જણાવનારા થાય છે પણ આ જ્ઞાનદાન તો આત્માને અતીન્દ્રિય પદાર્થો બતાવે છે. પરોક્ષ છતાં પ્રત્યક્ષની જેમ સાક્ષાત્કાર કરાવે છે. જગત તરફ ઝુકાવનારૂં જ્ઞાન જગત ભલે જાણી લેય તો પણ આત્મા તરફનું જ્ઞાન ન મળે ત્યાં સુધી આત્માનો ઉદ્ધાર થાય નહિં. આત્માનું હિતાહિત, [illegible] ની ઓળખાણ, નિર્જરાનો લાભ, આશ્રવનું [illegible] એ બધું જ્ઞાનદાનથી જણાય છે, માટે જ્ઞાનદાન પ્રથમ [illegible] જ્ઞાનદાન દેનારો પોતે કેવળ જ્ઞાન મેળવી [illegible] છે, અને તે [illegible]નો અધિકારી બને છે. [illegible] છે અને તેમાં પણ જ્ઞાનદાન મુખ્ય [illegible] આ ભવ પરભવમાં [illegible] વિરાજમાન [illegible]

# ધર્મનો પાયો

## યાને

## ચાર ભાવના

[ અનાજ વિના ભૂખે મરાય; પાણી વિના તરસ ન
છીપે ? પણ ધર્મ વિના કશું અટકતું નથી. આંબાની કેરી
પાંદડાં બધાં ભલે કામમાં આવતાં હોય; મૂળીયાં કામમાં ન
આવતાં હોય છતાં મૂળીયાં વિના કેરી પાંદડાં ટકવાના નથી
તેમ ધર્મ વિના ધન વિગેરે કાંઈ ટકવાનું નથી.

તિર્યંચો કરતાં પણ માનવજીવનમાં વિષયોની મોંઘવારી
છે. માનવજીવની ઉત્તમતા કાર્યાકાર્યની વિવેકતાને લઈને છે.

સૌને ધર્મી થવું ગમે છે પણ ધર્મ કરવો નથી

આથી શબ્દપ્રીતિ છે પણ પદાર્થપ્રીતિ નથી.

મૈત્રીભાવનાના ચાર પગથાર છે. ૧ કોઈપણ પાપ
કરો. ૨ કોઈ પણ દુઃખી ન થાઓ. ૩ દરેક મિત્ર
સ્વરૂપવાળા થાઓ. બીજાના દુઃખનો નાશ કરવાની
તે કરુણા. બીજાના સુખમાં આનંદ તે મુદિતા છે.
ભાવના ગાગરવૃત્તિ રાખવી તે છે. ]

परहितचिंता मैत्री परदुःखविनाशिनि तथा करु
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥ १ ॥

ધર્મ એ જીવન-ધન-શરીર અને કુટુંબાદિ
પણ આદરણીય અને જરૂરી ચીજ છે.

સારૂં ગણવું કે જ્યાં ઈંદ્રિયના વિષયો વગર મહેનતે પ્રાપ્ત થાય છે. વળી મનુષ્યપણામાં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જુઓ મનુષ્યપણામાં એક બાયડી માટે કેટલા બંધનમાં બંધાવું પડે છે ? રાજાનું લેણું હોયતો અમુક મુદતની કેદ, પરંતુ બાયડીના લેણાની મુદત નહિં; તેમાં તો જીંદગી સુધી કેદખાનું ભોગવવાનું. બાયડી ભરણ પોષણની ફરીયાદ માંડે તો પ્હેલી એક મહીનાની કેદ, ફેર બીજા મહીને ભરણ પોષણ ભરપાઈ ન કરે તો બીજા મહીને કેદ, તેમ જ્યાં સુધી ભરણ–પોષણનું લેણું ન ભરે ત્યાં સુધી કેદખાનામાં રહેવું જ પડે. એટલુંજ નહિં, પરંતુ સો હજાર રૂપીયા કમાતી પણ હોય છતાં પણ આદમીએ ભરણપોષણ આપવુંજ જોઈએ. ઈંદ્રિયોના વિષયો મનુષ્યપણામાં એટલા બધા મોંઘા છે. ત્યારે તિર્યંચપણામાં બાયડીનું બંધન નથી. કશી જવાબદારી નથી. માટે વિષયની અપેક્ષાએ મનુષ્યપણું જો ઉત્તમ માનતા હો તો વિધાતાને શ્રાપ આપજો કે કયાં મને મનુષ્ય બનાવ્યો ? આ કરતાં તિર્યંચ કે રાજાના ઘેર કુતરો બનાવ્યો હોત તો રાણીના ખોળામાં બેસી બધા વિષયો મફત ભોગવત. તત્ત્વજ્ઞોએ વિષયો માટે મનુષ્ય જીંદગી ઉત્તમ માની નથી પરંતુ ધર્મ અને વિવેક માટે મનુષ્યમાંજ સ્થાન છે, અને વિવેકદશા કે ધર્મને તે તિર્યંચ કે અન્યગતિમાં સ્થાન નથી. ધર્મ કરવાનું સ્થાન જો હોયતો માત્ર મનુષ્યપણામાંજ છે કારણકે વિવેક અથવા ધર્મ તે મનુષ્ય જીંદગીમાંજ છે.

વળી ઈંદ્રિયોના વિષયોના વિવેક જાનવરો પણ સારી રીતે કરે છે, કીડી ગળ્યો સ્વાદ હોય ત્યાં જાય છે, કરીયાતાના પાણી ઉપર કીડી ચડતી નથી. ગધેડું પણ પેસાબ

ફળ વિગેરે થયેલાં છે તેમ અહીં પણ ધર્મના પ્રભાવેજ બધું મળેલું છે. અહીં તો ધર્મની જરૂરીઆતજ ઉત્તરમાં જવાબ દેનાર છે તો હવે ધર્મ કહેવો કોને? ધર્મ શબ્દ જગત્માં દરેકને વહાલો છે. કેટલીક વખત કેટલાકોને શબ્દ પ્રીતિ થાય છે, પણ પદાર્થ પ્રીતિ થતી નથી. લાખ માણસોમાં કુસુંપ વહાલો છે એમ કોઇ નહિ કહે. સંપ શબ્દ બધાને વહાલો છે પણ સંપનાં કારણો ક્યાં તથા તે કારણોનો અમલ તું કેટલો કરે છે? તે કોણ વિચારે છે? સંપના કારણો ત્રણ છે. બીજાને ગુન્હાની માફી આપ, તું બીજાના ગુન્હામાં ન આવ એટલે બીજાની માફી માગવાનો વખત ન લાવ, બીજાને ઉપકાર કરવાનો વખત આવે તો પરોપકાર કરતાં ન ચુકીશ. કારણકે ગુન્હાની ગાંઠ વાળે. બીજાના ગુન્હામાં આવે, પરોપકાર ન કરે અર્થાત્ બીજાનાં કાર્યો ન કરે, તે સંપ ન રાખી શકે. તેને સંપ શબ્દ વહાલો છે, પણ સંપ-પદાર્થ વહાલો નથી, માફી આપવી, નુકશાન કર્યું હોય તે જતું કરવું, ગમ ખાવી, તે કેટલી મુશ્કેલ છે! માટે સંપ શબ્દની પ્રીતિ આખા જગત્માં છે, પણ સંપપદાર્થ પર પ્રીતિ જોઇએ તો તે મુશ્કેલ છે. તેમ ધર્મશબ્દ પણ આખી દુનીયાને વહાલો છે. પોતાને કોઇ ધર્મી કહે તો રાજી થવાય છે. પોતે અધર્મી હોય છતાં કોઇ અધર્મી કહે તો તે બીલકુલ પોતાને પસંદ પડતું નથી, અર્થાત્ સહુ કોઇ પોતાને ધર્મીમાં ખપાવવાની જ ઇચ્છા રાખે છે.

કોઇક વખત શ્રેણિકમહારાજની રાજસભામાં અધિકારિઓની વચ્ચે વાતચીતમાં વાત ચાલી રહી કે–આજ કાલ

અધર્મીઓ બહુ બધી ગયા છે. અભયકુમાર પણ સભામાં બેઠેલા હતા. પણ તે વિચાર કરવા લાગ્યા કે—આ પોતે પાપીઓ છતાં ધર્મીઓમાં ખપવા માંગે છે. આનો અર્થ એક જ છે કે એક બાઇએ ચાલાકીથી પોતાના ધણીને મધુરવાણીથી ગાળ દીધી હતી. તેના જેવું છે. એક વખત કોઇક બાઇના ધણીને ખરાબ સ્વપ્ન આવ્યું. જાગ્યો, સવારે એ સ્વપ્ન વારંવાર યાદ આવવાથી તેના ચહેરા પર ઉદાસીનતા જણાઇ. ઘણા આગ્રહથી સ્વપ્નાની વાત સ્ત્રીને જણાવી કે હું સ્વપ્નામાં રંડાયો. સ્ત્રી કહે—ખમા તમને, તમે શું કરવા રંડાવ, હું ન રંડાઉં. અર્થાત્ ધણીને મરવાનું જણાવ્યું. તેમ આ જગતમાં-અધર્મ તથા પાપ બહુ વધી ગયું છે એમ કહે છે. પણ પોતાના આત્મામાં પાપ અધર્મ બહુ વધી ગયા છે તેમ ગણવા કે માનવા કોઇ તૈયાર નથી. આ લોકો પોતે ધર્મિમાં ઘુસી જવા માગે છે, અને દુનીયાને પાપી ઠરાવા માગે છે. સત્ય માટે ઉપાય યોજ્યો. અભયકુમારે નગર બહાર બે મ્હોટા મહેલ કરાવ્યા. એક ધોળો મહેલ અને બીજો કાળો મહેલ. પછી ગામમાં જાહેર કરાવ્યું કે અમુક દિવસે આખા નગરના તમામ લોકોએ નગર બહાર ઉજાણી જવું. અને ધર્મીઓએ સફેદ મહેલમાં અને પાપીઓએ કાળા મહેલમાં દાખલ થવું. ત્યાં નગરનો મોટો ભાગ સફેદમહેલમાં ઘુસી ગયો. કાળામહેલમાં માત્ર કોઇકજ ગયું. કેમકે ધર્મશબ્દ બધાને વહાલો છે પરંતુ ધર્મપદાર્થ કોઇને વહાલો નથી. અર્થાત્ શબ્દપ્રીતિ છે, પદાર્થ પ્રીતિ નથી.

## પદાર્થપ્રીતિના ત્રણ પાયા.

ગુન્હાની માફી આપે, ગુન્હાને રસ્તે ન ચાલે અને

પરોપકાર કરતાં ન ચૂકે. ધર્મશબ્દના પ્રેમવવાળી આખી દુનીયા છે, પણ ધર્મ પદાર્થ જેના હૃદયમાં રમી રહ્યો છે તેના અંતઃકરણમાં તો ચાર વસ્તુ રમેલી હોય. એ ચાર વસ્તુ કઈ? સવારના પહોરથી રાત સુધીમાં એકજ રટવું જોઈએ કે મેં બીજાને ફાયદો કયો કર્યો! પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે, પોતાનું કરવ.માં ધર્મની છાયા નથી, શત્રુ હો કે મિત્ર હો, સ્વજન હો કે પરજન હો, એકજ ધારણા રહે કે બીજાનું હિત કેમ થાય! જ્યારે આવું અંતઃકરણ થાય ત્યારે સમજવું કે ધર્મનો પ્રથમ પાયો થયો. મ્હારે મ્હારૂં જીવન બીજાનું હિત કરવાદ્વારાએ જીવવું, બીજા દ્વારા પણ જગતના જીવોનું હિત થાઓ, તેવા એકલા શબ્દો નહિં પણ સાથે સાથે ત્રણ વાત જોડે સમજવાની છે. તે આ मा कार्षीत् कोऽपि पापानि मा भूयात् कोऽपि दुःखितः मुच्यताम् जगदप्येषा मतिः मैत्री निगद्यते ॥ १ ॥

આ મૈત્રીભાવના છે. ખુન કરનાર પોતે પોતાનો ગુન્હો છેવટ સુધી કબુલતો નથી, પોતાના કરેલા દોષો મ્હોઢેથી બોલવા તૈયાર નથી, દરેક મનુષ્ય વચનથી શાહુકાર થવા માગે છે, દરેક જીવ પાપ અને પાપકાળથી દૂર રહો તેમ કહે છે. જો કે ધર્મનીતિ અને રાજનીતિ આ બેમાં ફરક છે. ગુન્હા ન થવા માટે રાજનીતિ છે. તે ગુન્હા રોકવા પ્રયત્ન કરે છે અને ગુન્હા કરનારને શિક્ષા કરે છે. ધર્મનીતિ બહિર નજર રાખવા કહે છે. વર્તમાનકાળના ગુન્હા રોકવા જાઓ છો. પહેલા ભવના પાપથી રોગી અને દરિદ્ર હોય છે તેવાઓ જુના પાપી છે. તેને શિક્ષા કરીએ છીએ તે વર્તમાનના પાપી. પેલા

જુનાપાપી, ધર્મ તે માટે કહે છે. કે પાપ થઇ ગયું હોય તો પણ શુભપરિણામ તપસ્યાથી તે પાપ તોડનાર તમો થાઓ, પણ દુઃખ ભોગવી તોડવાવાળા ન થાઓ, આ બીજી મૈત્રીભાવનાની શ્રેણી, પાપ કર્યું હોય તે પાપ બીજી રીતે દૂર કરનાર થાવ દુઃખ ભોગવનાર ન થાઓ. આ પછી આખું જગત પાપ મુક્ત થઇ ચિદાનંદસ્વરૂપી થાવ. એમ ધારવું. આ મૈત્રી ભાવનાના ત્રણ પગથીયાં છે. કોઇ પણ પાપ ન કરો ? કોઇ પણ દુઃખી ન થાઓ ૨ અને દરેક ચિદાનંદ સ્વરૂપવાળા થાઓ ૩ આ.વો જે વિચાર હોય તે ધર્મના પ્રથમ પગથિયામાં ગણાય. બીજાનું હિત કરવું તેજ પોતાનું હિત ગણાય. જે નાતમાં સમજુ શેઠીયો હોય તે સમજે કે નાતની શેઠાઇ એ મ્હારી શેઠાઈ છે. પારકી બેટી ઘેર લાવી ઘર સોંપવું છે, ઘરની બેટીને પારકે ઘેર સોંપવી છે. જો આખી નાત સારી કરી હશે તો ઘેર સારી વહુ આવવાની છે. આખી નાત સારી કરી હશે તો પોતાની છોકરી સુખી થવાની છે. એમ અહીં આખા જગતનું હિત વિચાર્યું એટલે પોતાનું હિત તેમાં સમાએલું જ છે,

બીજી ભાવાનમાં परदुःखविनाशिनी तथा करुणा બીજાઓ દુઃખી ન થાવ. પણ દુઃખી થયા એનું શું ? આ જગતના તમામ જીવો જન્મ, જરા, મરણ, આધિવ્યાધિ, અનિષ્ટ સંયોગ ઇષ્ટવિયોગ વગેરેથી હેરાન થઈ રહેલા છે. આ જીવોના તમામ દુઃખો નાશ કેમ થાય ? બીજાના દુઃખોનો નાશ કરવાનો વિચાર તે કરૂણા, બીજાના દુઃખને નાશ કરવાની બુદ્ધિરૂપ કરૂણા જેના હૃદયમાં વસી હોય તે ધર્મના બીજા પગથિયામાં આવ્યો ગણાય.

જગત પણ શત્રુને દુઃખી દેખી કંપી જાય છે, પરંતુ એક મોટી ચીજ હજી ખસતી નથી. વરસાદને અંગે કહીએ છીએ કે એ કાળો ત્યારે જગત ઉજળું. અને એ ઉજળો ત્યારે જગત કાળું. સામાન્યથી દુઃખને અંગે દયાની લાગણી થાય છે પણ ઇર્ષ્યા એવી ચીજ છે કે બીજાના દુઃખે પોતે સુખી થયો માને છે ઇર્ષ્યામાં અવળો ફોટો આવે છે. બીજા સુખમાં ત્યારે અહીં બળતરા થાય છે. અને બીજો હેરાન થાય ત્યાં પોતાને આનંદ થાય છે. માટે ત્રીજી ભાવના જણાવે છે. ત્રીજું પગથીયું ચઢો બીજો જે કોઈ પ્રકારે સુખ પામે છે તે સુખને અંગે પોતાને સંતોષ થવો જોઇએ. દુઃખનો નાશ કરવાનું જેટલું જરૂરી તેટલુંજ બીજાના સુખમાં સંતોષી થાવ એ જરૂરી છે ઇર્ષ્યાને દેશવટો દઇ દો. કથંચિત્ આ પગથીયું ચડવું સહેલું પણ છે, ચોથું પગથીયું ચડવું તો બહુ મુશ્કેલ જ છે. ચોથી વસ્તુ ઘણી મુશ્કેલ છે. જગતમાં પ્રયત્ન કરવામાં આવે પણ પ્રય-ત્નની પ્રતિકૂલતામાં મધ્યસ્થ રહેવું તે બહુ મુશ્કેલ છે મહે-નત કર્યા છતાં મહેનતનું ફળ ન થાય તે વખત મગજને ઠેકાણે રાખવું મુશ્કેલ છે. કાર્યની સફળતાનિષ્ફળતામાં સમ. પણું દેખાય ત્યારે સમજવું કે આ પરોપકાર માટે છે. જ્યાં મહેનત કરી છતાં સફળ ન થયો ત્યારે ખેદ પામે, મહેનત કર્યાથી ફાવ્યા તો બંદા ફાવ્યા જો ન ફાવ્યા તો પેલો પથરો છે એમ કહેવું. આટ આટલી મહેનત કરી સમજાવ્યો છતાં પથરો ન સમજ્યો. આમાં પરોપકાર ન ગણાય.. હજુ કર્મ સત્તા માર્ગ ન દે એમ ધારણા કરે તો લાભ. આપણે પણ અનાદિથી રખડીએ જ છીએ, અગાઉ આપણે પણ તેના

તમોને તેનો અંત લાવવો ગમતાં હોય તો તે માર્ગ માત્ર ધર્માચરણ છે.

ભાગ્યવાનો! અહીં તમે કદાચ એવી શંકા કરશો કે આ જીવ આ જન્મ-ચાલુ ભવની વાતોને પણ પોતાના સ્મૃતિ-પટ ઉપર તાજી રાખી શકતો નથી! અરે, ગયા જન્મમાં તેના શરીરે શું શું દુઃખો ભોગવ્યાં હતાં, શું શું કાર્યો આદર્યાં હતાં અને સંસારપ્રપંચમાં તેણે કેવો ભાગ ભજવ્યો હતો, તે પણ આત્મા જાણતો નથી! તેને ગયા ભવનો પણ ખ્યાલ નથી, તો પછી તેની આગળ-તેવા આત્મા આગળ અનાદિ કાળની વાતો કરવી એ ઢોંગ બરાબર છે અર્થાત્ ભેંસ આગળ ભાગવત્ વાંચવા બરાબર છે માટે ધર્મોપદેશકે અનાદિકાળની વાતો ન ઉચ્ચારતાં અને અનાદિકાળની રખડપટ્ટીનો અમારી આગળ ઉલ્લેખ ના કરતાં અમોને સીધો જ ધર્મોપદેશજ દેવો ઇષ્ટ છે! જન્મ, જરા, મરણના ભય વિષે તમારી આગળ જ્યારે વિવેચન કરવામાં આવે છે, ત્યારે તમે એમ દલીલ કરી શકશો કે ગર્ભમાં, આત્માની સ્થિતિ કેવી હતી તેનો આત્માને કશો ખ્યાલ રહેવા પામતો નથી. સમજણવાળી દશામાં માણસોની બુદ્ધિ જાગૃત હોય છે, અને તેથી તે વીંછી વગેરે વસ્તુઓને દરેક વખતે પ્રત્યક્ષ ન જોવા છતાં તેનો ખ્યાલ કરી શકે છે અને તેનાથી બચવાના યત્નો આદરે છે. જંગલમાં સાપ હશે જ, એવો કાંઈ નિશ્ચય હોતો નથી; છતાં સાપ આવો હોય છે અને તેના પરિણામો આવા ભયંકર છે એમ વિચારી માણસ માત્ર એ સાપના ભયમાંથી નિવૃત્ત થવાના પ્રયત્નો સેવે છે! જ્યારે સાપ જેવી સાધારણ

વસ્તુઓના ભયને માણસ જાણે છે અને પછી તેને છોડવાના યત્નો આદરે છે! તો ગર્ભવાસ જેવી કઠણ દશાનો માણસને તેની સમજણી અવસ્થામાં ખ્યાલ આવતો હોય—ખરેખરો ખ્યાલ આવતો હોય—તો મનુષ્ય શું એ ગર્ભાવાસથી બચવાના યત્નો ન કરે? જરૂર કરે! માણસને જો ગર્ભાવાસની કારમી સ્થિતિનો ખ્યાલ હોય, તો એ ભયંકરદશાની જાગૃત અવસ્થામાં જો સાચી કલ્પના પણ કરી શકતો હોય તો અવશ્ય તે એ દશાનો ત્યાગ કરવા પ્રયત્નશીલ થાય અને તેને કહેવું પણ ન પડે કે ભાઈ! જન્મજરામરણના આવાં આવાં વિકરાળ સંકટો તારે માથે ફણું કાઢીને ઉભાં છે! મનુષ્યને જો ગર્ભાવાસની ભયંકર દશાનું ભાન હોત તો તે એક પળને માટે પણ ધર્મનો માર્ગ ન છોડત, પાપની પ્રવૃત્તિ ન આદરત અને અધર્મને પંથે ન જાત! પણ આ ઉપરથી એમ માની લેવાનું નથી કે ગર્ભની સ્થિતિ વિષે જ મતભેદ છે!

## ગર્ભવાસની સ્થિતિ વિષે મતભેદ નથી.

ગર્ભાવાસની સ્થિતિ દરેક ધર્મ, દરેક સંપ્રદાય સ્વીકારે છે. ગર્ભાવાસના દુઃખો પણ એ બધાને કબુલ છે. હિન્દુઓ શ્રીકૃષ્ણને ભગવાન્ માને છે તેમને પણ દુઃખી ગર્ભાવાસ ભોગવવો પડ્યો હતો એમ તેમનું ભાગવત જ કહે છે. ખ્રિસ્તિઓ પિતાના કરતાં માતાના પ્રેમને વધારે કિંમતી લેખતા, તેમના પેગંબર ઈશુ ક્રાઈસ્ટનો પિતા ન હતો એમ માને છે; પરંતુ તેઓ કહે છે કે ક્રાઈસ્ટને પણ મરિયમના ઉદરમાં નવમાસ ગર્ભ ધારણ કરવો પડ્યો હતો. ઇસ્લામના સ્થાપક મહમદનો સિદ્ધાંત એવો છે કે ઈશ્વર કોઈનો બાપ પણ

ઈષ્ટ નથી. ઘણી વાતો આપણે પ્રત્યક્ષ જોઇ કે અનુભવી શકતા નથી છતાં સામાન્ય જ્ઞાનથી તે તે વાતોનું સત્ય આપણે કબુલ રાખીએ છીએ. ગાંડપણાનો તમોને પ્રત્યક્ષ ખ્યાલ નથી જ! તમે કોઇપણ વખતે ગાંડા થએલા નથીજ! છતાં ગાંડપણની સ્થિતિ કેવી હોય તે તમે બધા સારી રીતે કલ્પી શકો છો. એજ રીતે ધૂમાડા ઉપરથી અગ્નિની શકયતાનો પણ તમે ખ્યાલ બાંધી શકો છો! તમે અગ્નિને પ્રત્યક્ષપણે જોતા નથી તમારી આંખો અગ્નિના ભડકાને જોઇ શકતી નથી. અગ્નિની ગરમી તમારી ત્વચાને ઉષ્ણતા આપતી નથી. અગ્નિ તમારી સાથે કોઇ પણ પ્રકારે પોતાના અસ્તિત્વની વાતો કરતો નથી, પણ છતાં જો તમે ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોશો, તો તમારે તરતજ કબુલ રાખવું પડશે કે "જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ છે!" તમે અગ્નિને જોયો નથી છતાં તમો અગ્નિના અસ્તિત્વને કબુલ રાખો છો એ શાથી? પ્રશ્નનો ઉત્તર એ છે કે: એક માત્ર અનુભવને આધારે! અનુભવ ઉપરથી તમે જાણી શકો છો કે "જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ પણ અસ્તિ ધરાવે છે!" તમે જેમ અનુભવ વડે, ધુમાડો છે એટલે અગ્નિનું અસ્તિત્વ સ્વીકારો છો, તેજ પ્રમાણે અનુભવ વડે તથા બુદ્ધિવડે તમારે અનાદિની વાત પણ સ્વીકાર્યે જ છૂટકો છે! અહીં એક સર્વ સાધારણ ઉદાહરણ ધ્યાનમાં લો! એક ઘઉંનો દાણો છે. એ ઘઉંનો દાણો કોણે વાવ્યો તે તમે જાણતા નથી! એ કયા ખેતરમાં ઉગ્યો તેની તમોને માહિતી નથી! એને કયા ખેડૂતે વાવ્યો, તેને કોણે પાણી પાયું, તેની આગળ શી વિધિ થઇ, તે કાંઇ પણ તમે જાણતા નથી? પણ તે છતાં

અનાદિકાળનું છે એ ઘટના
તમારે એ ઘઉંનું ભટકવાનું પણ અનાદિકાળનું છે એ ઘટના
સ્વીકારવી જ પડશે. હવે જો એ દાણો છે તો એટલી પણ
ચોક્કસ વાત છે કે તેનો અંકુર હતો! અને જો અંકુર હતો
તો એ વાત પણ તેટલી જ સ્પષ્ટ છે કે એ અંકુરને જન્મા-
વનારૂં. બીજ પણ હતું જ! આમ અંકુરમાંથી બીજ અને
બીજમાંથી અંકુર એ ઘટમાળને આગળને આગળ લંબાવતાં
તમારે છેક અનાદિકાળ સુધી ચાલ્યા જવું જ પડશે. અંકુર
અને બીજ તથા બીજ અને અંકુર પરસ્પર એકબીજાને
જન્મ આપે છે એનું જ નામ પરસ્પર કાર્યકારણભાવ છે!
બીજ વગર અંકુર નથી અને અંકુર વગર બીજ નથી
એટલે અહીં એવો પ્રશ્ન કોઈ ઉપસ્થિત કરે કે ભાઈ! અંકુર
પહેલું કે બીજ પહેલું? તો એ પ્રશ્ન કેવળ હાસ્યાસ્પદ કરે
છે! બીજ હતું તો અંકુર થયો! પણ બીજી તરફ એ પણ
યાદ રાખો કે અંકુર હતો તોજ બી થઈ શક્યું સ્થિતિ
તમારી સામે એ આવીને ઉભી રહે છે કે તમારે અંકુર
અને બીજની પારસ્પરિક પરંપરા અનાદિકાળની છે એવું જ
માનવું પડે છે. તમે ઘઉં જુઓ છો. ને પ્રત્યક્ષ તો ધાન્યનો
એક દાણો જ જુવો છો પણ તે છતાં તમો બુદ્ધિ અને
અનુભવથી એની પરંપરાને અનાદિ માનો છો એજ પ્રમાણે
કર્મ અને આત્માની પરંપરા પણ તમારે અનાદિકાળથી
માનવી જ પડે છે.

### કર્મ અને જન્મ અનાદિના છે.

જગતમાં તમો નિહાળો છો કે એક જન્મથી સુખી
છે, બીજો જન્મથી દુઃખી છે, એક જન્મથી નીરોગી છે,

બીજો જન્મથી રોગી છે, એક જન્મથી ડાહ્યો છે, બીજો જન્મથી ગાંડો છે. હવે વિચાર કરો કે જો કર્મ જેવી ચીજ જ ન હોય તો આ જગતમાં આવા ફેરફારો શા કારણથી દૃષ્ટિમાં આવે છે? માકુભાઈ જન્મે છે લાખોપતિને ઘેર; અને ત્યારથી જ લાખોના માલિક ગણાય છે અને કાકુભાઈ જન્મે ભિખારીને પેટે; અને ત્યારથી જ ભિખારી મનાય છે! માકુભાઈ લાખો રૂપીયા ક્યાં કમાવા ગયા હતા? તેમણે આ સઘળી સંપત્તિ ક્યાંથી પ્રાપ્ત કરી? રોગીણીને પેટે જન્મનારો રોગી હોય છે અને નીરોગીને પેટે જન્મનારો નીરોગી હોય છે. આ બેમાંથી એકને રોગી અને બીજાને નીરોગી કોણે બનાવ્યા? આથી માનવું જ પડશે કે જેમ ઘઉંના દાણાના મૂળરૂપે કાંઈક છે જ! તેજ પ્રમાણે મનુષ્ય જન્મના મૂળરૂપે પણ કાંઈક છે અને આ "કાંઈક" તેનું જ નામ "કર્મ" હવે આગળ ચાલો! કર્મ અને જન્મ આ બે વસ્તુઓ છે એ આપણે નક્કી કર્યું. આપણે એ વાત પણ કબુલ રાખી લીધી છે કે જન્મ અને કર્મ પરસ્પરાવલંબી છે અને તેમની વચ્ચે કાર્યકારણભાવ રહેલો છે. એનો અર્થ એટલો જ ઘટાવી શકાય છે કર્મના મૂળમાં જન્મ છે અને વળી જન્મના મૂળમાં કર્મ છે! અર્થાત્ જેમ ઘઉંનો દાણો અને અંકુરની પરંપરા આપણે અનાદિકાળની માની છે તે જ પ્રમાણે આ જન્મ અને કર્મની પરંપરા પણ અનાદિની જ છે એમ પોતાની મેળે જ સાબિત થાય છે!

ભાગ્યવાનો! તમને ભલે અનાદિનો ખ્યાલ ના આવી શકે. તમે ભલે ગતજન્મના સંસ્મરણો પણ તમારા સ્મૃતિપટલ

ઉપર તાગ ન કરી શકો; પણ "જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ છે." એ જેમ તમે બુદ્ધિથી માન્ય રાખો છો, તેજ પ્રમાણે "જન્મ અને કર્મ પરસ્પરાવલંબી છે માટે તે બંને અનાદિ છે. એમ પણ તમારે બુદ્ધિથી માન્ય રાખે જ છૂટકો છે ! અસ્તુ !

## કાયા વિનાનો પ્રાણી નથી ?

જન્મના મૂળમાં કર્મ છે, ત્યારે હવે વિચાર કરો કે એ કર્મ ક્યારે બંધાયાં હશે ? માનસિક; વાચિક કે કાયિક, સુંદર કે અસુંદર પ્રવૃત્તિ હોય છે, ત્યારેજ તે દ્વારા કર્મ બંધાય છે. કર્મ ક્યારે બંધાય છે ? આ પ્રશ્નનો જવાબ એટલો જ હોઇ શકે કે ત્યારે માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિઓ હોય ત્યારે જ કર્મબંધ થાય છે. આ તત્ત્વજ્ઞાનનો વિષય છે. તે સમજવો તમારે જરૂરી છે અને તે ભલે કે કઠિન વિષય છે તો પણ જો તમો સહજ લક્ષ પહોંચાડશો, તો આ સિદ્ધાંત સમજતાં તમોને કઠિનતાનો અનુભવ નહિ થાય ! મન નહિં હોય એવા કાયાવાળા જીવો હોય છે મન અને વચન નહિ હોય એવા પણ કાયાવાળા જીવો હોય છે; પણ કાયા વગરના કોઇ પણ જીવો હોતા નથી. આથી એમ માનવું પડે છે કે મન અને વચન એ બે વસ્તુઓ કાયાને આધારે જ રહેલી છે, અને મન અને વચનનો આધાર તો કાયા જ છે. મન અને વચનનો યોગ થાય તે પહેલાં કાયયોગ આ રીતે માનવો જ પડે છે ! કાયાના યોગે કરીને વચન અને મનના પુદ્ગલો (વૈદિક તત્ત્વજ્ઞાનમાં પુદ્ગલોને માટે તન્માત્ર શબ્દ વાપરેલો છે, પશ્ચિમના સાયન્સવાદીઓ વસ્તુઓના નાનામાં નાના અણુને

ઇથર જેવા શબ્દથી કેટલેક પ્રસંગે સંબોધે છે; હાલમાં ઇથરથી પણ નાના અણુની શોધ થઇ છે. આ સર્વ શબ્દો કરતાં પુદ્દગલ એ વધારે ભાવવાહી શબ્દ હોઇ તે પદાર્થની છેવટની અવિભાજ્ય સ્થિતિનો કણ દર્શાવે છે) ગ્રહણ થાય છે. ભાષા અને વચનને ગ્રહણ કરવામાં કારણભૂત કાયા છે અને તેથીજ મન અને વચનના યોગ પહેલાં જૈનતત્વદર્શીઓએ કાયાનો યોગ પહેલો માન્યો છે. શાસ્ત્રકારોએ પર્યાપ્તિ દર્શાવતી વખતે પણ પહેલાં શરીર પર્યાપ્તિ જ માની છે. અર્થાત્ પર્યાપ્તિના હિસાબે, જૈનદર્શનકારોને હિસાબે અથવા કેન્ટ ઇત્યાદિ પશ્ચિમના તત્વદર્શીઓને હિસાબે પણ પ્રાણીમાત્રને—પછી તે ગમે તે પ્રકારનો જીવ હોય પણ તેને—કાયા છે એમ તો માનવું જ પડે છે.

હવે આ કાયા શાથી થઇ તેનો વિચાર કરો. ઉત્તર એજ કે જન્મથી. ત્યારે કર્મથી જન્મ સાબીત થાય છે? કર્મ વગર જન્મ અને જન્મ વગર કર્મ માનીએ, તો પહેલોજ તમોને એ સવાલ મુંઝવશે કે જો કર્મરૂપી વૃક્ષ જન્મરૂપ બીજ વગર કેમ થઇ શકે અને જન્મરૂપ બીજ કર્મરૂપ વૃક્ષ વિના કેમ થઇ શકે?

આખરે તમારે ઘેર પાછાજ આવવું પડશે અને જેમ બીજ અંકુરની પરંપરા અનાદિ માની છે, તેજ પ્રમાણે તમારે જન્મકર્મની પરંપરા અનાદિની માનવીજ પડશે! જન્મ પહેલાં કર્મ માની શકાતું નથી, તેજ રીતે કર્મ પહેલાં જન્મ પણ માની શકાતો નથી અર્થાત્ ઘઉંનો દાણો અને અંકુરની માફક આ પણ જન્મ અને કર્મની પરસ્પર સહાયતા આપનારી

પરંપરાજ બની ! હવે : પરંપરામાંના કોઇ પણ એક પક્ષને તમે પહેલો માની શકતા નથી, ત્યાં એક બીજા પર અવલંબેલી પરંપરા થઇ કે એ પરંપરા તમારે અનાદિની માનવીજ પડે છે. આથી આપણે કબુલ રાખીએ છીએ કે જન્મ અને કર્મ એ પણ પરંપરા હોઈ એ અનાદિનીજ છે ! !

મહાનુભાવો ! તત્વજ્ઞાનનો વિષય ગહન છે અને તેમાં જેમ જેમ ઉંડા ઉતરતા જઇએ છીએ તેમ તેમ શંકાની પણ પરંપરા વધીને તે સામાન્ય માણસને ગુંચવાડામાં નાખે છે ! આહીં પણ તમે એવોજ પ્રશ્ન ઉઠાવી શકો છો કે ભલે કર્મ અને જન્મની પરંપરા હોય પણ તેથી તે અનાદિ છે કે આદિની છે, તેની સાથે શ્રોતાઓને શું સંબંધ છે ! અમોને તો માત્ર આ બંધ તોડવાનોજ માર્ગ દર્શાવવો હિતકર છે, તમે એમ પણ પ્રશ્ન કરી શકો છો કે બે મિત્રો છે, તેઓ જંગલમાં જાય છે; એક કુવામાં એ સમયે એક છોકરો પડેલો છે. તો આ મુસાફરોએ તે છોકરાને પહેલાં કાઢી લેવો જોઇએ કે એ છોકરો કોનો છે ? કયા ગામનો છે ? કયા કુળનો છે ? ઇત્યાદિ તે બાળકનો ઇતિહાસ શોધવા બેસવું ઉચિત છે ? જેમ બાળક કુવામાં પડેલ માટે બીજી ગરબડ સરબડ મૂકી દઇને તેને બહાર કાઢવો એ કર્તવ્ય છે ? તેમ જન્મકર્મ પરંપરા સિદ્ધ છે, તો હવે તેને આદિ-અનાદિ ઠરાવવાની ગરબડ સરબડ મૂકી દઇને એ પરંપરાને ભેદવાના ઉપાયો દર્શાવવા અને તેજ યોજવા એ કર્તવ્ય છે ! કુવાનું અનાદિ છે અને કુવાનું પરમાત્માવાળી છે. એવો ટકટકારો આવી રહ્યો છે ! એમ પણ તમારા હૃદયમાં કદાચ શંકા થાય એ સંભવિત છે!

મરણના આ ભયંકર રોગનો તમોને ખ્યાલ હોવોજ જોઇએ. રોગથી મૂર્છામાં પડેલા માણસનું શિર ફૂટી જાય, તો પણ તેની ભયંકરતાનો તેને ખ્યાલ હોતો નથી ! પણ તેને ખ્યાલ નથી, માટે માથું ફૂટીને લોહી વહી જવાનું પરિણામ તેને છોડી દેવાનું નથી ! અર્થાત્ વસ્તુની મહત્તા ન સમજીએ, તો પણ તેમાં રહેલો સ્વભાવ તો તેનું ફળ ક્ષણના વિલંબ વિના આપ્યેજ જાય છે ! વિજળીના બળની ભયાનકતા ન સમજો ! એ પ્રવાહ શી રીતે ઉત્પન્ન થાય છે એ ભલે ન સમજો ! પણ જ્યાં વિજળીનો તાર તમે પકડ્યો કે ખલાસ ! એજ સેકંડમાં તેનો આંચકો તમોને પુરા કરી નાખે છે ! એજ પ્રમાણે જીવ, કર્મ અને જન્મની ભયંકરતાને ન સમજી શકતો હોય, તેથી કાંઇ કર્મની ભયંકરતા તેને છોડી દેવાની નથી ! ભયંકરતા ન સમજવાથી લાભ છેજ નહિ અને જો એ ભયંકરતાને સમજી લઇએ તો તેવોજ જલદ ઉપાય યોજવાનું પણ બની શકે એમ છે, આવા સંયોગોમાં કોઇ પણ ડાહ્યો માણસ ભયંકરતાને સમજી લેવામાંજ ડહાપણ માનશે ! એજ પ્રમાણે કર્મ અને જન્મ અનાદિના છે એવી પણ તેની ભયંકરતાનો ખ્યાલ તમારે કરી લેવામાંજ લાભ છે ! !

## ભયંકરતા જાણવામાં લાભ છે; નહિ જાણવામાં નહિ.

પહેલાં એક કર્મ વિનાનો જન્મ કલ્પો: એ જન્મમાં [illegible] ખ્યાલ કલ્પો: કે આ કલ્પના ખ્યાલમાં [illegible] તો [illegible] પહેલાંજ જન્મે જન્મ ઉપર [illegible] ! [illegible] પણ નહિજ કરત ! ભગવાન [illegible] છે ! તેને [illegible] દુર્ગતિયુક્ત દુઃખોમાંજ

મઝા આવે છે, તેવાની વાતો દૂર રાખો: પણ જે એવો બેશરમી નથી, નફફટ નથી, તેને તો જરૂર પહેલેજ જન્મે જન્મ ઉપર શરમ અને તિરસ્કાર આવત! યાદ રાખો કે આ સઘળું કર્મ કરાવે છે! તમે કદાચ આ કર્મને ન માનો, તેની હસ્તિ સ્વીકારવાની ના પાડી 'કર્મ' જેવી કોઈ ચીજ નથીજ એવો દાવો કરો; તો તમારા આવા વિતંડાવાદથી કર્મ કાંઈ તેની ભયંકરતાનો ત્યાગ કરી દેવાનું નથી! સસલાની આગળ કુતરો દોડતો આવી રહ્યો છે. સસલો આંખ મીંચી લે છે તેથી એમ નથી થતું કે સસલો બચી જાય છે! આંધળો સાપને નથી દેખી શકતો માટે તેને સાપ નહિ કરડે એવો નિયમ નથીજ! ત્યારે હવે એવો પ્રશ્ન ઉપજે છે કે વસ્તુ હો કે તેના સ્વભાવનું પરિણામ તો ઉપજાવવાનીજ છે ત્યારે હવે એ વસ્તુની ભયંકરતા જાણવાથી લાભ છે કે તેની ભયંકરતા ન જાણવાથી લાભ છે: આંધળો ન દેખી શકે તેથી સર્પ તેને છોડતો નથી પણ જો તે દેખતો હોય, સાપનું ચમત્કૃત્ય જાણતો હોય તો તે સાપને દૂર ફેંકી દઈ શકે છે.

એજ પ્રમાણે કર્મને ફેંકી દેવાના પ્રયત્નો પણ તે જ કરી શકે કે જે એની ભયંકરતા જાણે છે. અર્થાત્ હવે તમારે કબુલ રાખવું જ પડશે કે જન્મ અને કર્મમાં આત્મા ફસાએલો છે એટલું જ તમારે જાણવાની જરૂર નથી જ પણ એ ફસામણ અનાદિની છે એ ભયંકરતા પણ તમારે જાણવીજ રહી!! અને તે ભયંકરતા પણ અમારે તમોને દર્શાવવીજ રહી!!!

જે સાપ દેખે છે તેજ સાપને દૂર ફેંકી દઈ શકે છે તેજ પ્રમાણે કર્મ અને તેના કારણો તથા એની ભયંકરતા

પણ જે જાણતો હોય તેજ એને દૂર ફેંકવાના યત્નો કરી શકે છે. દસ બાર દહાડા લાગલાગટ તાવ આવે છે ત્યાં તો આપણે ગભરાઈ જઈએ છીએ! દસબાર મહિના જો લાગલાગટ તાવ આવે તો ક્ષયની બીક આપણને ગભરાવે છે! દાકતર કહે છે કે ક્ષય છે: પરેજી કરો, તેલનો સ્પર્શ ન કરો, મીઠામરચાંની ગંધ પણ ન લેશો, તો આપણે તે કબુલ રાખીએ છીએ. હવે જો હાડકાં ચામડાંનો તાવ આટલો બધો ભયંકર છે અને તેને ટાળવાને માટે આપણે આવા આકળા થઈને ઉપાયો કરીએ છીએ, તો પછી તમે જ ખ્યાલ કરો કે આત્માને જે કષાયરૂપી તાવ લાગેલો છે તેને ટાળવાને માટે આપણે તેટલી જ ઉત્સુકતાથી પ્રયત્નો શામાટે કરતા નથી? આનું કારણ એટલું જ છે કે એ આત્માના તાવની ભયંકરતા અને તેના જુનાપણાથી આપણે અજ્ઞાત છીએ. એ ભયંકરતાનો અને આત્માના તાવની મહત્તાનો જો માણસને ખ્યાલ હોત તો જેમ શરીરના તાવને તે ભયંકર લેખે છે અને તેને ટાળવાના યત્નો કરે છે તેવાજ યત્નો તેણે આત્માનો તાવ ટાળવાને માટે પણ અવશ્ય કર્યા જ હોત! શરીરનો તાવ શરીરનો નાશ કરી આત્માને છૂટો પાડે છે પણ આત્માનો તાવ તો એવો ઝેરી છે કે ત્યાંથી જો નિગોદમાં ગયા તો ખલાસ! એ તાવ આ રીતે નિગોદમાં મોકલે, તો ત્યાં ચાર ઈંદ્રિયોને લોપ અને માત્ર એક જ ઇન્દ્રિય હોય તેવા ભવમાં જન્મ મળે છે અને ત્યાં ભટકવું પડે છે!

## લાલચ આપીને પણ ધર્મ કરાવવો

તાવ ક્ષયનો છે કે બીજો છે તે તાવની ભયંકરતા

જે માણસ જાણતો નથી તેવો માણસ ચરી પાળવાની જરૂર પણ નહિ સમજી શકે એ વાત તદ્દન વાસ્તવિક છે. જે માણસ ક્ષયની ભયંકરતા જાણતો નથી તેને તમે ચરી પાળવાનું કહેશો તો તમોને એ તમારો શત્રુ જાણશે! તમોને જોશે ત્યાંથી તમારા ઉપર દાંતીઆ કરશે અને છતાંએ જો તમો તેને બળાત્કારે કરી પળાવવા જશો તો છેવટે બજારૂ હોટલોમાં પણ જઈને તે ચરી ભાંગી આવે છે! આ બધાનું કારણ એટલું જ છે કે રોગની ભયંકરતાનો ખ્યાલ એ માણસના દીલમાં સહેજ વસ્યો નથી. એજ પ્રમાણે શ્રી જીનેશ્વરદેવો એ આપણા આત્મિક ધન્વંતરીઓનું કામ કરે છે! ડાક્તર તો એક ભવના શારીરિક રોગનો વિનાશક છે પણ જિનેશ્વર ભગવાનો તો આત્માના ભવોભવના રોગોના વિનાશક છે. જે દરદી રોગનું મહત્વ સમજ્યો છે તે રોગી તો પોતાને માટે ડાક્ટરની આવશ્યકતા અને તેની ઉપકારકતાને સમજી જાય છે પણ જે રોગી રોગની મહત્તા નથી સમજ્યો, તેને માટે શો ઉપાય કરવો પડે છે; તેનો જરા ખ્યાલ કરો! મોટો સમજણો દરદી હોય તો તેને સમજાવી, ધમકાવીને તેને દવા પાવામાં આવે છે અને જો દરદી બાળક હોય તો તેને મિઠાઈની લાલચ આપીને પણ દવા પાવામાં છે. જેમ મીઠાઈની લાલચ આપીને અજ્ઞાનીને દવા પાવામાં આવે છે, તેજ રીતે ધર્મ કરવાને માટે પણ ત્રિલોકનાથોનો યથાર્થ ખ્યાલ નહિ રાખનારા માનવીઓને પરાણે પ્રેરવા પડે છે! લાલચ દેખાડીને પણ તેમને ધર્મમાર્ગ [illegible] બનાવવા પડે છે અને એમ કરવામાં જરૂર કર્તવ્ય રહેલું છે.

પ્રભાવનામાં પતાસાં, પેંડા, નાળિએર વગેરે વહેંચવામાં આવે છે. આપણે કબુલ કરવું જ પડશે કે એટલી એ લાલચ છે, પણ આ લાલચ શા માટે આપવામાં આવે છે? મનુષ્યોને ધર્મને પંથે પ્રેરવા માટે; નહિ કે કોઇ બીજા કારણને માટે! તે છતાં એટલું તો કહેવું જ પડશે કે જેમ પતાસાંની લાલચે દવા પીનારા દવાની મહત્તાને કે રોગની ભયંકરતાને સમજી શકેલા નથી, તે જ પ્રમાણે પ્રભાવનાની લાલચે વ્યાખ્યાન સાંભળવા આવનારાઓ અથવા લાડવા માટે પૌષધ કરનારાઓ એ વ્રતોને અને આત્માને લાગુ પડેલા તાવની ભયંકરતાને સમજી શકયા નથી! આજે ભલે તેઓ લાલચથી ધર્મનું વર્તન કરે છે, આજે ભલે લાડવાની લાલચે પૌષધ કરે છે પણ નક્કી માનજો કે આજે જેઓ કોઇ જાતની લાલચથી પણ ધર્માચરણ કરે છે તેઓ આવતી કાલથી લાલચ વિના પણ તેમ કરવાને જરૂર પ્રેરાયા વિના નહિ રહે!

## તમારા શત્રુને ઓળખો!

બાળક નાનો છે, દવા પીતો નથી, તેથી તેને ગોળનો લાડુ બતાવી દવા પાવી પડે છે. આ ગોળનો લાડુ બાળક ન ખાય એ આપણી સૌની ઇચ્છા છે! પણ ગોળના લાડુ વિના તે દવા નહિ જ પીતો હોય તો ગોળનો લાડુએ ન આપો અને દવાએ ન આપો!" એવું પ્રતિપાદન કરીને બાળકની દવા તોડાવી નાખનારને તમો કેવો માનશો! જરૂર એમ કહેવું જ પડશે કે જે બાળકની દવા તોડાવી નાખે છે તે બાળકનો મિત્ર નથી પણ શત્રુ છે. એ જ પ્રમાણે ધર્માચરણ માટે પણ સમજો કે! લાડુ, પતાસાં પ્રભાવના વિના અત્યારે જ ધર્મવર્તન

નથી કરી શકતો; તો એવા "અજ્ઞાનીને લાલચ પણ ન આપો અને તેની પાસે ધર્મક્રિયા પણ ન કરાવો" એવું કહેનારો પેલો અજ્ઞાન માણસનો શત્રુ-ભયંકર શત્રુ છે: જેમ બુદ્ધિહીન બાળકની દવા રોકનારો બાળકનો શત્રુ છે તેજ પ્રમાણે ધર્માચરણ રોકનારો તે માણસનો પણ પરમ શત્રુજ છે. અલબત્ત લાલચ રોકવા જેવી છે, એની તો કોઇપણ ના પાડી શકતુંજ નથી, પણ આજે જે ધર્મની યથાર્થ કિંમત સમજ્યા વિના લાડુ, પતાસાં કે નાળિએરથી ધર્મક્રિયા કરવાને પ્રેરાય છે, તે જતે કાલે ધર્મવર્તનની મહત્તા સમજતાં આપોઆપ પોતે લાલચનો ત્યાગ કરશે જ; તેમજ બીજાને પણ લાડવા આપી પૌષધ કરાવવાની પ્રવૃત્તિને આદરશે, એ વસ્તુ નિર્વિવાદ છે. અર્થાત્ દવા રોકનારો બાળકનો શત્રુ છે તેમ "લાડવા આપીને પૌષધ શા માટે કરાવવો!" એવું કહીને આજે જેઓ ધાર્મિકક્રિયાઓને અવરોધવાની વાતો કરે છે તેઓ પણ માની લ્યો કે માનવસમાજના મહાબાહ્ય શત્રુઓ જ છે!!

## દ્રવ્યક્રિયા ઉપકારક છે.

આ કથનનો અર્થ પણ એટલોજ છે કે દ્રવ્યક્રિયા પણ રોકવા જેવી તો નથી જ! આજે જે દ્રવ્યક્રિયાથી ધર્મમાં જોડાએલા છે તે જતે દીવસે દ્રવ્યક્રિયા વગર પણ સ્વતંત્ર ધર્મપાલન કરતાં શીખશે! માત્ર એ વાતાવરણને વાર લાગશે. પણ એ જ્યારે સમજણો થશે, ધર્મની સાચી મહત્તાને સમજશે, દ્રવ્યક્રિયા વિનાના ધર્માચરણની ઉત્તમતા દેખશે કે પછી તરત જ એ લાડવા માટે પૌષધ કરનારો ક્રિયા પ્રભાવના માટે વ્યાખ્યાન સાંભળનારો નહિ જ રહે! પણ એ સમજણો થયો

નથી કે સ્વતંત્ર ધર્મની મહત્તાને ઓળખી શક્યા નથી ત્યાં સુધી તે દ્રવ્યક્રિયાને અનુસરીને પણ ધર્માચરણ કરતા હોય, તો એનું તે ધર્માચરણ "વાડ સાથેની દવા" પ્રમાણે ચાલવા દેવું જોઈએ અને એવા ધર્માચરણ સામે જેઓ લાલ આંખો કરે છે તેઓ નિઃસંશય સમાજના શત્રુઓ છે મિત્રો તો નથી જ! એ તમારે સમજી લેવું ઘટે!!

## બળાત્કારે કરેલો ધર્મ પણ લાભદાયક છે

બાળક દવા નથી પીતો, ત્યારે તેના માબાપ તે બાળકને બળાત્કારે દવા પાય છે. આ દવા પાવામાં માતાપિતાની શું ક્રૂરતા છે એમ તમો કહી શકશો? કોઈ પણ સમજણો માણસ એમ કદી ન કહે કે આ રીતે દવા પાનાર માબાપ બાળકો પર અત્યાચાર કરે છે: બાળક વધારે તોફાની હોય! દવાનું નામ સાંભળીને કંપતો હોય ત્યારે માબાપને બાળકોને પરાણે પકડીને તેના મોઢામાં વેલણ ઘાલીને તેને દવા પાવી પડે છે! દોઢડાહ્યાઓ આ પ્રસંગે માબાપોની ક્રૂરતા જુએ છે પરંતુ તેઓ દવાને અંગે માતાપિતાની દયાને નથી જોઈ શકતા! એટલું જ નહિ પણ સામા પેલા છોકરાને શિખામણ આપવા તૈયાર થાય છે કે: તારા માબાપ ઘાતકી છે, હવે દવા પાવા આવે તો સત્યાગ્રહ કરજે! દવા ન પી તો! મોઢું ના ઉઘાડતો અને મોઢામાં બળાત્કારે વેલણ નાખે તો એને પકડી લે જે!

કહો મહાનુભાવો! આવા સલાહકારોને તો બાળકોના મિત્રો કહેશો કે બાળકોના ઘોર શત્રુઓ કહેશો? તમારે આવા મૂર્ખા સલાહકારોની ગણના બાળકોના શત્રુઓમાં જ કરવી પડશે! આવી રીતના મૂર્ખાઓ ધર્મને વિષે પણ નજરે પડે છે; જેમ બાળક આવા મૂર્ખા સલાહકારોને જ આવકારે

તો રોગથી તે બાળકનો વિનાશ જ થાય છે. તેજ પ્રમાણે ધર્મને વિષે પણ આવા જે મૂર્ખાઓ છે તેમને અનુસરનારાઓની એવી જ દશા થાય છે!

સાધુની પાસે છોકરાને બે કલાક ભણવા બેસાડ્યો; બાળકે ઉપવાસ કર્યો, પૌષધ કર્યો કે આવા નકલી ધૂતારાઓ તરત બૂમ મારી ઉઠે છે કે: "અરે બિચારાને ગોંધી મૂક્યો, બીચારાને ભૂખે માર્યો:" આવા આવા શબ્દો બોલીને આ મૂર્ખાઓ દયારૂપી ધર્મક્રિયાથી ખોટી દયા ખાઈ મનુષ્યોને ઉપવાસાદિમાંથી રોકે છે પણ દીલગીરીનો વિષય છે કે તેઓ અધમ આત્માની ભયંકર રખડપટ્ટીનો ખ્યાલ કરી શકતા નથી. આવા શલાકકારો પોતે ડુબે છે અને સાથે સાથે તેઓ બીજાને પણ ડુબાડતા જાય છે. વિચારો ન કરનારા કરતાં વિચારો કરનારો સારો છે, જેને બિલકુલ ધર્મ સાથે લેવાદેવા જ નથી, તેના વિચાર સરખા પણ જેના મનમાં આવતા નથી, તેના કરતાં જેના અંતરમાં " હું ધર્મ ક્યારે સાધીશ! એવો વિચાર આવે છે તે પણ ઉત્તમ છે. તેજ પ્રમાણે દ્રવ્યથી થએલી ધર્મપ્રવૃત્તિ પણ સારી છે કારણ કે તેથી ધાર્મિક ભાવની ઉત્પત્તિ સત્તા પામે છે. તમો અહીં એવો પ્રશ્ન ઉઠાવશો કે શું ધર્મ બળાત્કારથી પણ થાય છે ખરો? તમારા પ્રશ્નનો આપણે ધીરજપૂર્વક વિચાર કરીએ. આ પ્રશ્ન સમજવા માટે એક એક ઉદાહરણ લઈએ: એક શ્રીમંત શેઠ છે. શેઠ ઘણા વિદ્વાન છે. વિદ્વાન છે, તેટલા જ તે પ્રસિદ્ધ પણ છે. તેની ધર્મશ્રદ્ધા અતૂટ છે. ધર્મની બાબત તે સહુ કાંઈ કુરબાની દેવાને તૈયાર છે! આ શેઠને એક છોકરો છે: દેવતાને ઓળખી નાખીએ

એ વારસો તમે આપો તોજ તમારા ઉપર વિશ્વાસ રાખી તમારે ત્યાં આત્માએ જન્મ લીધેલો પણ પ્રમાણ છે! આત્માએ રાખેલા વિશ્વાસને તમે વફાદાર ન રહો, એ વારસો તમો તેને ન આપો તો સમજો કે તમો વિશ્વાસઘાતી છો: તમે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. શેઠે આવા આવા વિચારો પોતાના અંતરમાં વણી લીધા હતા. તેનું હૃદય જાણે ધર્મનું ક્ષેત્રજ બની ગયું હતું! હવે જેમ જેમ પેલો છોકરો વધારે અધર્મ આદરતો જાય, તેમ તેમ શેઠને વધારે ગ્લાનિ થાય અને શેઠ સંતાનને સુધારવા માટે વધારે અને વધારે પ્રમાણમાં પરિશ્રમ લેતા જાય! શેઠે વિચાર કર્યો કે મારો પુત્ર પીળા ચાંદલાને શરણે આવ્યો છે. આપણા બોર્ડ નીચે આવ્યો છે. આપણું બોર્ડ વાંચી તે આપણા કુળમાં જન્મ્યો છે માટે જો તેને ધર્મ ન આપીએ તો તેણે આપણું વાંચેલું બોર્ડ નકામુંજ ગયું છે અને આપણે બોર્ડ ખોટું માર્યું છે એજ તેનો અર્થ થાય છે! એ જૈનધર્મનું બોર્ડ કયું? પીળો ચાંદલો!

પીળો ચાંદલો એ જૈનધર્મનું બોર્ડ છે: હવે તમે વિચાર કરો: ડાક્તરે દવાખાનાનું પાટીયું માર્યું છે! દવાખાનામાં ડાક્તર સાહેબ પગાપર પગ ચઢાવીને બેઠા પણ છે પરંતુ ડાક્તર સાહેબ પાસે દવા નથી! અથવા દવા છે પણ તેઓ તે આપતા નથી!! વિચાર કરો, તમે આ ડાક્તરને કર્તવ્ય-પરાયણતા વિનાનો કહેશો કે બીજું કાંઈ? તેણે બોર્ડ મારીને લોકોને છેતર્યા છે એજ તેનો અર્થ થાય કે બીજું કાંઈ? હવે તમારી સ્થિતિનો વિચાર કરો: તમે જૈનત્વનું

બોર્ડ માર્યું છે ! કપાળમાં પીળો ચાંદલો કર્યો છે અને તે બોર્ડ માર્યા છતાં એ બોર્ડ પર વિશ્વાસ રાખી ચક્રવર્તીની ઋદ્ધિસિદ્ધિ છોડીને તમારે ત્યાં આવેલાને તમે જૈનત્વ ન આપી શકો તો તમે પણ પેલા દાક્તરના જેવાજ વિશ્વાસઘાતી અને દંભી ગણાઓ કે બીજું કાંઇ ? પેલો બિચારો શેઠ આવા વિચારમાં ખૂબ મુંઝાયો ! છેવટે તેણે તેનો રસ્તો શોધી કાઢ્યો. ઘરમાં જવા આવવાનું જે બારણું હતું તે તોડી નંખાવ્યું: બારણું તદ્દન નાનું કરાવી નાખ્યું. હવે બારણા-માંથી જતાં પેલાં છોકરાને વાંકા વળીને જવું પડે અને પછી ઉંચે જોવું પડે ! આ બારણાંમાંથી નીકળતાં જે જગાએ નજર પડતી હતી, તે જગા ઉપર શેઠે શ્રીજિનેશ્વરદેવની પ્રતિમા મૂકાવી દીધી, અને આ રીતે પેલા છોકરાને બારણા-માંથી નીકળતાં અને પેસતાં હંમેશાં શ્રીજિનેશ્વરદેવનાં દર્શન થવા લાગ્યાં ! આ જો કે અરૂચિ પૂર્વકનો બળાત્કાર છે, પેલો છોકરો શ્રી જિનેશ્વરને દેવ તરીકે માનતો નથી પણ તે છતાં પિતા તેને ધર્મ પમાડવાના પ્રયત્ન કરે છે ! આવા પ્રયત્નો જરૂર વંદનીય છે, તેનો વિરોધ જેઓ મગશેળીયા જેવા હોય તેઓ જ કરી શકે, બીજા નહિ ! મગશેળીયો ફાટે, ત્યારે તે કોઇનો થનો નથી. મગશેળીયો બકવા લાગ્યો કે કોની તાકાત છે કે મને ઓછો કરે ? તરત પુષ્કરાવર્તની વૃષ્ટિ થઈ ! પણ વૃષ્ટિ થતાંજ મગશેળીયો ધૂળમાં દટાઇ ગયો ! વર્ષા બંધ થઇ, એટલે પાછો નીકળ્યો ! ન ભેદાયો કે ન ભિંજાયો અને વળી ઉપરથી મશ્કરી કરવા લાગ્યો ! આવા મગશેળીયા આજે પણ બહુ છે. પોતાનામાં ધર્મની રૂચિ નથી અને બીજા ધર્મને પમાડવાના યત્નો કરે છે તેની હાંસી કરે છે ! આવાને મગ-

શેળીયા માનીનેજ આપણે જતા કરવા જોઇએ ! શેઠે ઘણા ઘણા પરિશ્રમો વેઠ્યા, પુષ્કળ પુષ્કળ યત્નો કર્યા પણ બંદા પકડેલું પુછડું છોડે તેવા ન હતા ! શ્રાવકકુળમાં જન્મ, સંસ્કારી અને સુધર્મી પિતા એટલી બધી સંપત્તિ કે પાપ આચરીને પૈસો પેદા કરવાની તો વૃત્તિ પણ ન થાય ! વૈમાનિક દેવતાની સ્થિતિ મેળવી શકે તેવો સુંદરયોગ હોવા છતાં એ અકર્મીએ તેનો લાભ ન લીધો અને પરિણામ એ આવ્યું કે ગયો માછલામાં ! અસંખ્યાત યોજન જળથી ભરેલા સમુદ્ર જળમાં માછલાની સ્થિતિને પામ્યો. હવે તો માછલાની સ્થિતિ મળી છે. ભાઇ પાણીમાં મઝા કરે છે નાની નાની માછલીઓ ખાઈ આનંદ ભોગવે છે એટલામાં એક દિવસ ઓચિંતી જિનેશ્વરની મૂર્તિના આકારની માછલી તેની નજરે પડી ! આ માછલીને જોતાંજ તેનો જિનપ્રતિમા જેવો આકાર જોઇ તેને જાતિસ્મરણ થયું. પિતાએ પોતાને ધર્મ-પંથે વાળવા કરેલી પ્રવૃત્તિ યાદ આવી. પોતાની કરેલી ભૂલ માટે પસ્તાવો થયો અને જિનમૂર્તિના દર્શનથી સમ્યક્ત્વ પામી તે દેવલોકે ગયો !

### બળાત્કારે થયેલો ધર્મ પણ તારે છે.

મહાનુભાવો ! હવે તમેજ વિચારો કે બળાત્કારે કરાવેલું ધર્માચરણ પણ ફળ આપે છે કે નહિ ? તમે સાધારણ ઉદાહરણ ધ્યાનમાં લેશો તો પણ આ વિષયની મહત્તા તમારા ખ્યાલમાં આવ્યા વિના રહેવાની નથી ! સોમલ ! સોમલના ગુણદોષ તો તમે જાણોજ છોને ! હવે ધારો કે એ સોમલ કોઇએ તમોને બળાત્કારે ખવડાવી દીધું છે તો શું એ સોમલનાં પરિણામો તમારે નહિ ભોગવવાં પડે ? બળાત્કારે સોમલ

અને સાધુઓએ તો સર્વસાવદ્યનો ત્યાગ કરેલો હોય છે. હવે જો સર્વસાવદ્યનો ત્યાગી સર્વસાવદ્યના રાગીને પોષે, તો સર્વસાવદ્યના ત્યાગીએ પણ પર્યાયે સર્વસાવદ્યનો રાગ રાખ્યો છે એવુંજ ઠરે છે, આથીજ એ વસ્તુ સ્પષ્ટ છે કે સર્વસાવદ્યના ત્યાગી હોય તેઓ સાર્વસાવદ્યના અનુરાગીઓને પોષણ આપી શકે નહિ. જૈનશાસ્ત્રના પરમપ્રતાપી શાસ્ત્રોનો આ નિર્ણય છે. જેમ માંદા માણસને દવા તેનું હિત કરનારી હોવા છતાં તેને કડવી લાગે છે તેજ પ્રમાણે શાસ્ત્રોનો આ સીધો સાદો નિર્ણય પણ જેઓ આડે માર્ગે જનારા હોય છે તેને કડવોજ લાગે છે! સાધુને માટે શાસ્ત્રકાર મહાભાગવંતોએ વ્યક્ત કરેલો એવો ધર્મ શું છે તે વિચારજો. સાધુને માટે એ ધર્મ માનવામાં આવ્યો છે કે અસંયતિને આપવું નહિ, અને સાધુઓએ અસંયતિનું પોષણ પણ કરવું નહિ. સાધુઓ અસંયતિને આપે છે અથવા તો તે અસંયતિનું પોષણ કરે તો તેને પાપ લાગે છે, પરંતુ શ્રાવકને માટે એ નિયમ ઠરાવવામાં આવ્યો નથી. શ્રાવક અસંયતિને આપે છે કે અસંયતિને પોષે છે તેથી તે પાપમાં પડતો નથી. ત્યારે હવે કોઈ એવો સવાલ કરશે કે જો સાધુને અસંયતિને પોષવામાં પાપ છે તો પછી શ્રાવકને પણ અસંયતિને પોષવામાં શા માટે પાપ ન હોઈ શકે? સાધુ અને શ્રાવક બંને જૈન છે. એક જૈન છે અને બીજો અજૈન નથી. એક ભગવાન્ શ્રીતીર્થંકર દેવોને માને છે અને બીજો તેને નથી માનતો એવું નથી, તો એકજ શાસનમાં રહેલા સાધુ અને શ્રાવક એ બેમાંથી, એકજ કામ કરતા છતાં, એકને પાપ અને બીજાને પુણ્ય કેવી રીતે હોઈ શકે?

લઇએ. તમે ગચ્છમાં ગુરૂકુળવાસ કરો છો. ગચ્છમાં રહી ગુરૂકુળવાસ કરવો એ વાત શ્રીમાન્ તીર્થંકર દેવોએ કહેલી છે કે નહિ? અને જો તેમણે ગચ્છમાં રહીને ગુરૂકુળવાસ કરવાનો કહ્યો હોય તો તેમણે પોતે ક્યાં ગુરૂકુળવાસ કર્યો હતો? "વિનય ધર્મનું મૂળ છે." આ સત્ય કોણે કહ્યું છે? જો વિનય ધર્મનું મૂળ છે, એ સત્ય તીર્થંકર દેવોએ કહ્યું છે તો વિચાર કરજો કે તેમણે વિનય કોનો કર્યો હતો? વૈયાવચ્ચ એ શાસનનું મૂળ છે એ વાત સાચી છે પરંતુ ભગવાન્ શ્રીજિનેશ્વરોનું એ સંબંધમાં કેવું વર્તન હતું? બીમાર સાધુની માવજત કરવી એને જૈનશાસનને મોટામાં મોટો ગુણ માન્યો છે. બિમાર એટલે જગતના ત્રિવિધ તાપથી પીડાતો હોય તેવો બિમાર અહીં સમજવાનો નથી પરંતુ જે શરીરથી રોગી છે તેને અહીં બીમાર ગણવાનો છે. અહીં બીમાર શબ્દથી જગતના આધિ, ઉપાધિને અંગે બિમાર એવો અર્થ લઇ શકાતો નથી કારણ કે તેવો અર્થ લેવામાં ભારે ગોટાળો ઉભો થાય છે.

## બિમાર કોને કહેશો?

બિમાર શબ્દને અંગે જગતની આધિ ઉપાધિને અંગે બિમાર એવો અર્થ લઇએ તો શી હાની થાય છે તેનો વિચાર કરો. સાધુઓ ધર્મલાભને અંગેજ વસ્તુઓ ગ્રહણ કરે છે હવે આવી રીતે ધર્મલાભને અંગે તેમણે જે ચીજ ગ્રહણ કરી છે તે ચીજ તેઓ જે સાધુ અધર્મમાં કે ધર્માધર્મમાં પ્રવર્તી રહ્યા હોય તેને દઇ શકતાજ નથી. જગતમાં રહેલ બીજા જીવો છે તેમણે સર્વસાવદ્યનો ત્યાગ કરેલો હોતોજ નથી

અને સાધુઓએ તો સર્વસાવદ્યનો ત્યાગ કરેલો હોય છે. હવે જો સર્વસાવદ્યનો ત્યાગી સર્વસાવદ્યના રાગીને પોષે, તો સર્વ-સાવદ્યના ત્યાગીએ પણ પર્યાયે સર્વસાવદ્યનો રાગ રાખ્યો છે એવુંજ કરે છે, અર્થાત્ એ વસ્તુ સ્પષ્ટ છે કે સર્વસાવદ્યના ત્યાગી હોય તેઓ સાર્વસાવદ્યના અનુરાગીઓને પોષણ આપી શકે નહિ. જૈનશાસનના પરમપ્રતાપી શાસ્ત્રોનો આ નિર્ણય છે. જેમ માંદા માણસને દવા તેનું હિત કરનારી હોવા છતાં તેને કડવી લાગે છે તેજ પ્રમાણે શાસ્ત્રોનો આ સીધો સાદો નિર્ણય પણ જેઓ આડે માર્ગે જનારા હોય છે તેને કડવોજ લાગે છે! સાધુને માટે શાસ્ત્રકાર મહારાજાઓએ વ્યક્ત કરેલો એવો ધર્મ શું છે તે વિચારજો. સાધુને માટે એ ધર્મ માન-વામાં આવ્યો છે કે અસંયતિને આપવું નહિ, અને સાધુએ અસંયતિનું પોષણ પણ કરવું નહિ સાધુઓ અસંયતિને આપે છે અથવા તો તે અસંયતિનું પોષણ કરે તો તેને પાપ લાગે છે, પરંતુ શ્રાવકને માટે એ નિયમ ઠરાવવામાં આવ્યો નથી. શ્રાવક અસંયતિને આપે છે કે અસંયતિને પોષે છે તેથી તે પાપમાં પડતો નથી. ત્યારે હવે કોઈ એવો સવાલ કરશે કે જો સાધુને અસંયતિને પોષવામાં પાપ છે તો પછી શ્રાવકને પણ અસંયતિને પોષવામાં શા માટે પાપ ન લાગે? સાધુ અને શ્રાવક બન્ને જૈન છે. એક જૈન છે અને બીજો અજૈન નથી. એક ભગવાન શ્રીતીર્થંકર દેવોને માને છે અને બીજો તેને નથી માનતો એવું નથી, તો એકજ શાસનમાં રહેલા સાધુ અને શ્રાવક બે વિભાગો. એકજ કામ કરવા છતાં, એકને પાપ અને બીજાને પુણ્ય કેવી રીતે હોઈ શકે?

ચોથો ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવાને માટે નીકળેલો છે. હવે રસ્તામાં એવું બને છે કે અકસ્માત્ થાય છે, આકાશમાંથી વિજળી પડીને આ ચારે ચાર માણસોનો અંત આણે છે. ચારે માણસો એકજ સ્થળેથી નીકળ્યા છે તેઓ એકજ પરિસ્થિતિમાં છે અને તેમને ચાલવાથી એક સરખીજ હિંસા પણ થઇ છે તે છતાં આ ચારે માણસો કાળ કરશે તો શું એકજ ગતિએ જશે ખરા ? નહિ.

( ૩ )

કેટલાક ઉચ્છૃંખલ માણસો એવો પ્રશ્ન કરતાં પણ અચકાતા નથી કે અમે તો આટલા વરસોના વરસો સુધી પૂજા કર્યાજ કરી છે. પરંતુ અમોને તો પૂજાનું કોઇએ ફળ મળ્યું નથી. તો પછી હવે આ પૂજા કરવાનું શું કામ છે ? અને તેને માટે માથાફોડ કરવાનીએ શી જરૂર છે ? આવા મૂર્તિપૂજા વિરોધી ઉચ્છૃંખલોએ વિચારવાની જરૂર છે કે તેમણે વરસોના વરસો સુધી પૂજા કર્યા વિના માત્ર ગુરૂનો ઉપદેશ સાંભળી સાંભળીને કાન ફોડયા છે તેમાં તેમણે શું મેળવ્યું છે ? તેમણે જે કાંઇ મેળવ્યું છે તેમણે જે ધર્મની પ્રાપ્તિ કરી છે તે તેઓ બતાવી શકતા નથી કારણ કે ધર્મ એ કાંઇ બતાવવાની ચીજ નથી તો પછી એની મેળેજ ખુલ્લું થાય છે કે પૂજા કરતાં શું મળ્યું એ એ પણ બતાવવાની વસ્તુ હોઇ શકે નહિ.

### માત્ર એકજ હિંસા ભાસે છે !

ધર્મ એ અવ્યક્ત ચીજ છે ને કાંઇ હાથ પકડીને બતાવી શકાય એવી ચીજ નથી પરંતુ તે છતાં પણ કોઇ પૂજા કરતાં શું વળ્યું એવો પ્રશ્ન કરે તો તેનો પ્રશ્ન મિથ્યાજ

હોય તેવા કામોમાં ગમે તેટલી હિંસા થાય તેની તેમને પરવા નથી અને ભગવાનથી પ્રતાપી પ્રતિમા પૂજવામાં હિંસા થાય છે એમ કહીને તેઓ હિંસાને બહાને પ્રતિમાની પૂજાને અટકાવવાને માટે તૈયાર થાય છે એ મહાન ભેદનો જ વિષય છે. સત્યધર્મને જો તેઓ સમજી શક્યા હોત તો તેમને કદી આવી ભૂલ કદાપિ પણ થવા પામત જ નહિ. પોતાની સત્તામાં પોતાની વાતમાં લેશમાત્ર પણ ખામી ન આવે તે વસ્તુને તેઓ અહર્નિશ તપાસે છે એવા કામોમાં હિંસા થતી હોય કે મહાહિંસા થતી હોય તે લાગવાનો તેમને ખ્યાલ નથી આવતો. પરંતુ બંધન પામેલા જીવોને મોક્ષને માર્ગે લઈ જવામાં કારણભૂત જે જિનબિંબપૂજા તેમાં થતી હિંસાને તેઓ આગળ ધરે છે

## « માંડવી »માં હોય ખરો કે નહિ ?

જિનબિંબપૂજા વિરોધી સાધુઓમાં પણ જ્યારે નવો આત્મા શ્રીમતી ભાગવતી દીક્ષા અંગીકાર કરે છે ત્યારે વરઘોડો કાઢે છે. દીક્ષા પ્રસંગે કોઈને વિરોધ નથી. દીક્ષા હવે કોઈને વિરોધ હોઈ શકે જ નહિ, દીક્ષાની પૂ... લાગણી રાખવાને માટે તો શ્વેતાંબર જૈનસાધુઓ ગાયકવાડ સત્તાને પડકાર કરીને તેનાં સામે ઠરાવ સુધી પહોંચ્યા છે પરંતુ પ્રશ્ન તો છે કે મૂર્તિવિરોધી સાધુઓએ કરી દીક્ષાના વરઘોડાની બાધા આવી છે ખરી કે વારુ? દીક્ષાના વરઘોડામાં ગાડીઓની હદ નથી એમ પણ કહેવાય છે પરંતુ તે હિંસાને કોઈ માનેલ માંડવી તેમાં થાય છે અને એટલી હિંસા થાય છે અને તેઓએ કરી દીક્ષાના વરઘોડા કરવા માટે મૂર્તિ મૂર્તિવિરોધી સાધુઓએ

## ટ્રસ્ટીઓનો અધિકાર શું ?

સુધારકોએ વિચારવાની અને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તેઓ દેવદ્રવ્યના માલિક નથી. ભૂતકાળમાં તમને દેવદ્રવ્યની કોઈએ માલીકી સોંપી નથી વર્તમાનમાં તેઓ દેવદ્રવ્યના માલીક નથી અને ભવિષ્યમાં કદી તેઓ દેવદ્રવ્યના માલીક થવાના નથી. તેઓ તો દેવદ્રવ્યના ટ્રસ્ટી છે. જૈનશાસનના ઓઠાઓ એ આપણા ટ્રસ્ટના ઓઠાઓ જ છે. ખાઈ જવાની વાત આવે તે આ શાસનમાં ચાલે એવી નથી. ટ્રસ્ટીની ફરજ તો એ છે કે ટ્રસ્ટ જે રીતનું હોય તે રીતે તેનું વહીવટ જ ચલાવવાનો હોય છે. જો એ રીતે તે વહીવટ ન ચલાવે અને ટ્રસ્ટમાં ગોલમાલ કરવા જાય તો સરકાર સમજે કે તે પોતાના ટ્રસ્ટને બેવફા નિવડે છે અને ટ્રસ્ટની ગેરવ્યવસ્થા કરે છે.

ટ્રસ્ટીના અધિકારો વિચારો. ટ્રસ્ટીનો અધિકાર માત્ર ટ્રસ્ટને ટ્રસ્ટની શરત પ્રમાણે જ સંભાળવાનો છે. અન્ય રીતે નહિ જ! જો તમો ટ્રસ્ટની ગેરવ્યવસ્થા કરો તો તમે ટ્રસ્ટી તરીકે શરતને પાત્ર ઠરો છો એમાં જરા પણ શંકા રહેવા પામતી નથી. જ્યાં સુધી ટ્રસ્ટીની દાનત સાફ હોય છે તેનું હૃદય નાસ્તીના તાંતણા જેવું હોતું નથી ત્યાં સુધી તો ટ્રસ્ટીને માટે વાંધાજ નથી ત્યાં સુધી તો તે ટ્રસ્ટ બરાબર સંભાળે છે. પરંતુ જ્યાં તેની દાનત ફરી જાય છે કે પછી તેને ટ્રસ્ટનો કારભાર કરવાનો અધિકાર રહેતો નથી. આજકાલ જમાનો ચાલે છે કે દેવદ્રવ્ય એ એક જાતનું મોટું ટ્રસ્ટ છે અને એ ટ્રસ્ટનો ટ્રસ્ટીજ તે ભગવાન શ્રી જિનેશ્વર મહારાજ

જાઓએ પ્રરૂપેલા આગમો છે. આ દસ્તાવેજ કાયમ છે. દસ્તાવેજ જીવતો છે દસ્તાવેજને દસ્તાવેજ તરીકે લોકો સ્વીકારે છે ત્યાં સુધી તો તેમનાથી એ દસ્તાવેજની આડે જઈને એક પાઈ પણ ખરચી શકાય એવું જ નથી. બગાડકો પણ આ વાત સારી રીતે જાણે છે અને તેથી જ તેમણે પણ એ દસ્તાવેજ ઉડાવી દેવાના ફાંફાં મારવા માંડયાં છે.

## દગાબાજ કે દેવાળીયા.

શ્રીમાન્ તીર્થંકર ભગવાનોએ પોતે મેળવેલા મહાન્ જ્ઞાનવડે પ્રરૂપેલા આગમો તેને આપણા આજકાલના ઠીંગુજી બગાડકો "પોથાં" કહે છે, એ પોથાં તો સમયોચિત હતાં. જે કાળમાં તે રચાયાં હતાં તેજ કાળને માટે તેઓ જરૂરી હતાં અને આજના કાળને માટે તે બીનજરૂરી છે. આગમોમાં ઘણો ક્ષોભ થઈ ગયો છે. એમાં ઘણી નકામી વાતો પાછળથી ઘુસી ગઈ છે એવું એવું કહીને તેઓ થોથાં કહીને ઉડાવી દેવા માગે છે! એ મહાપ્રતાપી આગમોના અપૂર્વ ભંડારને તેઓ જગતની દૃષ્ટિમાં હલકો પાડવા માગે છે.

આગમોની સામે તેમને આવો કટ્ટો વિરોધ હોવા છતાં નવાઈની વાત એ છે કે એ આગમોને જ આધારે મળતા પૈસા વસુલ કરતાં તેઓ જરાય ડરતા નથીજ ! પોથાંને આધારે જે રકમ આવે છે, પોથાંને આધારે જે કાંઈ મળે છે, પોથાંદ્વારા જે દ્રવ્યની પ્રાપ્તિ થાય છે તે તો લેવીજ છે. તેનો વિરોધ કરવો નથી. એ વસુલાત કરતાં અટકી જવું નથી. પરંતુ એ પૈસા ખરચવા હોય ત્યારે પોથાંને વફાદાર રહેવું નથી. પોથાં જણાવે છે તે પ્રમાણે ખર્ચ કરવો નથી. ખર્ચ તો પોતાની મરજી

પ્રમાણે જ કરવો છે! હવે વિચાર કરો કે આવા "સદ્‌ગૃહસ્થો"ને તમે કયા પ્રકારમાં મૂકશો? દસ્તાવેજ કરી આપીને પૈસા લે પરંતુ દસ્તાવેજમાં લખ્યા પ્રમાણે વ્યાજમુદ્દલ ન ભરે, તો કાંતો લેનારો દગાબાજ છે અથવા દેવાળીયો છે! જેઓ પોથાંને અનુસરીને પૈસા લે છે. પરંતુ એ પૈસા પોથાંને અનુસરીનેજ ખરચતા નથી તેઓ પણ પેલા ખોટા દસ્તાવેજ કરી આપનારની માફક દગાખોર છે અથવા દેવાળીયા છે.

## શાસન સાથેની દગાબાજી.

કાંઈ પણ અપવાદ વિના પણ એટલી વાત તો ચોક્ખી જ છે કે જો સુધારકોને આગમો માન્ય ન હોય તો તેમણે આગમોને આધારે જ થએલા ટ્રસ્ટોની વસુલાત લેતાંજ બંધ કરવાની જરૂર છે. તમે એકી વખતે બંને કાયદાનો લાભ તો નહિ જ લઈ શકો. સાધારણ બુદ્ધિથી વિચારતાં પણ માલમ પડે છે કે એક માણસ પોતે હિંદુ તરીકે રહીને હિંદુ કાયદાનો લાભ લઈ શકે છે અથવા તો તે મુસલમાન બની જઈને મુસલમાન કાયદાનો લાભ લઈ શકે છે પરંતુ તે વારસો લેવામાં મુસલમાનકાયદાનો લાભ લે અને પોતાની મિલ્કતનો વારસો આપવામાં હિંદુકાયદાને અનુસરે એ વાત કદાપિ બની શકતી નથી. જેમ આ બંને વાત શક્ય નથી તેજ પ્રમાણે બગાડકો માટે પણ એ બંને વાતો અશક્ય જ છે. તેઓ શાસનને માન્ય એવા આગમોને આધારે સ્થપાએલા ટ્રસ્ટોને માટે પૈસા વસુલ કરે અને તે પોતાની મરજી પ્રમાણે ખરચી શકે. બગાડકો શાસનને માન્ય એવા શાસનની કીર્તિરૂપ, આગમોને આધારે પૈસા વસુલ કરે છે તો તેમણે એ

ફંડ ચાટી જવાની ફાળ આવે છે ત્યાં આસનજોગીઓની ફરજ છે કે તેમણે એ બગાડીઓનો બચાવ કરી, પૂર્ણ સામનો કરવો જોઈએ; ફંડનો દુરૂપયોગ થતો અટકાવવો જોઈએ. અને પૈસા ફંડની શરત પ્રમાણે જ વપરાય એ તેમણે જોવું જોઈએ. તેમ ન કરવા સુધારકો આવે, જ્યારે સામનો કરવાનો સમય આવે છે ત્યાં આસનજોગીઓ પાછા પડી જાય છે, તેઓ સામનો કરવાથી કંટાળે છે અને કહે છે કે, "અમે તો ફલાણું ફંડમાંથી ફાટનારું આપી દેવા માગીએ છીએ. કોણ કોણ આ બાબતમાં અને કોણ કોણ આ તરફ છે એ શી પીડા? આ પીડા અમારે જોઈતી નથી!" આવા શબ્દો બોલનારા આસનજોગીઓએ વિચાર કરવાની જરૂર છે કે આ મનોવૃત્તિવડે તેઓ પોતે ફંડની સેવા કરે છે કે તેનો દ્રોહ કરે છે.

## દુરૂપયોગ થવા દેવો એ પણ ગુન્હો.

ફંડી તરીકે તમોને કોઈ પણ ફંડમાં નીમવામાં આવ્યા છે તે એવા જ આશયથી નીમવામાં આવ્યા છે કે તમે આજની રીતે ફંડનો વહીવટ કરી ફંડની મિલ્કત સાચવો અને તેનો દુરૂપયોગ ન થવા દો. તમે ફંડનો દુરૂપયોગ નથી કરતા એ તમારી ફરજ છે અને તે તમે બજાવો છો, પરંતુ તમે ફાટનારું આપી દેવા તૈયાર થાઓ છો તેથી તમે તમારી એ ફરજ બજાવી શકતા નથી કારણ કે તમારે ફંડોનો દુરૂપયોગ થતો અટકાવવો જોઈએ.

સુધારકો તો તમારા ફાટનારા થઈ રહેલ જ છે. તમારી વર્તણૂક જોઈને લાગે છે કે, કોઈ પણ ફંડમાં જે [illegible] [illegible]

શાસનપ્રેમીઓની ફરજ છે કે તેમણે ટ્રસ્ટફંડમાંથી ચાલ્યા ન જતાં પોતાના સ્થાન ઉપર દૃઢ રહેવું જોઈએ અને એ ટ્રસ્ટોનો શાસન વિરોધમાં ઉપયોગ ન થાય તે માટે પુરેપુરી કાળજી રાખવી જોઈએ. શાસનપ્રેમીઓ આવા ટ્રસ્ટો સાચવતી વખતે કલહ પ્રત્યે જે ઉદાસીનતા બતાવે છે તે તેમની ઉદાસીનતા કેવા પ્રકારની છે તેનો ખુદ તેમણે જ વિચાર કરી લેવાની જરૂર છે.

દેવદ્રવ્યનું રક્ષણ કરવું એ પ્રત્યેક શાસનપ્રેમીની પહેલી, છેલ્લી અને હરેક વખતની મોટામાં મોટી ફરજ છે. એ ફરજ તરફ તેઓ કંટાળો દર્શાવે છે પરંતુ બીજી તરફ ખરેખરા કલહો થાય છે ત્યાં તેઓ શા માટે કંટાળો દર્શાવતા નથી વારૂ? પાડોશીની સાથે એક વેંત જમીનની તકરાર થતી હોય તો એ વેંતનો ટુકડો પણ છોડવાની તેમની તૈયારી નથી. એ વેંતના ટુકડા માટે તેઓ આકાશપાતાળ એક કરી નાંખે છે, મારામારી થાય તો તેમાંએ કદાચ પાછા નહિ જ પડે! અને કોર્ટમાં કેસ તો જરૂર માંડેજ માંડે! હવે વિચાર કરો કે પરસ્પરની બાબતોની તકરાર તે તેમને કલહરૂપ શા માટે નથી લાગતી? આ દાવાદુવી તેમને કલહરૂપ નથી લાગતા અને દેવદ્રવ્યનું રક્ષણ કરવાનું તેજ વાત તેમને શા માટે કલહરૂપ લાગે છે વારૂ? આ ઉપરથી શાસનપ્રેમીઓના માનસની શું પરીક્ષા જ નથી થવા પામતી?

## વાદવિવાદ એ કલહ નથી

મારામારીથી, વાદવિવાદથી. ટંટા બખેડા થાય તેથી નહિ કરો છો તેમાં અમે એથી કહી શકીએ કે નહિ એ સારી

[illegible] નિભાવવા [illegible] કરી શકે કે ત્યારે તમે તમારા [illegible] આવ્યા! ત્યારે તમારા ધરાંગણાનું સાટ્ટામાં આવ્યું નથી! દુકાનનું સાટ્ટ-નામું આવ્યું નથી. ઘર અને દુકાન તો [illegible] આવે છે ત્યાં સુધી [illegible] જ [illegible] છો! અરે, મરણ પછી પણ તમે તમારા શરીરની વ્યવસ્થા નથી કરતા પરંતુ પૈસા ટકાની વ્યવસ્થા તો જરૂર કરતાજ જાઓ છો. છોકરો હોય તો તેને તમારી મિલ્કત સહિસલામત મળે એવી ગોઠવણ કરો છો. બધી રીતે એ બાબત ઉપર તમે ધ્યાન આપો છો પરંતુ એક માત્ર ધ્યાન નથી આપતા ધાર્મિક બાબતમાં! ધાર્મિક બાબતમાં સત્યની સંરક્ષા માટે વાટાઘાટ થાય તેને તમે ખટપટ કહો છો, ટંટોબખેડો કહો છો અને તેનો ત્યાગ કરવાને તૈયાર થાઓ છો એ સઘળાનો અર્થ પણ એજ છે કે તમારૂં શાસનપ્રેમીપણું પણ હજી કાચું છે તે ખરેખરૂં પાકું થયું નથી!

## તટસ્થ રહેવું એ પણ મદદ છે.

ધર્માદા કાર્યોને અંગે તમે સત્યની સેવામાં સર્વ કાંઈ આપી દઈને ઉભા રહેવાની પ્રતિજ્ઞા ન કરો તો તમારી સે-વાની કિંમત પણ શૂન્ય બરાબર જ છે! અને એનો અર્થ એજ થાય છે કે તમે શાસનવિરોધી કાર્યોને સીધી મદદ નથી કરતા પરંતુ તમે એને આડકતરી મદદ કરો જ છો. ઇ. સ. ૧૯૧૪ની યુરોપમાં જે મહાન્તદવાસ્થળી જાગી હતી તેમાં જર્મનીએ પોતાનું સૈન્ય તૈયાર કરીને તેને બેલ્જીયમને

રસ્તે થઈ ફ્રાન્સમાં લઈ જવાનો ઘાટ ગોઠવ્યો હતો. બેલ્જીયમને રસ્તે જર્મનીનું સૈન્ય લેતે જઈ શક્યું હોત તો કદાચ સંભવ છે કે તેણે ફ્રાંસને તોડી નાંખ્યું હોત અને બ્રિટન ઉપર પણ કદાચિત તેની નહિ ધારેલી એવી જ અસર થાત! જર્મની જે સમયે લશ્કર લઈને આવ્યું તે સમયે બેલ્જીયમે તેને એમ કહ્યું હોત કે ભલે તારે આમ રાજ્યમાંથી જવું હોય તો જા, હું વચ્ચે આડો ન આવું! તો બેલ્જીયમની આ રીતભાતથી તેણે જર્મનીને મદદ કરી હતી એમજ લેખાવા પામત, અને લડાઈ જે આટલા બધા વર્ષો લંબાઈ હતી તે ન લંબાતાં તેનો થોડેજ વર્ષે નિકાલ આવી જાત!

## પૂજાની જ હિંસાનો વિરોધ કેમ?

બેલ્જીયમે જર્મનીને અટકાવ્યું ન હોત તો તેણે જર્મનીને મદદ કરેલી જ લેખાત. એજ પ્રમાણે શાસનપ્રેમીઓ પણ જો સુધારકોને તેમના અધર્મી માર્ગમાં આગળ વધતા ન અટકાવે, તેમના માર્ગમાં અડચણો ન ઉભી કરે અને દેવદ્રવ્યનો દુરૂપયોગ કરવાનું જે કાર્ય તેઓ લઈ બેઠા છે તેને તોડી પાડવાનો પુરેપુરો પ્રયત્ન ન કરે અને કુટુંબોમાંથી શાસ્ત્રમાં આવી દે અથવા તો તટસ્થ રહે તો તેનો અર્થ એજ છે કે તેઓ પણ દેવદ્રવ્યના વિનાશનું કામ કરે છે! આથી એમની અને સુધારકોની વચ્ચે ભારે વિરોધ જ રહે છે કે સુધારકો એકરૂપે એકદમ દેવદ્રવ્યનો વિનાશ કરે છે ત્યારે શાસનપ્રેમીઓ આડકતરી રીતે દેવદ્રવ્યનો નાશ કરે છે. ગમ્મત છે. ઉપર જ કુંદનમલ ઉભા લઈ આવે તો તેઓ તેમને સાથ આપનારો કહો કે નહિ? કહો. ફક્ત તે સમયે તો

તેને ગેરલાભ છે. અર્થાત્ કે સાધુ અને શ્રાવક બંનેના ધર્મના રસ્તા એક જ હોઈ શકે નહિ. શ્રીમાન્ મહાવીર ભગવાનનું પરમ પ્રતાપી જૈનશાસન કહે છે કે સાધુ અને શ્રાવક એ બંનેની ભૂમિકા જુદી છે.

## અયોગ્ય ઉપદેશ

શ્રાવક, શ્રમણને સ્નિગ્ધ આહાર વહોરાવે છે તેનું શ્રાવકને શું ફળ મળે છે તે વિચારો. શ્રાવકને તેનું એ ફળ મળે છે કે અલ્પપાપ થાય છે અને બહુનિર્જરા થાય છે. શ્રાવક, શ્રમણને સચિત્ત એવો આહાર વહોરાવે છે તો પણ તેનું ફળ એ શ્રાવકને માટે પણ નિર્જરા એજ છે. શ્રાવક, શ્રમણને અંતાળીશ દોષવાળું અન્ન વહોરાવે તો પણ તેને પણ નિર્જરા અને અલ્પપાપ એજ તેનું ફળ છે. પરંતુ મૂર્તિવિરોધીઓની દૃષ્ટિએ પણ એક સાધુ નદીના વહેતા પાણીમાંથી લોટો પાણી ભરી તે બીજા સાધુને વહોરાવે તો તેનું ફળ એ સાધુને માટે તો પાપ, પાપ અને પાપ એજ છે. શ્રાવકે સર્વસાવદ્યના ત્યાગની પ્રતિજ્ઞા નથી કરી લીધી શ્રાવક વહોરાવે તો તે કાર્યથી તેને પાપ નથી જ પરંતુ ઉલટી કર્મનિર્જરા છે. પરંતુ પ્રતિજ્ઞાવાળો સાધુ જો એમ કરે તો તેમાં તેને પાપ છે તેને નિર્જરા નથી જ. દીક્ષાનો ઉત્સવ થાય જેથી વરઘોડો નીકળે અને તેમાં સાધુ ઢોલ ટીપનો કોલાહલી કરે તો અમૂર્તિપૂજકો કોને પાપ માનશે કે નિર્જરા માનશે! એ ઢોલ ટીપીને તો તેઓ પણ નિર્જરા નહીજ માનતા.

## અશક્તોનો માર્ગ

ઉપરના સઘળા પ્રશ્નોના ઉત્તરો તદ્દન સરળ અને બુદ્ધિ-

પૂર્વકનો છે. ધારો કે એક માણસ મુંબઈથી થાણા જવા નિકળે છે. આ માણસ પુરતો શકિતવાળો છે. બળવાન છે, ચાલવામાં એક્કો છે અને તેથી તે એકે ઝપાટે મુંબઈથી થાણા પહોંચી ગયો છે. તેના બીજા મિત્રો મુંબઈ હોય તેઓ ચાલવામાં એના જેવા એક્કા નથી અને બળવાન પણ નથી આ માણસોને પેલો થાણે પહોંચી જનારો એમ કહે કે ભાઈ! હું તો એકે ઝપાટે થાણા પહોંચી ગયો છું પરંતુ તારાથી જો એકે ઝપાટે થાણા ન પહોંચી શકાય તો રસ્તામાં તું વિસામો લેજે, થાક ખાજે અને પછી બીજે દહાડે થાણે આવજે. પહેલો માણસ પોતે એક ઝપાટે થાણે જાય છે ત્યારે પાછળના મિત્રોને વિસામો ખાઈને બીજે દહાડે થાણે આવવા કહે છે શું આ ઉપરથી કદી પણ એમ કહી શકાશે ખરૂં કે એ માણસ એક વાત બોલે છે અને બીજી વાત કરે છે? મૂળ વાત તો એજ છે કે એકે ઝપાટે અને વગર વિસામે થાણે પહોંચવું પરંતુ એ બાબતની અશકિત હોય તેને માટે એવી સગવડ કરી આપી કે તેણે એકે ઝપાટે થાણે ન પહોંચતાં વચ્ચે વિસામો લેવો અને વિસામો ખાઈને થાણે પહોંચવું. વિસામો ખાઈને થાણે પહોંચવાનો જ જો પ્રતિબંધ હોય તો તો પરિણામ એજ આવે કે અશકત માણસ બાપડો થાણે પહોંચવાનો જ વિચાર ન કરે!

## કથની અને કરણી જુદી નથી.

જેમ સશક્ત માણસને માટેનો એ માર્ગ છે કે તેણે એકે ઝપાટે સ્થાને પહોંચી જવું અને અશક્ત માટેનો એ માર્ગ છે કે તેણે વિસામો લઈને સ્થાને જવું તેજ સ્થિતિ

નથી પણ સમજવાની છે. જેઓ સ્વયંજ્ઞાની છે પવિત્ર સંસ્કારવાળા છે, નિશ્ચય સ્વરૂપવાળા છે તેઓ તો તીર્થંકરોની પેઠે ગુરુકુળવાસમાં ન રહે, વિનય, વૈયાવચ્ચ ન કરે, ગુરુકુળવાસ ન કરે તો પણ તેઓ પોતાનો બેડો પાર કરી શકે છે. પરંતુ જેનામાં એટલી શક્તિ નથી જે એવા સ્વયંજ્ઞાની નથી પવિત્ર સંસ્કારવાળા નથી અને નિશ્ચય સ્વરૂપવાળા પણ નથી તેઓને માટે એ માર્ગ છે કે ગુરુકુળવાસમાં રહેવું, વિનય કરવો, વૈયાવચ્ચ કરવી, અને એ રીતે કર્મ ખપાવીને બેડો પાર કરવો. આમ કહેવામાં કથની અને કરણી જુદી છે એમ કહી શકાતું જ નથી. ભગવાન તીર્થંકરદેવ પોતે સર્વ ગુણસહિત છે અને સર્વશક્તિસંપન્ન છે એટલે તેમણે એવા શક્તિશાળીનું કર્તવ્ય કર્યું પણ ખરૂં અને તે કરી બતાવ્યું પણ ખરૂં. પરંતુ જે એવા શક્તિશીલ તથા તેવા સંપૂર્ણ જ્ઞાની ન હોય તેવાઓને માટે તેઓશ્રીએ તેમને લાયક એવો બીજો ઉપાય દર્શાવ્યો, આથી તેમના કથન અને વર્તનમાં ભિન્નતા હતી એવું કદીપણ કહી શકાતુંજ નથી અને તેથી "યથાવાદી તથાકારી" એમાં કોઈ ફેર પડતોજ નથી. આથીજ જે તત્ત્વ, જે ધર્મ અને જે કથન છે તે આપણે શ્રીમાન જિનેન્દ્ર દેવોના [illegible] અને તેમના કથન પ્રમાણેજ માન્ય રાખીએ છીએ તેને અન્યથા માનતા નથી.

## સુધારકોનો નવ તત્ત્વ અને ધર્મ

શ્રીમાન જિનેન્દ્ર ભગવાન્ ધર્મને ધર્મ તરીકે ન કહે તો શું ધર્મ, અધર્મ બની જાય કે? અથવા તો શું

શ્રીમાન્ જિનેશ્વરદેવો અધર્મને ધર્મ તરીકે કહે તેથી અધર્મ ધર્મ બની જાય છે? શ્રીમાન્ જિનેશ્વરદેવના કહેવાથી શું અતત્વ અને અશાસન તે તત્વરૂપ અને શાસનરૂપ બની જાય છે? નહીં જ. આથી કાંઇપણ શંકા વિના એ વાત કબુલ રાખવીજ પડશે કે સાધુ અને શ્રાવક એ બંનેના માર્ગો એકજ સરખા નથી પણ તે ભિન્નભિન્ન અને જુદા જુદાજ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સાધુ શ્રીજિનબિંબપૂજા નથી કરતો તે આધારે શ્રાવકને પણ એમ કહેવું કે. ભલા ભગવાનની પ્રતિમા પૂજવામાં તો હિંસા થાય છે માટે એ કાર્યનો ત્યાગ કર એ વસ્તુ સર્વથા વિપરીતજ છે.

## બંનેની ભૂમિકા જુદી છે.

સાધુ અને શ્રાવક એ બંનેની ભૂમિકા જુદીજ છે. આ જુદાપણાનો ખૂબખૂબ વિચાર કરવાનો છે. સાધુની પ્રતિજ્ઞા છે કે તેણે સર્વસાવદ્યનો ત્યાગ કર્યો છે. સાધુએ સર્વસાવદ્યનો ત્યાગ કર્યો હોવાથી તે ગૃહસ્થની વૈયાવચ્ચ કરી શકતોજ નથી. શાસ્ત્ર આ સંબંધીનો નિર્ણય આપતાં સ્પષ્ટપણે જણાવે છે કે "गिहीणो वेआवडियं" આ શબ્દો જે સ્થળે કહેવામાં આવ્યા છે તે સ્થળનો પ્રસંગ ગૃહસ્થને ગૃહસ્થના અંગેનો નથી. જો અહીંનો પ્રસંગ ગૃહસ્થોને ગૃહસ્થોના અંગેનોજ હોત તો "गिहीणो वेआवडियं" આવો શબ્દપ્રયોગ ન કરવામાં આવતાં એકલો "वेआवडियं" આવોજ શબ્દપ્રયોગ અહીં કરવામાં આવ્યો હોત, પરંતુ અહીં તો સ્પષ્ટ રીતે "गिहीणो वेआवडियं" આવો શબ્દ મૂક્યો છે. એ ઉપરથી સાબીત થાય છે કે સાધુ અને શ્રાવકના પ્રસંગને અનુસરી

તેજ આ શબ્દપ્રયોગ છે અને તેથીજ એમ કહેવામાં આવ્યું છે કે સાધુએ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી એજ કર્તવ્ય છે.

હવે બીમાર સાધુને માટે ભગવાન્ શ્રી તીર્થંકરદેવ શું કહે છે તે વિચારો. ભગવાન્ અહિં તો સ્પષ્ટ શબ્દોમાં એમ જણાવે છે કે જે બીમાર સાધુની સેવા કરે છે તેજ મને માનનારો છે અને જે બીમાર સાધુની સેવા નથી કરતો તે મને માનનારોજ નથી!

## કથની અને કરણીમાં ફેર છે કે?

અહીં બીમાર શબ્દથી ગૃહસ્થ બીમાર લેવાનો નથી અર્થાત બીમાર શબ્દનો અર્થ ગૃહસ્થ બીમાર કરવાનો નથી પરંતુ અહીં બીમાર સાધુ એવોજ અર્થ લેવો ઘટિત છે. ભગવાન્ શ્રી તીર્થંકર દેવ કહે છે કે જે બીમારની સેવા કરે છે તેજ મને માનનારો છે એમ પ્રગટ લેખું એનો અર્થ એવો છે કે જે તીર્થંકર ભગવાનોને માને છે તે બિમાર સાધુની સેવા કરેજ છે. ભગવાન શ્રી તીર્થંકરદેવ કહે છે કે જે મને માને છે તે બિમાર સાધુની વૈયાવચ્ચ જરૂર કરેજ છે. ત્યારે હવે વિચારી જુઓ કે ભગવાને પોતે આવા શબ્દો કહ્યા છે તો તેમણે પોતે કેટલા બિમાર સાધુઓની વૈયાવચ્ચ કરી છે? ભગવાને પોતે એક પણ બિમાર સાધુની વૈયાવચ્ચ નથીજ કરી તો પછી તીર્થંકર ભગવાનની કથની અને કરણી એક છે એ વસ્તુ ક્યાં રહી? શ્રીમાન તીર્થંકરદેવોએ ગુરુ પાસેથી દીક્ષા નથી લીધી. તેમણે ગુરુકુળવાસ પણ નથી કર્યો. કદાપિ ગુરુઓની વૈયાવચ્ચ પણ નથીજ કરી તો પછી તેમની કથની અને કરણી એક છે એ નિયમ ક્યાં રહ્યો? શું

શ્રીમાન્ જિનેશ્વરદેવો અધર્મને ધર્મ તરીકે કહે તેથી અધર્મ ધર્મ બની જાય છે? શ્રીમાન્ જિનેશ્વરદેવના કહેવાથી શું અતત્વ અને અશાસન તે તત્વરૂપ અને શાસનરૂપ બની જાય છે? નહીં જ. આથી કાંઇપણ શંકા વિના એ વાત કબુલ રાખવીજ પડશે કે સાધુ અને શ્રાવક એ બંનેના માર્ગો એકજ સરખા નથી પણ તે ભિન્નભિન્ન અને જુદા જુદાજ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સાધુ શ્રીજિનબિંબપુજા નથી કરતો તે આધારે શ્રાવકને પણ એમ કહેવું કે, ભલા ભગવાનની પ્રતિમા પુજવામાં તો હિંસા થાય છે માટે એ કાર્યનો ત્યાગ કર એ વસ્તુ સર્વથા વિપરીતજ છે.

## બંનેની ભૂમિકા જુદી છે.

સાધુ અને શ્રાવક એ બંનેની ભૂમિકા જુદીજ છે. આ [illegible] વિચાર કરવાનો છે. સાધુની પ્રતિજ્ઞા [illegible] સર્વસાવદ્યનો ત્યાગ કર્યો છે. સાધુએ સર્વસાવદ્ય[illegible] કર્યો [illegible] ગૃહસ્થની વૈયાવચ્ચ કરી શકતાજ નથી [illegible] આ સંબંધીનો નિર્ણય આગમમાં સ્પષ્ટપણે જણાવ્યો છે કે "गिहिणो वेयावडियं" આ શબ્દો જે સ્થળે કહેવામાં [illegible] ગૃહસ્થને ગૃહસ્થના [illegible] ગૃહસ્થોને ગૃહસ્થોના [illegible] "गिहिणो वेयावडियं" આવો શબ્દપ્રયોગ [illegible] "वेयावडियं" આવોજ શબ્દપ્રયોગ [illegible], પરંતુ અહીં તો [illegible] "[illegible] वेयावडियं" આવો શબ્દ મુક્યો છે [illegible] પ્રસંગને [illegible]

નેજ આ શબ્દપ્રયોગ છે અને તેથીજ એમ કહેવામાં આવ્યું છે કે સાધુએ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી એજ કર્તવ્ય છે.

હવે બીમાર સાધુને માટે ભગવાન્ શ્રી તીર્થંકરદેવ શું કહે છે તે વિચારો. ભગવાન્ અહિં તો સ્પષ્ટ શબ્દોમાં એમ જણાવે છે કે જે બીમાર સાધુની સેવા કરે છે તેજ મને માનનારો છે અને જે બીમાર સાધુની સેવા નથી કરતો તે મને માનનારોજ નથી!

## કથની અને કરણીમાં ફેર છે કે?

અહીં બીમાર શબ્દથી ગૃહસ્થ બીમાર લેવાનો નથી અર્થાત બીમાર શબ્દનો અર્થ ગૃહસ્થ બીમાર કરવાનો નથી પરંતુ અહીં બીમાર સાધુ એવોજ અર્થ લેવો ઘટિત છે. ભગવાન્ શ્રી તીર્થંકર દેવ કહે છે કે જે બીમારની સેવા કરે છે તેજ મને માનનારો છે એમ સમજી લેવું એનો અર્થ એવો છે કે જે તીર્થંકર ભગવાનોને માને છે તે બિમાર સાધુની સેવા કરેજ છે. ભગવાન શ્રી તીર્થંકરદેવ કહે છે કે જે મને માને છે તે બિમાર સાધુની વૈયાવચ્ચ જરૂર કરેજ છે. ત્યારે હવે વિચારી જુઓ કે ભગવાને પોતે આવા શબ્દો કહ્યા છે તો તેમણે પોતે કેટલા બિમાર સાધુઓની વૈયાવચ્ચ કરી છે? ભગવાને પોતે એક પણ બિમાર સાધુની વૈયાવચ્ચ નથીજ કરી તો પછી તીર્થંકર ભગવાનની કથની અને કરણી એક છે એ વસ્તુ ક્યાં રહી? શ્રીમાન તીર્થંકરદેવોએ ગુરુ પાસેથી દીક્ષા નથી લીધી. તેમણે ગુરુકુળવાસ પણ નથી કર્યો. ક્દાપિ વૃદ્ધોની વૈયાવચ્ચ પણ નથીજ કરી તો પછી તેમની કથની અને કરણી એક છે એ નિયમ ક્યાં રહ્યો? શું

તત્વ છે અને જે ધર્મ અને તત્વ છે તેજ તીર્થંકર ભગવાને કહેલ છે એવો અટલ નિર્ણય અહીં લેવાનો છે તેથી જ "जिनपन्नत्तं तत्तं, धम्मो जिनपन्नत्तो અને केवलीए पडिपन्नो એ ત્રણે વસ્તુનો આધાર અહીં લેવાનો છે. કેવળી મહારાજાનું વચન અધર્મને ધર્મ બનાવતું નથી અને તેઓ ધર્મને અધર્મ કહે તેથી ધર્મ અધર્મ થઇ જતો નથી પરંતુ આપણે બંને બાજુથી તેમનો નિયમ એટલા માટે માન્ય રાખીએ છીએ કે આપણા પોતાનામાં જ્ઞાન નથી. ધર્મ. તત્વ અને શાસન તો જે છે તેજ છે પરંતુ એને પારખી લેવાની આપણામાં તાકાત નથી. એટલા જ માટે આપણે ભગવાનના વચનને જ પ્રમાણ માનવાનું છે. જેઓ સોનું ઓળખી શકે છે, જેણે સોનાની પરીક્ષા કરવાની શક્તિ મેળવી છે, તે પોતે સોનું ખરીદવા માટે ચાર્ટર બેંકની છાપ ન જુએ તો પણ ચાલી શકે છે. પરંતુ જે અજ્ઞાન છે કે જેને સોનાની પરીક્ષા નથી તેને તો કસોટી ન લેતાં ચાર્ટર બેંકની છાપ છે કે નહિ એજ જોવાનું રહ્યું. આપણને કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, ચૌદપૂર્વ ઇત્યાદી થયાં નથી. ત્યાંસુધી સ્વતંત્ર રીતે ધર્મ, તત્વ અને શાસનને પારખવાની આપણામાં લાયકાત જ નથી. આપણામાં એ લાયકાત નથી તેથીજ આપણને કેવળી જે કાંઇ કહે છે તેજ એ બાબતમાં માનવાનું રહ્યું છે. જો આપણામાં સ્વતંત્રપણે ધર્મવસ્તુ, તત્વવસ્તુ અને શાસનવસ્તુ એ પારખવાની લાયકાત નથી તો પછી આપણે એ વસ્તુઓ લેવી કઈ રીતિએ અને કયે હિસાબે ? સોનું પારખવાની તાકાત નથી જ એટલે સૌથી સારા ઉપાય તરીકે આપણે છાપ જોઈએ છીએ તેજ પ્રમાણે ધર્મતત્વ પારખવાની આપણામાં લાયકાત નથી

તેનેજ અંગે આપણે શ્રીમાન્ તીર્થંકર હેવાનું કથન જોઇને તેઓ જે કાંઇ કહે તેને ઉભય પ્રકારે ઉપરનો નિયમ લાગુ પાડીને, એનેજ ધર્મ માનવાનો છે.

## બંને પક્ષનો નિર્ણય.

જ્યાં માત્ર એકજ પક્ષનો નિર્ણય છે તેવા પ્રસંગમાં [illegible] જોઇને તમે સોનું ખરીદી લો છો તો અહીં તો બે પ્રક[illegible] રને. નિ[illegible] છે પછી તેમાં શંકાજ ક્યાં રાખવાની હોય [illegible]

એજ રીતે અહીં

...ની

છે તેનો સદુપયોગાદિ આપણે સમજી શકયા નથી. જો આપણે સદુપયોગ કરવાનો જ સમજી શક્યા નથી તો પછી સદુપયોગ કરવાનો અને દુરૂપયોગ રોકવાનો માર્ગ તો આપણે કયાંથી જ સમજી શકીએ. ચાર્ટર બેંક નવું સોનું બનાવી આપતી નથી, તેના ઘરમાં કોઇ એવો સંચો નથી કે જેના વડે તે નવું સોનું તૈયાર કરી શકે, ત્યારે વિચાર કરો કે ચાર્ટર બેંક શું કરે છે અને સોનું કયાંથી લાવે છે? સોનું તો ખાણમાંથી નીકળે છે તેનોજ ઉપયોગ બેંક પણ કરે છે પરંતુ ફેર એટલોજ છે કે ખાણમાંથી નીકળેલા સોનાને તે શુદ્ધ કરે છે અને પછી તેના ઉપર પોતાની છાપ મારે છે. જગતમાં, જેમ સોનાની ખાણમાં સોનું તૈયાર છે પરંતુ તેને બહાર કાઢીને શોધવાનીજ વાર છે તેજ પ્રમાણે આપણે ત્યાં પણ સોનું તૈયાર જ છે. માત્ર તેને ખાણમાંથી કાઢયા પછી શુદ્ધ કરવાની જ જરૂર છે. એ શુદ્ધ કરવાની રીત કઇ તેનો વિચાર કરો. ભગવાન તીર્થંકર દેવોએ સંપૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર મેળવ્યાં હતાં અને તેઓ વીતરાગ બન્યા હતા એમ આપણે વારંવાર કહીએ છીએ પરંતુ તેઓ કેવી રીતે સંપૂર્ણ જ્ઞાન મેળવી શકયા અને કેવી રીતે વિતરાગપણું મેળવી લીધું તેનો વિચાર કરો. આપણે સામાયિક કરવાની, પૂજા પૌષધ કરવાની, પ્રભાવના કરવાની ટેક લઇએ છીએ. પરંતુ જરા સરખી પણ અડચણ આવે છે એટલે આપણે એ પ્રતિજ્ઞામાંથી ચલિત બનીએ છીએ.

(૬)

## નાહ્યા તેટલું પુણ્ય ન માનતા.

બીજા દર્શનોમાં અને આપણા દર્શનોમાં એક મહત્વનો

તફાવત છે. આ તફાવત શું છે તે ધ્યાનમાં લેજો. આ તફાવત બહુજ સૂક્ષ્મ છે પરંતુ તે નિગારના જેવો છે. બીજા દર્શનીઓ તુરત કહી દેશે કે 'બાઇ નાખ્યા તેટલું પુણ્ય, કર્યો તેટલો ધર્મ !' જૈનશાસનને તો આ વાત જરાય માન્ય નથી. જૈનશાસન તો સ્પષ્ટ રીતે કહે છે કે 'નાખ્યા તેટલું પુણ્ય કે કર્યો તેટલોજ ધર્મ નથી પરંતુ જેટલું નથી કર્યું તેટલો અધર્મ છે, ન નાખ્યા તેટલું પાપ.' બીજા શાસનોમાં જેટલો કરીએ એટલો ધર્મ છે, ત્યાં થાય તેટલું કરવાનો કાયદો છે. અહીં થાય તેટલું કરવાનો કાયદો નથી. અહીં તો પુરેપુરૂં કરવાનો કાયદો છે. આપણે આત્માને કેવા સ્વરૂપનો માનીએ છીએ તેનો વિચાર કરજો. આત્માને આપણે સામાન્ય માનતા નથી. તેને આપણે પૂર્ણ, શુદ્ધ, સર્વજ્ઞ, વીતરાગ રૂપ માનીએ છીએ. જો તેને એવો માન્યા પછી પણ તેના એ ગુણોની તેને પ્રાપ્તિ કરાવી આપવાનો આપણો પ્રયત્ન ન હોય તો આપણા પ્રયત્નમાં જેટલી ન્યૂનતા હોય તેટલીજ આપણી મહાભયંકર ખામીજ છે. 'કર્યો એટલો ધર્મ' એ સિદ્ધાંત તો દેખીતો અને હડહડતોજ જુઠો છે. ધારો કે તમોએ કોઇને રૂપીઆ પચાસ હજાર ધીર્યા છે. આ પચાસ હજારમાંથી તમોને ફક્ત ૧૦ હજાર પાછા મળ્યા અને તે ધણીએ દેવાળું કાઢી દીધું; તો શું આ સંયોગોમાં તમે આ દશ હજારને "દશ હજાર કમાયા" એમ ગણો છો ? તમે એ રૂપીયા જમા કરીને બાકીના રૂપીયાની બાકી કાઢો છો કે આ દશ હજાર મળ્યા તે વટાવ મળ્યો ગણી વટાવ ખાતે જમા કરો છો? જે માણસને નામે તમે આખી રકમ ઉધારી હોય તેજ

માણસને નામે તમે પૈસા જમા કરો છો અને પછી તેને નામે બાકીના પૈસાની બાકી કાઢો છો, અને એ બાકી કાઢીને એનું ખાતું આગળ ખેંચો છો, અને ૪૦ હજાર બાકી રહ્યા એમ હંમેશા યાદ રાખો છો.

## અહીં પણ બાકી ખેંચો.

એજ પ્રમાણે આપણે અહિં પણ વર્તવાનું છે. જેઓ આત્માને જડ, જ્ઞાનહીન અને દ્રવ્યજ્ઞાનરૂપ માનતા હોય તેમને માટે એ હિસાબ ચાલી શકે છે કે જેટલું મળ્યું તેટલો લાભ. જેણે કાંઇ રકમ ધીરીજ નથી તેને દશ હજાર મળી આવે તો એ એનો નફો ગણાય. પરંતુ જેણે લાખો ધીર્યા હોય અને દશ હજારજ પાછા મેળવે તેણે તો દશ હજાર રૂપીયા નફો મેળવ્યો છે એવું ગણી શકાતું નથી. તેજ પ્રમાણે જેણે આત્માને સર્વજ્ઞ નથી માન્યો તેઓ જેટલું જ્ઞાન થાય એટલો લાભ એવું ગણીને તે પ્રમાણે સંતોષ માની શકે છે. પરંતુ જેમણે આત્માને સર્વજ્ઞ માન્યો છે તેમણે તો સર્વજ્ઞપણું મેળવવામાં એક રતિમાત્ર બાકી રહી હોય ત્યાંસુધી પણ અસંતોષજ માનવાનો છે અને બાકીજ ખેંચવાની છે. જેમ વ્યવહારમાં આવેલી રકમ જમા કરીને બાકીનાની બાકી ખેંચો છો તેજ પ્રમાણે અહીં પણ જે મેળવ્યું હોય તેનું સ્મરણ રાખી બાકી રહેલા માટે તમારે સતત્ અને એકધારો પ્રયત્ન કરવાનો છે. તમો જે ગુણો નથી મેળવી શકયા તેની બાકી કાઢીને આગળ નથી ખેંચતા તેનું કારણ એ છે કે તમે હજી તમારા લક્ષની પાછળ પડ્યા નથી અને લક્ષ તરફ તમારે જોઇએ તેટલું ધ્યાન ખેંચાચુંજ નથી.

જે પોતે પોતાના ખાતામાં પોતાને નામે રહેલી આ બાકી સમજી શકે છે તેવો આત્મા પોતાને અધર્મી સમજે એમાં કાંઇ પણ નવાઇ નથી. તમારી ફરજ છે કે તમારે જે નથી થયું તે પણ પાપ એ વિચારને સદા સર્વદા મનમાં ગોખી રાખવો જોઇએ. અને તમારી બાકી ભરી કાઢી સર્વજ્ઞ-પણું–વીતરાગપણું મેળવવામાં સતત્ પ્રયત્ન કરવો જોઇએ, એવા સતત પ્રયત્નની શરૂઆત એજ સાચી જિંદગીની શરૂઆત છે.



**નોંધઃ**—આ વ્યાખ્યાનનો મૂખ્ય વિષય 'યથાવાદી તથાકારી' છે છતાં તેમાં અવાંતર ૧ પૂજામાં હિંસા થતી હોવાથી કરવી કે ન કરવીની ચર્ચા ૨ દેવદ્રવ્યનો ઉપયોગ ૩ શાસનપ્રેમી ટ્રસ્ટીઓની ફરજ ૪ जिनपन्नत्तं तत्तंનું રહસ્ય ૫ 'નાહ્યા તેટલું પુણ્ય' ન માનતા બધું કરવાનું રાખો વિગેરે વિષયો સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

# સુખ દુઃખ સમીક્ષા

[ધર્મ એ આત્માની સ્વતંત્ર ચીજ હોવા છતાં તેનો આત્માને સ્વતંત્રપણે ઉપયોગ કરવાનો અધિકાર જૈનશાસન આપતું નથી. મોહરાજાએ જીવાત્માની આગળ બરફીરૂપી કષાયો અને ધર્મરૂપી સોનાની વીંટી બન્ને મુકી દીધાં છે. બાળક બરફીને પકડે છે. સમજુ સોનાની વીંટી પકડે છે, તેમ અજ્ઞાની જીવ ખાવાપીવાના સુખ અને કષાયોરૂપ બરફીને પકડે છે અને સામાયિક પ્રતિક્રમણરૂપ ધર્મ વીંટીને પાછી ધકેલે છે, ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ થાય છે તે જાણ્યા છતાં દુ;ખ વખતે ધર્મને વિસરીએ તો આપણે બાળક જેવાજ ગણાઇએ,

દુનીયાદારી જાળવવી અને ધર્મક્રિયાઓ પણ કરવી તે પહેલું પગથાર, ધર્મ એજ તત્વ છે બીજું મિથ્યા છે, એ બીજું પગથાર, ત્રીજે પગથારે સંસારનો જુલમ મટયો એટલે સિદ્ધિ તેની સમજ. તમે કયે પગથારે છો તે વિચારો,

આજનો આ સંસાર ભાંગેલી હસ્તિશાળા જેવો છે, સમકિતીજીવોએ દુનીયાના સુખ તે સુખ છે તે ભૂલી જવું પણ તપ ત્યાગ પરિષહરૂપ દુઃખને સુખ સમજવું.]

(૧)

## ધર્મનો માલીક કોણ ?

અજ્ઞાનીઆત્માને પોતાના કબજાની વસ્તુનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાની સત્તા મળતી નથી. કોઇ વસ્તુ પોતાની

તે બરફી અને કસ્તીના મહત્વને જાણતું નથી, પરંતુ બાળજીવો તો ધર્મની મહત્તા જાણ્યા છતાં ધર્મને ધક્કો મારીને વિષયસુખને મેળવી લે છે. ધર્મને લાત મારી આપણે વિષયસુખને અપનાવી લઇએ છીએ, તે ઉપરથી માલમ પડી આવે છે કે આપણા જીવની દશા પણ બાળકના જેવીજ છે. બાળકપણામાંથી આપણે આગળ વધી શક્યા નથી. જ્યારે આહાર, શરીરાદિનું કામ પડે છે ત્યારે જરા પણ સંકોચ રાખ્યા વિના આપણે ધર્મને વહેતો મૂકી દઇએ છીએ! તાવ આવે, તબીયત બગડે. માથું દુઃખે તો આપણે આજે તો જીવને ઠીક નથી એમ કહીને સામાયિક. પ્રતિક્રમણ કરવાનું માંડી વાળીએ છીએ! આ આપણી બુદ્ધિશીલતા છે કે મૂર્ખાઇ છે તે વિચારો. શરીરને દુઃખ આવ્યું એથી આપણે સામાયિક, પ્રતિક્રમણ એ ધર્મ–પુણ્યનું કાર્ય પણ પડતું મૂક્યું અને ઢીલા થઇને હાથ જોડીને બેસી ગયા!

## પુણ્યની સાથેય રિસામણાં

જરા આપણે એટલો પણ વિચાર કર્યો છે ખરો કે આપણું શરીર બગડયું છે તે શાથી બગડયું છે? શું પુણ્યનો ઉદય થયો અને તેથી ધ્રૂજારી ચઢીને તમને તાવ આવ્યો એમ તમે માનો છો? પુણ્યોદયથી તાવ આવ્યો છે એવું તો કોઇપણ ધર્મવાળા માની શકતા નથી! અરે વિચાર સરખો પણ કરી શકતા નથી કે મારા શુભ કાર્યોને પરિણામે હું માંદો પડ્યો છું. આખું જગત એવુંજ માને છે કે અશુભોદયેજ રોગ થાય છે. તમે પણ એ વાત તો સારી રીતે જાણો છો કે મારા અશુભોદયે તબીયત બગડી છે, પરંતુ તે છતાં

તરતજ તમે સામાયિક, પ્રતિક્રમણ જેવા પુણ્યકાર્યોની સાથે રિસામણાં લો છો! દુઃખ પાપ આપે છે અને ફટકો ધર્મને મારો છો આ તમારો ન્યાય છે! તમે ગાંડાને ગાંડો ગાંડો કહીને તેને હલકો ગણો છો, પરંતુ તમે ગાંડા કરતાંએ વધારે ગોઝારૂં કામ કરો છો. ગાંડો માણસ પણ એટલી વાતો તો સમજે છે કે, જે અડપલું કરે છે તેનેજ ધપ્પો મારવો જોઇએ. અડપલું ન કરતો હોય તેને ધપ્પો ન મારવો જોઇએ! તમે ડાહ્યા હોવાનો દાવો તો કરો છો, પરંતુ જે અડપલું નથી કરતું તેનેય તમે ધપ્પો મારતાં વિચાર કરતા નથી.

(૨)

## પાપનું પ્રચંડ અડપલું

તમારી પ્રકૃતિ બગડી એ તમારી માથે પાપે અડપલું કર્યું, પરંતુ તમે ધર્મ સાથે જ અસહકાર કરી દીધો. એનો અર્થ એ કે તમે પુંણ્યને ધપ્પો માર્યો! અડપલું પાપે કર્યું અને ધપ્પો માર્યો, પુણ્યને!!

હવે તમોને ગાંડા કહેવા કે ડાહ્યા કહેવા તેનો તમે જ વિચાર કરો!

શ્રોતામાંથી એક ગૃહસ્થ–ગાંડા નહિ, પણ ગાંડાના કાકા કહેવા જોઇએ!

દુઃખ આવી પડે છે ત્યારે તમે એ વાત તો સારી રીતે જાણો છો કે એ દુઃખ પાપને લીધે–પાપના ઉદયથી આવ્યું છે, પરંતુ તે વખતે પાપનું ઓષધ ન કરતાં તમે પુણ્યને લાત મારવાનો ધંધો કરો છો! દુઃખનું ઔષધ, રોગનું ઔષધ યા તો તાવનું ઔષધ એ નામે તમે જે કાંઇ અવળા ધંધા કરો છો તેને પરિણામે તમે પાપને જ વધારવાનો રસ્તો લો

છો ! તમારી પ્રકૃતિ અસ્વસ્થ થાય, તાવ આવે, માથું દુખે, શરીરે ચસ્કા મારે છે આ સઘળી ઉપાધિ શાથી થાય છે એનો પહેલાં તમે નિશ્ચય કરો. એમ તો તમે પણ ખચિતજ માનો છો કે આ સઘળું થાય છે તે પાપના યોગેજ થાય છે, પુણ્યના યોગે નહિ.

## પુણ્યના પાવરની આવશ્યકતા.

તમે તમારૂં શરીર પાપના ઉદયથી જ બગડે છે એમ માનો છો તો એનો એજ અર્થ થાય છે કે તમે શરીરની અસ્વસ્થતા એને પાપનું અડપલું માનો છો. હવે જો તમે રોગનું આગમન એને પાપનું જ અડપલું માનો છો તો પછી એ પાપનાં ફળો પ્રત્યક્ષ જુઓ છો તે સ્થિતિમાં પણ પાપ વધારવાનેજ શા માટે તૈયાર થાઓ છો? તમે માંદા પડો છો કે તરત દવાની સ્પેશીયલ બાટલીઓ મંગાવો છો અને કદાચ એટલેથી ના પતે તો હવા ખાવા પણ સિધાવો છો અને રોગ મટે છે એટલે એમ માનો છો કે મારૂં દર્દ ફલાણા દાકતરે ફલાણી દવાથી સારૂં કર્યું છે, પરંતુ તમે જાણતા નથી કે જ્યાં સુધી પુણ્યનો પાવર તમને મળી શકતો નથી ત્યાં સુધી તો દાકતર, દવા, હવા અથવા તો બીજી કોઇ પણ શક્તિ તમોને પથારીમાંથી ઉઠાડીને બેઠી કરી શકતી નથી. જ્યારે પુણ્યનો પાવર મળે છે ત્યારે જ દાકતરની દવા ફળે છે, તમારો રોગ ટળે છે અને તમને આનંદ મળે છે!

## ઉદાહરણ પરથી કારણ શોધો.

ઘણી વાર એવું બને છે કે માણસો દવા લઇ લઇને

શકે છે, પરંતુ રોગ મટતો નથી. જ્યારે રોગ નથી મટતો ત્યારે બીજા બીજા ડાકતરો બદલવા માંડે છે અને વારાફરતી દવાઓ બદલાતી જાય છે એમ કરતાં કરતાં તમે પાંચ-પચ્ચીસ ડાકતરોને ત્યાં ફરો છો તો પણ તમારો રોગ મટતો નથી અને છવ્વીસમાને ત્યાં જાઓ છો તે તમારો રોગ મટાડી આપે છે. એનું શું કારણ? છવ્વીસમા ડાકતરને હાથે તમારો રોગ મટ્યો એનો અર્થ એ હતો કે તમારો રોગ મટવા જેવો તો હતો જ! જો તમારો રોગ મટવા જેવો ન હોત તો તો ધન્વંતરી આવીને તમારી પાસે બેઠા હોત તો પણ તે તમારો રોગ નજ મટાડી શકત યા ગમે તેવો સિવિલ સર્જન આવીને બેઠા હોત તો પણ તેથી તમોને આરામ ન થાત! હવે તમારો રોગ મટવા જેવો હતો તો પછી શા માટે તમોને પહેલે જ દિવસે પેલા છવ્વીસમા ડાકતરને ત્યાં જ જવાની બુદ્ધિ ન સૂઝી? શા માટે પેલા પચ્ચીસ ડાકતરોને ત્યાં રખડયા? અને પચ્ચીસને ત્યાં રખડયા પછી જ એવો ડાકતર શા માટે તમારા હાથમાં આવી ગયો કે જેણે તમારો રોગ મટાડી દીધો?

## શાતા અને અશાતાનો ભેદ.

આ સઘળી વાતોનો બુદ્ધિપૂર્વક વિચાર કરશો તો અંદરથી એજ વસ્તુ ફલિત થતી જણાશે કે તમોને અશાતાનો ઉદય થયો હતો અને એ અશાતાનો ઉદય તમારે ભોગવવાનો હતો તેથીજ તમોને આજ સુધીમાં પેલા છવ્વીસમ ડાકતરને ત્યાં જવાની બુદ્ધિ સૂઝી નહોતી અને પેલા પચ્ચી ડાકતરોને ત્યાંજ વારાફરતી રખડયા કર્યા હતા! પછી જ્ય

તમારો અશાતાનો ઉદય પૂર્ણ થઇ ગયો અને શાતાવેદનીય કર્મનો ઉદય થવાનો સમય આવી પહોંચ્યો ત્યારે જ તમોને પેલા છવ્વીસમા દાકતરને ત્યાં જવાની બુદ્ધિ સૂઝી હતી. દુનિયામાં કાંઇ છવ્વીસજ દાકતરો નથી. છવ્વીસ ઉપરાંત બીજા પણ સેંકડો દાકતરો તો છે. તો પછી પચ્ચીસ દાકતરો પૂરા કર્યા પછી તમારી વૃત્તિ સત્તાવીસમા દાકતરને ત્યાં જવાની શા માટે ન થઇ અને શા માટે પચ્ચીસ ઘર છોડ્યા બાદ છવ્વીસમા દાકતરને ત્યાં ગયા ? મહાનુભાવો ! દીર્ઘ-દૃષ્ટિથી વિચારશો તો માલમ પડશે કે એ સઘળો તમોને શાતાવેદનીય કર્મનો ઉદય થવાનો હતો તેનોજ પ્રભાવ હતો ! એને તેનું મૂળ કારણ પુણ્યનો પાવર અત્યારે મદદમાં આવ્યો છે.

## એ બધાનું કારણ શું ?

પચ્ચીસ દાકતરો છોડીને છવ્વીસમાને ઘેર જાઓ છો ત્યાં પણ ઘણીવાર એવું બને છે કે પહેલેં જ દહાડે દાક્તર દવા આપે છે ને તમે સારા થઇ જતા નથી. આઠ દિવસ સુધી તમોને એક પછી એક દવા આપે જાય છે, પરંતુ તેથી મટતું નથી. હવે એકજ દાકતર જ્યારે નવમે દિવસે દવા બદલીને બીજા બાટલામાંની દવા ભરી આપે છે કે તરત તમારૂં દર્દ મટવા માંડે છે ! હવે વિચાર કરો કે એ દાક્તરે પણ શા માટે જે દવા તમોને નવમે દહાડે આપી હતી તે દવા પહેલેજ દહાડે કેમ ના આપી દીધી વારૂં ? શું દવાનો એ બાટલો પહેલે દિવસે કબાટમાંથી ગુમ થયો હતો ? શું પહેલે દિવસે એ બાટલાએ પોતાનું ડાકું ધુંણાવીને એમ કહ્યું હતું કે:

"ઉંહુ ! મારામાંથી દવા રેડીને આજે આપતા નહિ." કાંઈજ નહિ. પાંચ સાત વાર દાકતરે દવા ફેરવી ફેરવીને આપી જોઇ, તત્પશ્ચાત્ તેનેજ એવી બુદ્ધિ સૂઝી કે લાવને આ બાટલામાંથી જ દવા આપું! તેણે તે બાટલામાંથી દવા આપી જોઇ અને તમોને આરામ પણ થયો! દાકતર એનો એ, દવા એની એ, એનું ભણતર એનું એ છતાં જે બુદ્ધિ તેને નવમે દહાડે થઇ તેજ બુદ્ધિ તેને પહેલે દહાડે કેમ ન થઇ તે વિચારજો.

## પહેલાં અનુભવ ક્યાં ગયો હતો?

તમે એમ કહેશો કે પહેલે દિવસે અમુક દવા આપી, બીજે દિવસે બીજી દવા આપી અને એમ દાકતર વારા ફરતી દવા ફેરવતો ગયો અને અનુભવને આધારે દવાઓ બદલતો ગયો એમ કરતાં નવમે દહ્ડે અમુક બાટલામાંની દવા આપવાનું તેને સૂઝયું હતું! વારૂ, પણ તો પછી એવો વિચાર કરો કે એ દાકતરે પહેલે દિવસે જે દવા આપી હતી તે તો અનુભવ વિના કેવળ બુદ્ધિથી જ આપી હતી ને? ના. તો પછી શા માટે પહેલે દિવસે એણે નવમા બાટલામાંની દવા ના આપી દીધી અથવાં પહેલે દિવસે ન આપી તો ભલે પરંતુ શાં માટે ત્રીજે, ચોથે દહાડે અનુભવને આધારે દવા બદલતાં બદલતાં પણ તેણે નવમો બાટલોજ ન પકડી લીધો? ગામમાં ઘણા દાકતરો હતા પરંતુ પહેલાં તમે પચ્ચીસ દાકતરને ત્યાં ફરો છો પછી તમે સત્યાવીસમા દાક્તરને ત્યાં ન જતાં છવ્વીસમા દાક્તરને ત્યાં કેમ જાઓ છો? એ દાક્તર આઠ દીવસ સુધી બીજી બીજી દવાઓ જ આપે જાય છે અને

રોગ પણ હોય અને દવા છોડીએ એટલે રોગ પણ જાય એમ બનતું નથી; પરંતુ એ નિયમ તો તદ્દન સાચો છે કે શાતાવેદનીયનો ઉદય થાય છે ત્યારેજ આરામ થાય છે અને શાતાનો ઉદય ન હોય ત્યાં સુધી દવા, દાકતર કે હવા કોઇ પણ વસ્તુ રોગ મટાડી શકતી નથી અથવા તો તમારો રોગ ઘટાડી શકતી નથી. દાકતર અને દરદી એકજ હોય તો પણ શાતાવેદનીયનો ઉદય થાય ત્યારેજ રોગ મટે છે અન્યથા રોગ મટતો નથી. માટે આવા દરેક પ્રસંગોમાં શાતાવેદનીયનો ઉદય તો માનવો પડશે, પરંતુ તેથી દાકતર, દવા, હવા ઈત્યાદિ નકામુંજ છે એમ કોઈ કહે નથી. પાપનો ઉદય થાય છે તે પણ કારણો મળ્યાથીજ થાય છે અને તેજ પ્રમાણે પુણ્યનો ઉદય થાય છે તે પણ કારણો મળ્યાથીજ થાય છે. આંખ ફૂટવાની હોય તો અચાનક માણસને ઝોકો આવે છે અને ઝોકો આવવાથી તે ભોંય પર ઢળી પડતાં આંખમાં શૂળ ભોંકાઇને તેની આંખ ફૂટે છે. અર્થાત્ પાપનો ઉદય પણ બાહ્ય કારણોને અંગેજ થાય છે અર્થાત્ તે બાહ્ય કારણો ઉપર આધાર રાખે છે.

## ( ૩ )

## આત્મા ધર્મની મહત્તા જાણતો નથી.

પાપ અને પુણ્ય એ બંનેનો ઉદય બાહ્ય કારણો ઉપર આધાર તો રાખેજ છે. પાપનો ઉદય થવાનો હોય ત્યારે બાહ્યદ્રવ્યો પ્રતિકુળ થાય છે અને પુણ્યનો ઉદય થવાનો હોય ત્યારે અનુકૂળ દ્રવ્યો મળી જાય છે! બહારના શુભ દ્રવ્યોના યોગે પુણ્ય થાય છે. અલબત્ત તીવ્ર પુણ્યના ઉદયે વગર સંયોગે પણ સુખ થાય છે અને તીવ્ર પાપના સંયોગે એજ

## શાસ્ત્રકારો શું કહે છે?

વેપાર કરવો, બૈરીછોકરાં, ઘરેણાંગાંઠાં એ સઘળો વ્યવહાર ખરો પરંતુ તે સંસારનો તમે માની લીધેલો વ્યવહાર છે. હવે તમારે એ વ્યવહાર ભગવાનના વચનમાં પણ લગાડવો છે. તમારા બૈરીછોકરાં, વેપાર એ સઘળું તમારે ભગવાનના વચનમાં ઘુસાડવું છે. તમારો એ પ્રપંચ શાસ્ત્રકારો કદાપિ નિભાવી શકવાના નથી! ભગવાને નિશ્ચય અને વ્યવહાર બે કહ્યા છે પરંતુ વ્યવહાર એટલે શું તે આપણે બરાબર વિચારતા નથી. સામાયિક, પૂજા એનેજ શાસ્ત્રે વ્યવહાર ગણ્યો છે. સામાયિક, પૂજા, પ્રભાવના એનેજ વ્યવહાર ગણવાનું કારણ શું એવું તમે પૂછશો તો તેનો જવાબ પણ શાસ્ત્રકારોએ આપીજ રાખેલો છે. આ પગથીએ—આ સ્ટેજે પહોંચેલો આત્મા પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ આ સઘળામાં કાંઇ સમજતો નથી, એ બધાનેજ તે તો એક અર્થ તરીકે માને છે અને તેનેય માન્ય રાખી તે પ્રમાણે વ્યવહાર ધર્મ ક્રિયામાં વર્તવું અને નિશ્ચયને પણ માન્ય રાખવો એમજ તે સમજે છે.

## પ્રથમ પગથીયાની સ્થિતિ.

સામાયિક, પૂજા, પ્રભાવના એ સઘળું કરવું, તેને એક અર્થ તરીકે માનવું અને આએ કરવું અને આએ કરવું, દુનિયાદારી જાળવવી અને ધર્મક્રિયાઓ પણ કરવી એવો જે વિચાર સેવે છે તે પહેલે પગથીએ—પ્રથમ ભૂમિકાએ સ્થિત થયેલા જીવો છે. પહેલા પગથિયાને પસાર કરીને જે જીવો

બીજા પગથીયામાં પ્રવેશ કરે છે તેમની મનોદશા એવી હોય છે કે. આ ધર્મ છે તેજ એક તત્ત્વરૂપ છે અને ધર્મ સિવાય બીજું જે કાંઇ જણાય છે તે સઘળું મિથ્યા છે. આવી મનોદશાની પ્રાપ્તિ, તેને બીજું પગથીયું સમજવાનું છે. બીજે પગથીએ આવેલાની માન્યતા સ્વાભાવિક રીતેજ એવી થવા પામે છે કે પુણ્ય, સંવર, નિર્જરા એ સઘળા મોક્ષના રસ્તા છે અને એ મોક્ષના રસ્તા આગળ આ જગતની દુનિયાદારી તો કાંઇ હિસાબમાંજ નથી! ત્રીજે પગથીએ આત્મા એ દશા પ્રાપ્ત કરે છે કે આ સંસારનો જુલમ મટ્યો એટલે સિદ્ધિ થઇ. તમે કહેશો કે જુલમ મટ્યો એટલે જુલમનું અસ્તિત્વ નાશ પામે છે એ વાત તો કબુલ છે પરંતુ તેથી સિદ્ધિ થઇ એવી વાત ખ્યાલમાં આવી શકતી નથી. ઠીક.

## જુલ્મ મટયો એટલે સિદ્ધિ થઈ.

ધારો કે એક સંસ્થાન ઉપર બીજા દેશના રાજાએ સ્વારી કરી છે. આ સ્વારીમાં પેલો સંસ્થાની રાજા હારી ગયો છે. અને વિદેશી રાજાએ સંસ્થાની રાજાને કેદ કરીને જેલમાં પૂર્યો છે પરંતુ. એ વેળા એમ બને છે કે તે સંસ્થાનની પ્રજા બળવો કરે છે. આ બળવો સફળ થાય છે. પ્રજા શત્રુના સૈન્યને કાપી નાખે છે. કારાવાસની દીવાલો તોડી નાંખે છે અને રાજાને છૂટો કરે છે. સંસ્થાની રાજાનું વ્યક્તિ તરીકે સ્થાન શું હતું એ વાત વિચારશો એટલે સમજી શકશો કે રાજા એ તેનું સ્થાન હતું. પરંતુ તેના રાજત્વની આડે કારાવાસરૂપી પડદો પડયો હતો, જ્યાં એ કારાવાસરૂપી પડદો

મળ્યા હોય તો તે પણ તમોને સંકટરૂપ નથી લાગતાં. દેવું કરીને ઘર ચલાવો તેમાં તમોને કંટાળો કે દુઃખ નથી જણાતું તો પછી રાજાની સ્થિતિમાં તમારો જીવ કંટાળો માનશે ખરો કે? જો રાજાની સ્થિતિમાં તમારો જીવ કંટાળો ન માને તો પછી સમ્રાટની અને ઇન્દ્રની સ્થિતિમાં તો તે કંટાળો ક્યાંથીજ માનવાનો હતો? તમારો જીવ અમુક દશામાં કેટલો ઉંચે ચડી શકે એમ છે તે જોઇને શાસ્ત્રકારોએ શાસ્ત્રો નથી બનાવ્યાં, પરંતુ શાસ્ત્રકારોએ તો જીવ કેટલો ઉચો ચઢવો જોઇએ એજ દૃષ્ટિબિંદુ રાખેલું છે અને તેથીજ તેમણે સમ્યગ્દૃષ્ટિને માટે આટલી કઠીન પરીક્ષા રાખી છે.

## ઘોલ મારીને સમ્યક્ત્વ લેવું છે?

સમ્રાટના સુખો, ચક્રવર્તીના ચેનચાળા અને ઇન્દ્રોની મહાનતા તેમના સુખો એ બધાય દુઃખરૂપ છે એવું તમારો આત્મા ન માને, જ્યાં સુધી એ સ્થિતિ તમોને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી સમ્યક્ત્વ તમારી પાસે આવવાનું નથી! ઘોલ મારીને યા સમજાવી પટાવીને સમ્યકત્વ લેવાની આ શાસનમાં જગ્યા નથી. બીજા ધર્મોમાં એવું છે ખરૂં કે અમુક ધન ગણી આપો કે તમોને તે ધર્મગુરુ પોતાના સહીસીક્કા સાથેનું સ્વર્ગનું પ્રમાણપત્ર લખી આપે છે! જુના જમાનાને તમારામાંના કેટલાક વખોડે છે અને જુના જમાનામાં આવું બન્યું હશે એમ માને છે. પરંતુ આ જુના જમાનાની વાત છે એમ ન સમજશો! આ કહેવાતી વૈજ્ઞાનિક વીસમીસદી ચાલે છે. તેમાં પણ પશ્ચિમના દેશોમાં કોઇ કોઇ સ્થળે આવો ખેલ ચાલે છે! બીજી બાજુએ આપણા દેશમાંજ તમે એવા પણ

ધર્માત્મા પડેલા જોયા છે કે તેને છોકરી અર્પણ કરો એટલે તમોને મોક્ષનો પરવાનો મળી જાય છે! જૈનશાસન એવી કોઈ પણ વસ્તુસ્થિતિમાં માનતું નથી. અહીં તમે ધોલ મારીને યા પૈસા આપીને સમ્યક્ત્વ ખરીદી શકતા નથી, અહીં તો સમ્યક્ત્વનો માત્ર એજ રસ્તો છે કે તમને ઉપર જણાવેલા પરિણામો થાય!

## અનિષ્ટનો સંયોગ થતાં શું થાય છે?

ઈંદ્ર, રાજા, મહારાજા, સમ્રાટ્ એ સઘળાના સુખો તેને પણ જ્યારે તમે દુઃખો માનો ત્યારેજ ત્યાં તમારે માટે સમ્યક્ત્વ મુકેલું છે. અન્ય સ્થળે તે નથી. દુર્ગતિનાં દુઃખો કેવા ભયંકર છે તે તો સૌ કોઈ જાણે છે. અન્યદર્શનવાદીઓ પણ દુર્ગતિના સંકટો જોઈ કંપી જાય છે. નરકાદિનાં દુઃખો સાંભળીને નહિ કંટાળતા હોય એવા ભાગ્યેજ હશે! આ જગતમાં એવો કોઈ પણ મનુષ્ય નથી કે જેને અનિષ્ટના સંયોગોથી, ઇષ્ટના વિયોગોથી, રોગથી અથવા અનિષ્ટ કારણોથી કંટાળો ન આવતો હોય! મનુષ્યની આવી સ્થિતિ છે એમ તમે સમજતા નહિ. પશુ પક્ષીઓની પણ એની એજ દશા છે! મીયાંજી ખુલ્લો છરો લઈને ગરીબડી ગાયને મારી નાખવા ઉભા હોય અને તમે ગાયને ખેંચી જવા માટે—તેને બચાવવા માટે ત્યાંથી દૂર લઈ જાઓ તો પણ તે તમને જોઈને વહેમથી કંપે છે, કીડી પાણીના વેગમાં તણાઇ જવાની અણી ઉપર હોય અને તમે તેને બચાવી લેવાને માટે એ જગાએથી ઉંચકી લો, તો પણ શંકાથી તે કીડી પોતાનું અનિષ્ટ થવાનું છે એવા વિચારે કંપી ઉઠે છે!

પગે દોરી જશે તો પણ નવી શાળારૂપી ચારિત્ર સુધી જતા માગ હાથીરૂપી ભવ્યજીવો નાસી જશે અને સોમાંથી સાઠ ભાવાત્માઓ પણ એ નવી શાળારૂપી ચારિત્રમાં પ્રવેશવા અર્થે બાકી નહિ રહે? આ સ્વપ્ન ઉપરથી આજનો સંસાર કેવો છે તે સમજવાનું છે. આજનો સંસાર કેવો ભયંકર છે અને તેમાંથી ભવ્યાત્માઓએ પણ નીકળી જવું એ કેટલું દુઃષ્કર છે તે ઉપરના સ્વપ્ન ઉપરથી સ્પષ્ટ થાય છે!

## તામલિ તાપસની જીવનકથા.

આજનો આ સંસાર તે ભાંગેલી હસ્તિશાળા જેવો છે. એ ભાંગેલી હસ્તિશાળારૂપી રોગ, શોક, થાક અને વિકારોથી ભરેલા આ જગતમાંથીજ જે જીવોને બહાર નીકળવાનું મન થતું નથી તે જીવો ઇન્દ્રોની રિદ્ધિસિદ્ધિ અને ઈન્દ્રોના વૈભવને શું તુચ્છ માનવાના હતા ખરા? આવા જીવો રાજાની ઋદ્ધિને, ઇન્દ્રના ઐશ્વર્યને અને જગતના વૈભવોને દેખશે ત્યારે શું કરશે? શું આ સઘળા સુખોને કદી તેઓ દુઃખરૂપી માની શકશે ખરા? તમે એવી આશા ન રાખશો કે આ જુની ગજશાળારૂપી સંસારમાં રહેલા જીવો ઇન્દ્રોની સમૃદ્ધિને પણ દુઃખરૂપ માનીને પણ તેને લાત મારશે! આ તો તમારી સમકીતિની વાત કરો છો પરંતુ બીજી બાજુએ મિથ્યાત્વીઓ પણ પ્રસંગ આવે દેવતાની રિદ્ધિઓ મળવાનો સમય આવતાં એ કેવા દૃઢ રહે છે તે તપાસો. તામલિ તાપસની તપશ્ચર્યાનો તો તમોને સારીપેઠે ખ્યાલ છે. એ તામલિ તાપસ જેવો મિથ્યાત્વી પણ એકવાર દેવતાઓની અપૂર્વ રિદ્ધિ અને દેવાધીશપણું મળવાને અવસરે કેવો દૃઢ રહ્યો હતો તે જુઓ!

## તે ઉગ્ર તપશ્ચર્યા !

તામલિતાપસની તપસ્યાનો મર્મ અને એની કઠિનતા તમારા ખ્યાલમાં લાવવું પડે એવું નથી. સેંકડો નહિ પણ હજારો વર્ષ સુધી છઠની તપસ્યા તેણે કરી હતી. બરાબ સાઠ હજાર વર્ષ સુધી તેણે છઠનું તપ કર્યું હતું એટલ ઉપરથીજ તેના તપની ગહનતા આંકવાની નથી, પરંતુ તેના તપની કઠિનતા પણ તમારે જોવાની છે આપણી માફક પાર-ણા અતરવાયણા કરતો નહતો. તામલિતાપસે છઠની તપસ્યા કરી હતી, એ તપસ્યા આપણા કરતાં બહુ કઠણ હતી. પાર-ણાને દિવસે તે એકજ પાત્ર લઈ નીકળતો, અરણ્યમાં ભિક્ષા માગતો અને જે કાંઈ ભિક્ષાન્ન મળતું હતું તે નદીએ લઇ જતો! નદી પર લઇ ગયા પછી એ તાપસ એ અન્નને એકવીસ વાર પાણીએ ધોઇ નાખતો હતો. એકવીસવાર પાણીએ જે અન્ન ધોવાઇ જાય છે તેમાં શું તત્વ કે સત્વ બાકી રહે છે તે તો તમે પોતે પણ સારી રીતે વિચારી શકો છો! હવે આ રીતનું સત્વહીન બનેલું અન્ન તે ખાતો હતો:! જેટલી તપસ્યાથી સમ્યક્ત્વવાળા આઠ મોક્ષે જાય, એવી ઘોર તપસ્યા તામલિતાપસે કરી હતી.

## અસુરેન્દ્ર તરીકે અવતાર લો !

આ પ્રમાણે તામલિતાપસે સાઠ હજાર વર્ષ સુધી તપ-સ્યા કરી હતી. આ ઉગ્ર તપસ્યા પછી તેણે અણશણ વ્રત આદર્યું હતું. એક બાજુએ આ સ્થિતિ છે, ત્યારે બીજી બાજુએ હવે બીજોજ બનાવ બને છે તે જુઓ. બીજી બા-જુએ એમ બન્યું કે અસુર દેવતાઓના અધીશ અસુરેન્દ્ર

તેનું ચ્યવન થયું અને અસુરો ધણી વિનાના ઢોર જેવા બની ગયા ! પોતાની સ્થિતિ ધણી વિનાની થઈ છે એ જાણીને અસુરોને ભારે શોક થયો અને તેમણે અસુર દેવોએ અને અસુર દેવીઓએ મળીને વિચાર કર્યો કે આપણે આપણો માલિક તો કોઈ શોધી કાઢવો જોઈએ ! દેવતા, દેવીઓ વિચાર કરે છે કે આપણો માલિક હોવોજ જોઈએ ! પણ હવે અહીં કોણ જન્મ ધારણ કરે ? અહીં તો તપસ્વી હોય તેજ ઉપજી શકે છે, બીજાઓ ઉપજી શકે નહિ. આવો વિચાર કરીને અસુરકુમારના સામાનિક દેવ દેવીઓ તામલિતાપસ પાસે આવ્યા. ત્યાં આવીને તેમણે તામલિ પાસે નાટ્ય ભજવ્યું અને છેવટે વિનતિ કરી કે સાહેબ ! અમારા સ્વામી થાઓ, અસુરેન્દ્ર તરીકે અવતાર ધારણ કરો.

## મિથ્યાત્વી પણ અડગ રહ્યો !

તામલિતાપસને કોઇ સમ્યક્ત્વવાળો કહેતા નથી, તેને કોઈ તીર્થંકર કહેતા નથી અને તેને કોઇ ગણધર પણ કહેતું નથી, તે ખુલ્લેખુલ્લો મિથ્યાત્વી છે. એવા મિથ્યાત્વીની આગળ પેલા અસુરો આવીને પ્રાર્થના કરે છે, તેને પોતાના નાથ થવા વિનવે છે. વિનતિ કરનારા અસુરો છે, બીજી બાજુએ વિનતિ સાંભળનારો તે મિથ્યાત્વી છે, પરંતુ જગતમાં નિયમ છે કે લેવા આવે તે ગરજાળુ થાય ! આ બુદ્ધિએ અસુરો તેને નિયાણું કરવાનું કહે છે, પરંતુ તાપસને એમાં ઠગાવાનું લાગે છે. બાજુ પર એક મુનિ ધર્મદેશના આપે છે.આમ એક બાજુ ઇન્દ્રાણીઓ નિયાણું કરી ઇન્દ્ર થાવ, અમારા સ્વામી થાવ, અને એક બાજુ નિયાણાના નિષેધની મુનિ પ્રરૂપણા કરે છે કે નિયાણું

કરવું એટલે લાખ આપી લાખ માગવા તેની માફક નિયાણું ગણાય એમ તાપસે સાંભળ્યું. દેશનામાં મુનિ સાચું કહે છે. ખરી પ્રરૂપણા કરનારા આ મુનિરાજ છે એમ કરી તાપસે નિયાણું ન કર્યું. તેથી તામલિતાપસ કાળ કરી ઇશાન ઇન્દ્ર થયો.

તામલિતાપસ બાળ તપસ્વી હતો, મિથ્યાત્વી હતો, છતાં દેવતાની રિદ્ધિ જોઇને તે પણ ચળ્યો નહિ ! જ્યારે મિથ્યાત્વી તે પણ દેવતાની રિદ્ધિ જોઇને ચળતો નથી તો પછી વિચાર કરો, કે સમકિતિ જીવે કઇ દશામાં આવવું જોઇએ ? મિથ્યાત્વીની દશામાં પણ સુખની બેદરકારી અને દેવતાઇ રિદ્ધિની અવગણના બને છે તો સમકિતિને શું બનવું જોઇએ તેનો વિચાર કરજો. સમકિતિ જીવની એ ફરજ છે કે તેણે આ જગતનું સુખ તે સુખ છે એ પાઠ ભૂલી જવો જોઇએ.

## સુખ અને દુઃખને સમજો.

સમકિતિ જીવોએ સુખ તે સુખ છે એ પાઠ ભૂલી જવો જોઇએ, એટલુંજ નહિ પરંતુ તેમણે સુખની જગો પર દુઃખ લખી લેવું જોઇએ રાજા, સમ્રાટ્, ઇન્દ્ર આદિની દશામાં સુખ છે. એ વાત સમકિતિ જીવોએ ભૂલી જવી જોઇએ અને સુખ તે દુઃખ એમજ તેમણે માની લેવું જોઇએ ! આ વસ્તુ સિદ્ધ કરવી એ કેટલું મુશ્કેલ છે ? જો દુઃખ આવી પડે, જે સંકટ તૂટી પડે, તે સંકટને, તે દુઃખને સુખ લખવું એ જેમ મુશ્કેલ છે. તેજ પ્રમાણે સુખને દુઃખ લખવું એ પણ મુશ્કેલ છે. સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ એ બંને પાઠોને આ રીતે પરસ્પર ફેરવી લેવાના છે. શું આ સ્થિતિને

તમે સહેલી માનો છો ? પણ જાણજો કે એ ક્રિયા જરાય સહેલી નથી ! તમે સુખને દુઃખ માનો અને દુઃખને સુખ માનો અગર તો સુખને દુઃખ માનીને તે પ્રમાણે વર્તો એ દુઃખને સુખ માનીને તે પ્રમાણે વર્તો એ તો દૂર રહ્યું પરંતુ સુખને દુઃખ અને દુઃખને સુખ એમ લખતાંજ તમારા હૈયાને શી અસર થાય છે તે તો નિહાળો ! પરસ્પર પાઠ ફેરવી નાંખતા પહેલાં તો તમારૂં હૈયુંજ ધ્રૂજી ઉઠે છે !!!

## પાશેરામાં પહેલી પૂણી.

સુખ એટલે દુઃખ અને દુઃખ એટલે સુખ એ માનવા માંજ તમોને વાંધો છે એમ નથી. તમોને તો સુખ એટલે દુઃખ અને દુઃખ એટલે સુખ એ પ્રમાણે લખવામાં પણ વાંધો નડે છે ! હજી તો તમારે એ પ્રમાણે માનવાનું નથી, હજી તો તમારે એ પ્રમાણે વર્તવાનું નથી, હજી માત્ર તમારા હાથ વડે એટલું લખવાનુંજ છે કે સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ, પરંતુ તે છતાં તમારૂં કાળજું થથરે છે અને તમારા પગ ધ્રૂજે છે! જ્યાં પાશેરામાં પહેલી પુણીમાંજ તમારી આ દશા છે તો પછી સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ એમ માનીને તમે તે પ્રમાણે વર્તન તો ક્યાંથીજ કરી શકવાના હતા ? એ પ્રમાણે ધારવામાં અને માનવામાં તમોને નવનેજા પાણીજ નીચે ઉતરવાનું છે ! જો તમે સુખના સ્થાને દુઃખ અને જે દુઃખ તેને સુખ એમ માની શકવાના નથી તો પછી તમે એ રીતના વિચાર પણ કરી શકવાના નથી. અને જો એ રીતના તમે વિચાર પણ કરી શકવાના નથી તો પછી એ પ્રમાણેનું વર્તન પણ તમારાથી થવાનું નથી.

વગેરે જે કાંઈ છે તે કાંઇ નથી પણ ત્યાગ એજ સઘળું છે. અને ત્યાગમાંજ સર્વસ્વ સમાએલું છે. તમે જેને દેવ માનો છો, જેને તમે તીર્થંકર ભગવાન્ કહીને વંદન કરો છો, જેને માટે તમે અભિભાવના પૂર્વક ગૌરવ લઇ શકો છો તેમનો આ આવો સિદ્ધાંત અને આવો પાઠ છે. હવે જો તમારો પણ એજ પહેલો પાઠ ન હોય તો પછી ત્યાગમાર્ગના સંપૂર્ણ ઉપાસકો તે તમારા મુખી હોઇ શકે નહિ અને તેના તમે અનુયાયી પણ હોઇ શકો નહિ. તીર્થંકર ભગવાનોની જગતમાં કેવી દશા હતી તે તમારે વિચારી જોવાનું છે. છતી રિદ્ધિસિદ્ધિ, પૈસોટકો જોઇએ એટલો, ધન-દૌલતની કાંઇ ન્યૂનતા નહોતી, છતાં તીર્થંકર દેવોએ તેને લાત મારી હતી! તે ભગવંતોના અનુયાયી તરીકે તમે વિચાર પરિવર્તન જેટલો પણ ત્યાગ કરી શકો કે નહિ તે તો વિચારો!

## 'હા' કહો કે 'ના' કહો!

તીર્થંકર ભગવાનોએ પૈસાને લાત મારી હતી. રાજ્યના અધિકારીઓ ગમે તે કહે તો પણ તેની આગળ આંધળાની માફક માથું ન નમાવી દે. તેમના કથનને ગણે નહિ, તમારી દૃષ્ટિએ તો સર્વથા ગાંડાના જેવુંજ વર્તન કરે, ઘરેણાં-હજારો અને લાખો રૂપીઆના અલંકારો તે ફેંકી દે, બહુમૂલ્ય વસ્ત્રોનો પણ ત્યાગ કરે, જગતની દરકાર ન રાખે, એવી ભગવાન્ શ્રી તીર્થંકર દેવોની સ્થિતિ હતી. તમારી અપેક્ષાએ તો તેમનું વર્તન ગાંડાતુર જેવુંજ ઠરે છે. હવે જો તમે તેમના અનુયાયી થવા માગતા હો તો તો તમારી ફરજ એ છે કે કાંતો તેઓના પાઠ તમે કબુલ કરો, તેમણે જે કર્યું હતું

તેજ યોગ્ય હતું, તેઓ જે માર્ગે ગયા હતા તેજ માર્ગ સાચો હતો, એ વાત માન્ય કરો અથવા તો તમે ડાહ્યા છો અને ભગવાન્ ગાંડાતૂર હતા એમ કહી દો !. તમે ગમે તે હો, તમારા વિચારો ગમે તેવા હોય, તમે શીખેલા હો કે અભણ હો, તો પણ તમારે આ બેમાંથી એક બાબત તો કબુલ કર્યે–માન્ય રાખેજ છૂટકો છે ! !

## મોહરાજાની મારકણી બરફી

લુચ્ચાના કરંડીયાની બરફી મૂર્ખા સિવાય બીજો કોઈ ખાવા માગતો નથી. જે મૂર્ખો હોય તેજ બદમાસની આણેલી ટોપલીમાંની બરફી ખાવા ચ્હાય છે. જેવી લુચ્ચાની બરફી ખાવામાં જોખમ છે, તેવીજ મોહરાજાની બરફી ખાવામાં પણ જોખમ સમાએલું છે. મોહરાજા એ બડો ઠગ છે, મોટો ચોરટો છે, જબરો ધાડપાડુ છે. એના વિષયકષાય આદિ જે કાંઈ તત્ત્વો છે તે બધાંએ એ મોહરાજાની બરફી સમાન છે. જેમ ચોરની, ધાડપાડુની બરફી ખાવાની કોઈ સુજન ઇચ્છા કરતો નથી. તેજ પ્રમાણે મોહરાજાની વિષય કષાયરૂપ બરફી પણ તેજ ખાવા ઇચ્છે છે કે જેઓ મિથ્યાત્વરૂપી અજ્ઞાની છે. મોહરૂપી મદિરામાં સ્વાત્મભાન મૂકીને જેઓ ઘેલા થએલા છે, તેઓજ માત્ર મોહરાજાની મિઠાઈને મિઠાઈ માનીને તેમાં રાચે છે. એ મિઠાઈના સ્વાદથી રાજી થાય છે, અને તે મિઠાઈનાં ખૂબખૂબ વખાણ કરે છે, પરંતુ જેઓ શાણા છે, સજ્જન છે, તેઓ તો મોહરાજાની એ બરફીને જ્વલંત ઝેર માને છે અને તેનાથી આઘે ભાગવાનીજ વાત કરે છે.

## દેવ અને ગુરુ બંને ત્યાગી.

દુનિયાદારીના સામાન્ય સુખને જેઓ દુઃખરૂપ લેખે છે અથવા તેનાથી જે પોતાને ગેરલાભ માને છે અને દુનિયાદારીના સંકટો ભૂખ, તરસ, તાપ, ટાઢ, ઋતુઓનો પ્રકોપ સહેવો એ બધાને જે આત્માના સુખ લેખે છે તેનેજ સમ્યગ્જ્ઞાન થએલું છે એમ તમારે સમજવાનું છે. સમ્યગ્દૃષ્ટિની તાત્વિક માન્યતા કયાં ટકે છે, તેજ તમોને સમજાવવાનો અમારો હેતુ છે. તમે તીર્થંકર, દેવ, ગુરુ ઇત્યાદિને પહેલા સમજો. રાજાને રાજા સમજીને સલામ કરનારા બહુ થોડા છે, પરંતુ એક સલામ કરે તો બીજો પણ સલામ કરે એવા ઘણા છે. તમે એવા સલામીયા ન થશો. દેવ, ગુરુ અને ધર્મને પહેલાં સમજો. આપણા દેવ તે પણ ત્યાગી છે, હજારોની માલમિલ્કત, લાખોની દોલત, કરોડોની શહેનશાહત એ સઘળાને લાત મારીને સંયમ સ્વીકાર્યો છે તે આપણા દેવો છે. જૈનશાસનમાં ગુરુઓ જોશો તો તેઓ પણ ત્યાગીજ છે. બીજા શાસનોમાં જોશો તો દુનિયાથીય ઉલટું! વ્યવહારમાં માણસને એક સ્ત્રી હોય છે તો તેમના દેવોની હજારો સ્ત્રીઓ! ગુરુઓ તરફ દૃષ્ટિ કરીએ તો તેઓ પણ ચેલાંઓના ટોળામાંજ બીરાજેલા! કોઇ ધર્મવાળા કહે છે કે અમારા ધારામાં ચાલ્યા આવો તો અમારૂં એવું કે ત્યાં જોઇએ એટલાં ઘરાંઓ, દારૂઓ, હીરા, માણેક સઘળું મફત! તો કોઈ ધર્મવાળા કહેશે કે અમારા ગુરુઓની ચેલીઓ પણ એટલી કે તેને રાખવા માટે પાંજરાપોળો હોય તો તે પણ નાની પડે! જૈનશાસન એજ એક એવું શાસન છે કે જેમાં દેવ અને ગુરુ બંને કંચન કામિની અને કુટુંબના ત્યાગી છે.

## જૈનધર્મ શું કહે છે?

હવે જૈન ધર્મ તરફ જોશો તો અહીં ધર્મ પણ ત્યાગ-નોજ ઉપદેશ આપનારો છે! દેવ, ગુરુ અને ધર્મની આ સ્થિતિને વિચારો. જ્યારે તમે આ સ્થિતિને વિચારશો ત્યારે ખબર પડશે કે સુખ ત્યાં દુઃખ અને દુઃખ ત્યાં સુખ એ પાઠ ફેરવવાનીજ જરૂર છે એ વાત તદ્દન સાચી છે કે સમ્યક્ત્વની જઘન્ય આરાધના એ આઠ ભવમાં મોક્ષ આપી દે છે. આ જીવ કઇ વસ્તુની કિંમત કરે છે તે વિચારો. દુનિયાદારીના સુખનીજ તે કિંમત કરે છે. આ વસ્તુ તમારે ખ્યાલમાં ઉતારવાની ખાસ જરૂર છે. જ્યારે તમે આ વસ્તુનો ખ્યાલ કરી શકશો ત્યારેજ તમે વસ્તુની લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ કિંમત કરતાં શીખશો. લૌકિક દૃષ્ટિની નિર્માલ્યતા અને લોકોત્તર દૃષ્ટિની મહત્તા તમારા ખ્યાલમાં આવશે અને કાળા મહેલમાં બેઠેલા શ્રાવકોએ પોતાને શ્રેણિક રાજાને અધર્મી જણાવ્યા હતા તે વ્યાજબીજ હતું એ વાત તમે સારી રીતે

# નવપદ

> [illegible]માં [illegible] તેવા આધાર [illegible] છે. નવકાર એ [illegible] છે. [illegible] [illegible] આવી ગયેલ [illegible]. [illegible] [illegible] એ આત્મા છે. [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] આધાર [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] એ [illegible] છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ધર્મ છે.

જગતમાં એવી કોઈ ચીજ નથી કે જે નવપદથી બહાર હોય. આરાધના લાયક જે ચીજ જગતમાં છે તે બધી નવપદમાં છે. અરિહંત પદ લઈએ તો સિદ્ધ આચાર્ય વિગેરે રહી જાય. ગુણી લઈએ તો ગુણ રહી જાય અને ગુણ લઈએ તો ગુણી રહી જાય. બધા ગુણ અને બધા ગુણી આરાધન કરવા લાયક છે તે સર્વને નવપદમાં લઈ લીધા છે. નવપદના નવ દિવસો એ તો સમજજો કે ખેતરમાં વરસાદ પડવાના દિવસો છે, પણ વરસાદ પડ્યા પછી અંકુરાં, થડીઆં, ફળ, ફુલ, દાણા ભરાવા તે બધું વરસાદ પછીનું કામ છે. વરસાદ વખત હળ ફેરવી આવે અને આવીને ઘેર લમણે હાથ મુકીને બેસી રહે તે કારતક મહિને શું કરે !!!

નવ દિવસમાં નુતન વરસાદ વરસવાનો છે પણ તેનો થયેલો સંસ્કાર હંમેશ રહેવો જોઈએ. **નવપદ નવ દિવસ માટે નથી !!!** બારે મહિના તમારૂં ધ્યાન નવપદ તરફજ હોવું જોઈએ. આરાધવા લાયક એવી કઈ ચીજ નવપદની

બહાર છે? દરેક ધર્મવાળા ત્રણ તત્વ માને છે. ધર્મના અર્થીને ત્રણ તત્વ સિવાય ચાલ્યું નથી, ચાલતું નથી અને ચાલશે પણ નહિ!!! કયાં ત્રણ તત્વ? દેવ ગુરૂ અને ધર્મ. કોઇ પણ મત લો, જગતમાં ત્રણ સિવાયનો કયો મત છે? દરેકમાં દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણ માનવા જ પડે, એટલુંજ નહિ પણ રૂપભદેવજી વિગેરે દેવાધિદેવો આવતી ચોવિશીમાં નથી, અપ્રતિમ પ્રભાવશાળી ગૌતમાદિક ગુરૂવર્યો તે આવતી ચોવિશીમાં નથી. આ ઉપરથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વિગેરેનો પણ જગતમાં વ્યક્તિવાદ હંમેશાં રહેવાનો નથી, પણ જાતિવાદ હંમેશાં રહ્યો છે, અને રહેશે; માટે ગુણના પુજારી બનો!!!

## આત્મા માટે અરિહંત નથી!!!

સિદ્ધચક્રમાં નવપદની નવ જાતિઓ છે. અરિહંતપદની બહાર કોઇ ચોવિશી છે? ના, જી. (સભામાંથી) આ ઉપરથી સમજી શકશો કે 'णमो त्थु णं समणस्स भगवओ महावीरं' એ શાશ્વત્ રહેવાનું નથી, આથી પ્રભુમહાવીરની અવગણના થતી નથી. વ્યક્તિ કરતાં જાતિ કેટલી પ્રબળ છે તે જણાવું છું. પ્રભુ શાસનનો પુજારી શ્રાવક વર્ગ અરિહંત પદથી કેવો સંસ્કારવાળો હોય!!! જ્યાં દેવતાનો ડર છે, મરવાનો ડર છે, દેવતાના વનમાં પેસનારો શ્રાવક શું વિચારે છે! રાજા રોજ એક માણસને મોકલે છે. જેનો વારો આવે તે મનુષ્ય મરવા માટે બગીચામાં પેસે, ફળ તોડીને નાંખે કે મોતના પંજામાં ફસાય, એ દશાના વિચારવાળાના મોંમાંથી 'નમો અરિહંતાણં' પદ કેમ નીકળ્યું હશે? એનો સંસ્કાર તપાસો!!!

સાકાર દેવ ન સમજે તો નિરાકારને સમજવાનો વખત આવે નહિ. પહેલા પદે સાકાર બીજા પદે નિરાકાર. અહીં આચાર્ય નામ કોનું ? જ્ઞાનાચારાદિ પાંચે આચારમાં જે બરોબર પ્રવીણ હોય, ગણધર ગુમ્ફિત સૂત્ર અર્થ તદુભયના વેત્તા બની વસ્તુસ્થિતિને પ્રરૂપનાર, પૂર્વોક્ત પંચાચારમાં પ્રવર્તનાર અને પ્રવર્તાવનાર તે આચાર્ય. આ જાતિવાચક પદોમાં સામાન્ય જૈનાચાર્ય કહ્યા નથી, પણ વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરનાર જૈનાચાર્યોજ આ પદોમાં હોઇ શકે.

અહીં આચાર્યને નમસ્કાર કરેલો છે. દુનિયાના બધા આચાર્યને નમસ્કાર નથી. દેવતત્વના પ્રરૂપકો જ ગુરૂપદમાં બિરાજે છે ! ! !

## ડુંગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી.

અરિહંતના તત્વને અમલમાં મુકનારાઓજ આચાર્ય ઉપાધ્યાય અને સાધુરૂપ પરમેષ્ઠિ પદમાં સુશોભિત છે. તે સિવાય બાકીના નામના આચાર્ય. ઉપાધ્યાય અને સાધુ સાથે અહિં લાગતું વળગતું નથી. જે શ્રદ્ધાહીન હોય તેજ એમ બોલી શકે, કે આચાર્યથી, ઉપાધ્યાયથી અને સાધુથી બધા આચાર્ય લેવા કેમ નહિ ? જો કે અહિં સુવિશેષણ લાગ્યું નથી; પણ અહીં આચાર્ય જ્ઞાનાચારાદિ આચારમાં વર્તતા હોય, પ્રરૂપતા હોય, પ્રવર્તાવતા હોય તેજ ગણવાના છે. ઉપાધ્યાય દ્વાદશાંગી ભણેલા હોય અને શિષ્યોને ભણાવતા હોય તે ગણવા ના છે. કપડાં માત્ર પલટાવવાથી આચાર્ય ઉપાધ્યાય અને સાધુ નથી બનાતું તેમ તેની સાથે કપડા વગરના એટલે સાધુ વેશ વગરના પણ સાધુ કહી શકાતા નથી. છાપ વગરની ચાંદી

રૂપીયો ન કહેવાય. પણ ચાંદી અને છાપ બન્ને હોય ત્યારેજ રૂપીયો કહેવાય. તેવી રીતે ગુરૂ ગુરૂપણાના ગુણ અને સાધુ **વેશની છાપવાળા બે હોય ત્યારેજ ગુરૂપદના અધિકારી છે.**

જેમ હાઈસ્કુલમાં ત્રણ વસ્તુ છે. હેડમાસ્તર, માસ્તર અને વિદ્યાર્થીઓ. તેવી રીતે જૈન શાસનરૂપ હાઈસ્કુલમાં હેડમાસ્તર તરીકે આચાર્યદેવો, માસ્તર તરીકે ઉપાધ્યાયો, અને વિદ્યાર્થી તરીકે સાધુઓ છે. જાતિસ્વરૂપના પ્રતિપાદનમાં સુવિશેષણ લાવવાની જરૂર નથી. દારૂ શબ્દમાં ઘેન ચડાવનાર એવું વિશેષણ મેલાય છે? મીઠો ગોળ કેમ નહિ? ગોળ શબ્દ મીઠા પદાર્થને કહેનારો છે, તેવીરીતે જાતિપદો સ્વતંત્ર સ્વરૂપમાં મીઠાશવાળાં છે. મોક્ષની ક્રિયાને સાધ્યપૂર્વક સેવન કરનાર શ્રાવક વર્ગ પ્રાથમિક શાળારૂપ દેશવિરતિમાં જે અભ્યાસ કરે છે તે હાઈસ્કુલમાં આવવા માટેની તૈયારીઓરૂપ છે!!! આ પાંચ પદો જાતિ તરીકે આરાધીએ શા માટે? ધ્યેય કયું? (સભામાંથી મોક્ષનું) 'ડુંગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી'!!!

## તપ એ પ્રવૃત્તિ ધર્મ છે.

બધાને આરાધો પણ ધ્યેય નહિ હોય તો તમે ચુકો છો!!! છોકરા સ્કુલમાં ભણે, તે નામું લખે અને મોટી ઉમરના નામાઓ લખે, મોટાઓને કોથળીમાં કેટલા પડે તે પ્રથમ વિચારવાનું છે. છોકરાઓને તો શિખવાનું છે કારણ એ તેમની અવસ્થા રૂપીઆ લાવવાની નથી.

અભ્યાસ વખતે લાખો જમે ઉધાર કરે, સરવાળા બાદબાકી કરે પણ તેમાં ધ્યેય કશું નથી, તેવી રીતે અરિહંતાદિ આરાધીએ અને ધ્યેય ન હોય તો સાધ્ય ધર્મની અપેક્ષાએ

બધું નકામું છે; બલ્કે છોકરાની નામું શીખવાની શાળા જેવું છે. આચારને અંગે અરિહંત આચાર્યાદિ વિગેરેને માનીએ છીએ. એમનામાં અનુપમેય સર્વસ્વ છે, તે મારે મેળવવું છે આથી સમ્યગ્દર્શનાદિ ચાર હોવાથી પાંચે પદને માનીએ છીએ. મેળવવા માટેજ માનીએ છીએ અને તેવા સાધ્ય તરીકેનો મુદ્દો નહિ રહે તો અભવ્ય અને ભવ્યમાં લેશભર ફરક નથી. સમ્યગ્દર્શનવાળાને સમ્યગ્દર્શનાદિનું ધ્યેય હોય છે અને અભવ્યને તે ધ્યેય હોતું નથી. આપણું ધ્યેય સમ્યગ્ દર્શનાદિ ત્રણનુંજ હોઇ શકે. તત્ત્વાર્થકારે ત્રણ પદ જણાવેલા છે, અહીં નવપદમાં ચાર પદ કહ્યા, તપ પદ કેમ ઉડાડી દીધું? પ્રતિજ્ઞા રૂપી તપ સિદ્ધપણામાં હોતું નથી, અણાહાર રૂપ તપનું સાધ્ય રત્નત્રયીમાં હોય છે. છતાં તે નથી લીધું, તેનું કારણ એ છે કે અણાહાર થવું એ ગુણ નથી ગણ્યો. પણ દોષના અભાવ રૂપ ગણ્યો છે.

નામકર્મનો ઉદય હતો, તૈજસની આગ ભભુકી રહી હતી, ત્યાં સુધી આહાર ત્યાગ ગુણ હતોજ નહિ, તૈજસના દોષથી થયેલો આહારનો સદ્ભાવ અને તે રૂપી દોષનો અભાવ તે અણાહારીપણું. સાધન તરીકે તપ હતું, માટે તેને સ્વરૂપ ધર્મમાં લીધો નથી. સમ્યગ્ દર્શનાદિ આત્માનું સ્વરૂપ, અને તે મોક્ષમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે વિતરાગપણું હોય છે તેથી તે આત્માના કબજાના માલીકીના છે. **અખંડ પ્રાપ્તિ માટે સહાયભૂત તપ એ પ્રવૃત્તિ ધર્મ છે.** તે પ્રવૃત્તિ રૂપ ધર્મમાં ઉજમાલ રહેલ ભવ્યાત્માઓ સહેજે સ્વરૂપ ધર્મરૂપ શિવ સંપદાઓ સાધે છે. સિદ્ધચક્રમાં રહેલ સર્વોત્કૃષ્ટ અલૌકિક નવપદ સર્વત્ર શાસનમાં સર્વદા જાતવાદમાં જયવંતા વર્તે છે!!!

# જૈનદર્શનમાં અસ્પૃશ્યતાનું વિધાન

[ જૈનશાસનમાં સારા કે ખોટા કર્મનું ફળ દશ ગણું માનેલું છે. જૈનશાસનમાં પણ અસ્પૃશતા માનેલી છે, મેતાર્ય કહે છે કે મારી અસ્પૃશ્યતાનું કલંક ટળે તો હું દીક્ષા લેવા તૈયાર છું. મેતારજ, હરિકેશી અને ચિત્રસંભૂતના દૃષ્ટાંતો દેવતાઇ દૃષ્ટાંતો છે તેના ઉદાહરણને આગળ કરી અસ્પૃશતા ઉડાવી ન દેવાય. ]

## જૈન શાસનની વિદ્યમાનતા!!!

"सव्वजहन्नो उदओ दशगुणीओ इक्कसि कयाणं" ઉપદેશમાળા.

આસન્નોપકારી પ્રભુ મહાવીર દેવના હસ્ત દીક્ષિત ધર્મદાસ ગણિવરજી શ્રી ઉપદેશમાળામાં જણાવે છે કે સુકૃત કે દુષ્કૃત એક વખત થાય તો તેનો ઓછામાં ઓછો દશ ગુણો ઉદય હોય છે, અને વધારે થાય તો ક્રોડાક્રોડ ગુણો ઉદય હોય છે, અનંતગુણો પણ હોય છે. શુભાશુભ કર્મની વિચિત્રતા અજબ છે!!! આથી ખ્યાલ આવશે કે એક વખત, બે ઘડી માટે પણ કરેલા અભિમાનથી ભવિષ્યની ઓછામાં ઓછી એક જીંદગી શી રીતે બગડે છે! ચાહે તો જાતિનું, કુલનું, શ્રુતનું, બલનું, કે બીજું કોઈ પણ અભિમાન એકજ વખત માત્ર બે ઘડી કરવામાં આવે તો તેનું ફળ આવતી આખી જીંદગીમાં ભોગવવું પડે છે. જે એક વખત કરેલું કર્મ

ઘણું ફલ ન આપતું હોય, ને તેવુંને તેવુંજ ફલ થતું હોય તો આવતો આખો જન્મ જાતિ, કુલ, લાભ, અને તપ વિગેરેમાં જીવને હીનપણું પામવાનું કંઈપણ કારણ નથી. મેતાર્યમુનિ, હરિકેશીમુનિ, ને ચિત્રસંભૂતિ મુનિ વગેરેના પહેલા ભવના ક્ષણ માત્રના અભિમાનો કયું ફળ આપનારાં થયાં છે!!!

આ ત્રણના દૃષ્ટાંતથી આજે કેટલાકો કહે છે કે- 'જૈન શાસનમાં અસ્પૃશ્યતા જેવી વસ્તુજ નથી, જો હોત તો આ ત્રણે મુનીઓ બની શકયા ન હોત. આવું કહેનારાઓએ પહેલાં તો એ વિચારવું જોઇએ કે આમાં પહેલાના ભવમાં કરેલા અભિમાનની સજા કઇ? કર્મની સત્તા માનો છો કે નહિ? જ્ઞાન, તપ વિગેરેમાં જેનું અભિમાન કરવામાં આવે તે બીજા ભવમાં પ્રાપ્ત ન થાય એ કર્મનું ફળ છે એવું માનો છો, કે નહિ? બળનું અભિમાન કરનાર બીજે ભવે નિર્બળ થાય છે. તેવીજ રીતે જાતિ તથા કુળનું અભિમાન કરનારા બીજે ભવે નીચ જાતિ તથા નીચ કુળમાં અવતરે છે, આ વાતને કેમ પ્રમાણ કરાતી નથી? એનાર્કીસ્ટોનો એ મત છે કે દુનિયાની તમામ મૂડી સરખે ભાગે વહેંચવી જોઇએ. એક લક્ષાધિપતિ અને એક હજારવાળો એવો ભેદ જોઇએ નહિ, અને એ માટેજ તેઓ ખુલ્લું કહે છે કે માલદારોને પ્રથમ મારી નાખવા, તેવીજ રીતે આજે વર્ણધર્મને અંગે પાકેલા એનાર્કીસ્ટોનું એજ ધ્યાન છે કે ઉંચ ગણાતાને હલકા પાડી દેવા. આ ચળવળખોરો તેજ છે કે જેઓએ ખીલાફત દેશના ભલાના નામે મુસલમાનોનાં પાણી પાયાં હતાં. દેશને માટે જરૂરી છે એમ કહી મુસલમાનોનાં પાણી પીનાર તથા પાનારાઓએ દેશનું ઉકાળ્યું શું?' કોઇ સારા ગણાતા મનુષ્યોએ તે વખતે મસીદમાં

જઈને પાણી પીધાં છે, મુસ્લીમોની પરબનાં પાણી પીધાં છે, તેઓએ દેશનું ઉકાળ્યું શું? કોઈ તુમાખીખોર મનુષ્યના એક અખતરાની પાછળ અક્કલ વગરનાઓ ચાલે છે. જો ઉંચનીચ ગોત્રાદિ નહિ માનો તો પછી આઠ કર્મની માન્યતા રહેશે નહિ, કર્મની માન્યતા ન હોય તો જૈન શાસનની જરૂર શી? અર્થાત્ કર્મ ચૂરવા માટે જૈન શાસનની વિદ્યમાનતા છે ઉંચનીચપણું તો સર્વત્ર છે.

વર્ણાશ્રમ એ જુદી વસ્તુ છે, અને ઉંચનીચપણું એ જુદી ચીજ છે. એકજ બ્રાહ્મણ વર્ણમાં પણ ઉંચનીચપણું છે કે નહિ? કોઇને ગધેડો કે કુતરો કહો અને કોઇને હાથી કે વૃષભ જેવા કહો તો અસરમાં ફરક પડે છે કે નહિ? જાનવરમાં પણ ઉંચનીચપણું કહેલું છે. અરે એકજ શરીરનાં જૂદા જૂદા અંગોપાંગમાંયે ઉંચનીચપણું રહેલું છે. સલામ હાથથી કરો છો ત્યાં પગથી સલામ કરો તો? પ્રાયઃ તમારે વાંધો નજ હોય, પણ શાસ્ત્રકારોને વાંધો નજ હોત તો 'नाभुवरिसिराइसुहं' ઇત્યાદિ શબ્દ કહેવા પડતજ નહિ. વળી આચારાંગમાં અંત્યજનાં કુળ જુગુપ્સનીય ગણ્યાં છે, શ્રી પિંડનિર્યુક્તિ પા. ૧૫૭ વસતિ, ગોચરી, અને પ્રવ્રજ્યા માટે અંત્યજોને અકલ્પનીય કહ્યા છે. નાભિથી ઉપરનો મસ્તક સુધીનો ભાગ શુભ નામકર્મના ઉદયથી શુભ તથા નાભિથી નીચેનો ભાગ અશુભ નામ કર્મના ઉદયથી અશુભ કહ્યો છે. આંખનું કામ કાનથી લઇ શકશો? (સભામાંથી) નહિ. કાનનું કામ આંખ પણ કરી શકશે?

વિચારો કે જો અસ્પૃશ્યતા જેવું ન હોય તો ક્ષાયિક સમક્તિના ધણી શ્રેણિક મહારાજા લાલપીળા થાત શું કામ? શ્રેણિક તથા અભય વળી વિચારે છે કે જેની પાસે આટલું દ્રવ્ય છે તે જરૂર બીજી પણ (રાજ્યને અંગે) ઉથલપાથલ કેમ ન કરે? એવું વિચારી શ્રેણિક અને અભય કુમાર બંને ઢેડને ઘેર જઇને બકરો જુએ છે તો પ્રત્યક્ષ તેને રત્નો મૂકતો દેખે છે. તે બકરાને પોતાને ત્યાં લાવે છે ત્યાં તો લીંડીજ મૂકે છે. તેથી અભયકુમાર કહે છે કે—'એ ધન મેતાર્યના નસીબનું છે તથા આમાં કોઈ દેવતાનો ચમત્કાર છે.' એમ સમજીને ફરી ઢેડને ઘેર બકરો બાંધી આવે છે. ફરીથી રત્નની ભેટ વારંવાર મોકલ્યા કરે છે, શ્રેણિક પૂછે છે છતાં માંગણી કન્યાની કરે છે.

ત્યાર પછી રાજા શ્રેણિક ઢેડને કહે છે કે—જો રાજગૃહીને (જે બાર જોજન લાંબી, અને નવ જોજન પહોળી છે) ફરતો એક રાતમાં સોનાનો કીલ્લો કરી દે, વૈભારગિરિ પર પગથી (પાજ) બંધાવે તથા દરિયો અહીં લાવી તેમાં અસ્પૃશ્યતા ટાળવાનો સંસ્કાર કરી પવિત્ર થાય તો કન્યા આપું!!! આ ત્રણે વાતો દેવતાઈ છે કે બીજું કાંઇ! તે તમે જાતે વિચારો જૈનદર્શનમાં અસ્પૃશ્યતા છે કે નહિ? તમારી શક્તિ ન હોય અને તમે ન પાળી શકો તે વાત જૂદી છે, પણ તેથી શાસ્ત્રને બદનામ કરો નહિ!!!

હરિકેશી અને મેતાર્યજીની દીક્ષાને તીર્થની પરંપરા સાથે કોઇ પણ જાતનો સંબંધ નથી!!!

## જૈનશાસ્ત્ર આડે આવતું નથી !!!

હવે હરિકેશી મુનિની વાત વિચારો. તેઓ તો રાજ-કુળના હતા પણ જન્મ્યા પછી બહાર મૂકી દેવાયાથી ચંડાળને ત્યાં દૂધ ભોજનાદિથી ઉછેરાયા હતા. ગોતાયંને કે હરિકેશીને કોઈ પણ ગચ્છના કે સંપ્રદાયના મુનિએ દીક્ષા આપી નથી. હરિકેશી મુનિને પણ ગોચરીને અંગે અસ્પૃશ્યતાના કારણે કેટલું વેઠવું પડે છે !

એક ઠેકાણે ગોચરી ગયા છે, તે મહોલ્લાના માણસો કહે છે કે–'ઉચ્છિષ્ટ ભોજન ફેંકી દઉં તે કબુલ પણ તને આપું નહિ,' વળી ત્યાં વ્યવહારિક જ્ઞાનદાતા ઉપાધ્યાય પોતાના વિદ્યાર્થીઓ પાસે હરિકેશીને માર મરાવે છે અને કાઢી મૂકવા માટે કહે છેઃ તેથી વિદ્યાર્થીઓ મારવા દોડે છે તે વખતે દેવતા તે વિદ્યાર્થીઓને લોહી વમતા કરે છે તથા કોઈના અંગોપાંગ મરડી નાખે છે. હરિકેશીનું દૃષ્ટાંત દેનારે આ વાત પણ કબુલવી જોઈશે કે એક મુનિના અપમાન ખાતર સેંકડાને લોહી વમતા કરવામાં વાંધો નથી !!! હરિકેશી મુનિ થયા છે પણ ભિક્ષાદિ વ્યવહારમાં આવી મુશીબતો છતાં રોષ કરતા નથી. તેમને કોઈ ગચ્છવાળા કે સંપ્રદાય-વાળાએ દીક્ષા આપી નથી. દેવતાના બળે, પૂર્વભવના પુણ્ય બળે, પ્રત્યેક બુદ્ધ જેવી સ્થિતિના યોગે દીક્ષા આવી જાય તેમાં જૈન શાસન આડે આવતું નથી.

હવે ચિત્રસંભૂતિ પણ ચંડાળ હતા, તેઓ મુનિ થયા છતાં ગામમાં પેઠા તે માટે માર ખાવો પડ્યો–એટલું જ નહિ પણ ગામમાંથી નીકળતાં નીકળતાં યે માર ખાધો. ને એવી

સ્થિતિ ઉભી થઇ કે એમને આવું જીવન જીવવા કરતાં મરવું સારૂં લાગ્યું અને તેથી ડુંગર ઉપર ચઢી ઝંપાપાત કરવાનો પ્રયત્ન કર્યો. આ ચિત્રસંભૂતિ મુનિને પણ કોઇ પણ ગચ્છવાળા મુનિએ દીક્ષા આપી નથી. ચિત્રસંભૂતિને તેજોલેશ્યા મૂકવી પડી પછી રાજા વિગેરે નમતા આવ્યા, વળી નિયાણું કરવું પડયું. આ બધી વાતો પ્રત્યક્ષ છતાં એકજ વાત પકડી રાખવી એનો અર્થ શો? કોઇ હિંદીએ અમુકના ખૂન કર્યાં તેથી એમ કહેવું કે હિંદીઓ ખૂની છે, તે શું ન્યાયયુકત છે!!! એક વખત બે ઘડી પણ નીતિ કે કુલનો મદ થાય તો આગલા ભવમાં નીચપણું ભોગવવું પડે છે. મનુષ્ય ભવમાં જાય તો નીચ ગોત્રમાં ઉપજે, તિર્યંચમાં પણ ગધેડો કે કુતરો વિગેરે થાય. અરે! દેવલોકે ઉપજે તો પણ કિલ્બિષીયોદેવ થાય. જેમ દુષ્કૃત્યને અંગે આ નિયમ તેમજ બે ઘડી ધર્મકૃત્ય થાય તો જન્માંતરમાં ઉંચી સ્થિતિ પ્રાપ્ત થાય. આ જીવ હજી પોતે ધર્મની કિંમત સમજતો નથી: અને તેથીજ જ્ઞાનીઓ તેને અજ્ઞાની કહે છે. આહાર, શરીર, ઇંદ્રિયો, વિષયો અને તેના સાધનોમાંજ મશગુલ રહેવું એ અજ્ઞાન છે. સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચરિત્ર એ ધર્મ છે તેની કિંમત સમજવી જોઇએ. તે બે રીતે થાય: (૧) લૌકિક તથા (૨) લોકોત્તર. લોકોત્તર દ્રષ્ટિએ ધર્મની કિંમત સમજાશે ત્યારે કાળા મહેલવાળા શ્રાવકોએ પોતાને અધર્મી તરીકે જાહેર કેમ કર્યા તે ખ્યાલમાં આવશે.

૧૦

# ધર્મના ચિન્હો

[જ્યાં ધર્મના અક્ષરો ન મળે તેવા ક્ષેત્રનું નામ વ્યવહારથી અનાર્યક્ષેત્ર કહેવામાં આવે છે. ધર્મમાં પ્રવર્તમાન થવાની ઇચ્છા અને તે ઇચ્છાને સફળ થવાનાં સાધનો આર્યક્ષેત્રમાં હોય છે.

આર્યોનું મંતવ્ય – આહાર, નિદ્રા, ભય, અને મૈથુન એ ચારની પ્રવૃત્તિમાં મનુષ્ય જ્ઞાનની સફળતા નથી. પણ ધર્મની પ્રવૃત્તિ કરવામાં છે.

ઔદાર્ય દાક્ષિણ્ય પાપ જુગુપ્સા અને નિર્મળ બોધ તે ધર્મવૃક્ષના ડાળાં છે. આ હોય તો ધર્મ છે તેમ સમજી શકાય છે. આથી આ ચાર વસ્તુ ધર્મના ચિન્હો છે.]

## આર્યક્ષેત્રમાં ઉંચામાં ઉંચી ચીજ ધર્મ

**औदार्यं दाक्षिण्यं पापजुगुप्साथ निर्मलो बोधः ।**
**लिङ्गानि धर्मसिध्धेः प्रायेण जनप्रियत्वं च ॥ (षोडश).**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરિજી મહારાજા ભવ્યજીવોના ઉપકારમાટે ધર્મોપદેશ દેતાં ઘણાં પ્રથમ જણાવી ગયા કે ધર્મની વાસના આર્યક્ષેત્રમાં રહેલી છે. જ્યાં સ્વપ્ને પણ ધર્મના અક્ષરો ન મળે તેવા ક્ષેત્રનું નામ વ્યવહારથી અનાર્યક્ષેત્ર કહેવામાં આવે છે. ધર્મમાં પ્રવર્તમાન થવાની ઇચ્છા અને તે ઇચ્છાને સફળ કરવાનાં અનેકવિધ સાધનો આર્યક્ષેત્રમાં સ્વાભાવિક હોય છેઃ આર્ય-

ક્ષેત્રનો મનુષ્ય ધર્મ કરવામાં પોતાની સફળતા માને છે. આર્યોમાં એ સંસ્કાર પહેલાંથીજ હોય છે કે આ મનુષ્યજીવનમાં કંઇ ધર્મ કરીશું તોજ જીંદગી સફલ થશે.

**आहारनिद्राभयमैथुनं च** એ શ્લોકમાં સર્વ પ્રકારના જીવની સામાન્ય સ્થિતિ સંજ્ઞાને અનુસરતા સ્વરૂપમાં વર્ણવેલી છે. આર્યોનું એ મંતવ્ય છે કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે તો મનુષ્ય તથા પશુમાં સરખાં છે એટલે કે મનુષ્ય જીવનની સફલતા આ ચારની પ્રવૃત્તિમાં નથી પણ ધર્મમાં પ્રવૃત્તિ કરવામાં છે. આર્યોમાં રહેલા આ સહેજ મંતવ્યથી દરેક પોતાને ધર્મી ગણાવા તૈયાર રહે છે, પોતાને જો કોઇ ધર્મી કહે તો ખુશખુશ થાય છે; કારણ કે આર્યક્ષેત્રમાં ધર્મને ઉંચામાં ઉંચી ચીજ ગણવામાં આવેલી છે. અર્થાત્ મનપસંદ ચીજના સારા યા નરસા શબ્દો શ્રવણેદ્રિયને સાંભળવા અત્યંત મધુર લાગે છે.

## અનાદિ સંસ્કારનો પ્રત્યક્ષ પ્રભાવ !

જે ધર્મ મનુષ્યજીવનને સફળ કરે તેવો ધર્મ આપણાથી થયો કે નહિ તે આપણે પારખી શકતા નથી, અને જ્યારે હેય ઉપાદેય વગરની સ્થિતિ હોય તો ઘાંચીનો બળદ ફર્યા કરે તેવો ઉદ્યમ ગણાય; વસ્તુતઃ એ આંધળીયા ઉદ્યમમાં આત્માનું વળે નહિં. ધર્મ કરીએ પણ આત્મામાં ધર્મના અંકુરો, થડ, ડાળી, પાંદડાં, ફુલ કે ફળ શું થયું તે જણાય નહિ, ધર્મ કેટલો થયો, કેટલો ન થયો, કેવો થયો વિગેરેની સમજ ન પડે તો ધર્મ માટેનો પણ તેવો ઉદ્યમ આત્માને શી રીતે આગળ વધારી શકે ? ધર્મ એ બાહ્ય રૂપ, રસ,

ગંધ, સ્પર્શ, શબ્દવાળી ચીજ નથી કે જેથી શગેલો કે શગેલો જાણી શકાય. માટે ધર્મ એ ઇંદ્રિયોદ્વારા દેખી કે જાણી શકાય તેમ નથી. છતાં ધર્મને નજ જાણી શકાય તેમ પણ નથી.

શાસ્ત્રકારો કહે છે કે કેટલાક પદાર્થો સાક્ષાત જણાય જ્યારે કેટલાક પદાર્થો તેના ચિન્હોદ્વારાએ જણાય છે. ચૂલાની પાસે હોઇએ તો અગ્નિ સાક્ષાત્ દેખીએ છીએ જ્યારે ચુલો ન દેખાય તેટલા દૂર હોઇએ કે બહારના ભાગમાં હોઇએ તો પણ ધૂમાડાદ્વારા એ અગ્નિ હોવાનું આપણે જાણી શકીએ છીએ. તે પ્રમાણે જ્ઞાની પુરૂષો પણ ધર્મને તેના ચિન્હોથી જાણી શકે છે. આપણે ધર્મને સાક્ષાત્ ન જાણી શકીએ પણ તેના ચિન્હોદ્વારાએ જાણી શકીએ. વૃક્ષનું થડ, ડાળ, પાંદડું, ફુલ, ફળ એ બધું બહાર જણાય પણ તે બધાનો આધાર તેનું મૂળ છે, કે જે બહાર જણાતું નથી. થડ, ડાળી, તથા પાંદડાંના પ્રમાણ ઉપરથી જમીનમાં દટાયેલું, ઝાડનું મૂળ કેટલું ઉંડું ગયું હશે તે પણ સમજી શકીએ છીએ અનુમાન કરી શકીએ છીએ. તેમ આત્મામાં રહેલો ધર્મ થડ, ડાળાં વિગેરેની જેમ બહાર દેખાતાં ચિન્હોથી જાણી શકાય તેમ છે. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી-ડાળાં પાંખડા વિગેરે દ્વારાએ ધર્મ તપાસવાનું, (આત્મામાં ધર્મ છે કે નહિ તે નિહાળવાનું) કહે છે. તે ડાળાં, પાંખડાં કયાં ? ઔદાર્ય દાક્ષિણ્ય વિગેરે.

આ જગત્‌માં અનાદિકાલથી આ આત્માને 'અહિંથી લઉં કે તહિંથી લઉં' એવો સંસ્કાર પડેલો છે. બે ત્રણ વર્ષનું બચ્ચું

હાથમાં રૂપીઓ લઇ માલ લેવા જાય તોયે તેને કોઇ આપે નહિ છતાં તેના હાથમાંથી રૂપીઓ લ્યો તો ખરા !! એ રૂપીઓ છોડાવવો સ્હેલો નથી; ઘણો મુશ્કેલ છે. રૂપીઆ માટે (રૂપીઓ ન છોડવા માટે) વલુરા ભરે, બચકાં ભરે, પગ પછાડે, ચીસો નાંખે: બધુંયે કરે પણ રૂપીઓ છોડે નહિ; હા ! રોતાં રોતાં થાકે, સુએ, ઉંઘી જાય પછી રૂપીઓ કે ઢબુ જે હોય તે એના હાથમાંથી લઇ લ્યો તેનું તેને ભાન નથી, જાગ્યા પછી તે રૂપીયા કે પૈસાને સંભારતું પણ નથી. બાલ્યવયમાં રૂપીઓ છુટતો નથી એટલે કે એવા તીવ્ર લોભના અનાદિ સંસ્કારનો પ્રત્યક્ષ પ્રભાવ છે.

## ધર્મનું પહેલું ચિન્હ ! ઔદાર્ય !

હવે 'લ'ની જગ્યાએ 'દ' મૂકો: અર્થાત્ 'લઉ'ને સ્થાને 'દઉ' આવી ભાવનાથી ભરપૂર બનો, લેવા દેવાના કાટલા જુદા રાખવાનું કાર્ય મનુષ્યોને ન શોભે? આવો સંસ્કાર થાય, વધે, જાગે તો માનો એમાં કલ્યાણ. ધર્મનો એ પ્રથમ અંકુરો: દેવાની ભાવનામાં કલ્યાણની બુદ્ધિ કેટલી? એ બુદ્ધિનું જેટલું પ્રમાણ તેટલો ધર્મ. દેવાની ભાવનાને બદલે લેવાનું તથા સંઘરવાનું મન તેટલી કલ્યાણ બુદ્ધિ ઓછી, તેટલો ધર્મ ઓછો. ધર્મનું પહેલું ચિન્હ ઔદાર્ય. દેવામાં કલ્યાણ બુદ્ધિ માને પછી દે પોતાની શક્તિ પ્રમાણે: દાનને ધર્મનું ચિન્હ ન કહ્યું પણ ઔદાર્યને ચિન્હ કહ્યું. કારણ કે દેવાનો આધાર તો શક્તિ પર અવલંબેલો છે. ઔદાર્યની ભાવના છતાં પ્રવૃત્તિ બધાની સરખી થવી મુશ્કેલ છે, તેમજ જગતૂમાં બધા કાર્યમાં બધાની તેવી ભાવનાવાળાની બુદ્ધિ સરખી

ધર્મના ચાર ચિન્હો ! ! !

[illegible] શ્રીમાન [illegible] ધર્મના [illegible] [illegible] [illegible] તેમ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બીજું ચિન્હ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કર્યા [illegible] ધર્મ [illegible] ? [illegible] [illegible] ધર્મ કરાય, [illegible] ધર્મ કરવાનું ના [illegible] મનમાં [illegible] થાય તેનું નામ દાક્ષિણ્ય. આ [illegible] [illegible] ધર્મનું બીજું ચિન્હ છે તેમ સમજવું. દાક્ષિણ્ય [illegible] [illegible] કામ કરાવે. પાડોશીઓ [illegible] [illegible] [illegible] [illegible] શરમ કે આગ્રહ ખાતર ધર્મ કરાય તે ધર્મનું ચિન્હ નથી, પણ દાક્ષિણ્ય શબ્દનો દુરૂપયોગ ન થાય માટે આગળ જણાવે છે કે ધર્મનું ત્રીજું ચિન્હ **પાપજુગુપ્સા** છે. આ ત્રીજા ચિન્હવાળો આત્મા જ્યાં પાપ જાણે, સમજે કે સાંભળે કે તરત તેની, અને તેના માર્ગની નિંદા કરે. અનાદિના અજ્ઞાનથી થએલાં પાપને પણ આપણે શ્રી તીર્થંકરદેવની વાણી અનુસાર, તે પાપની નિંદા કરવા પૂર્વક દુર કરી શકીએ છીએ, ધર્મના ત્રીજા લક્ષણવાળો આત્મા પાપનાં કોઈ પણ કાર્યને મન. વચન. કાયાથી અનુમોદે નહિં અને પાપકાર્યોની ત્રિવિધ ત્રિવિધ નિંદા કરે. બાહ્ય સ્નાન જેમ શરીર પરના કચરા સાથે કસ્તુરીના વિલેપનને પણ ધોઈ નાખે

છે તેમ અજ્ઞાન જીવ પાપ પુણ્યની વ્હેંચણી ન કરી શકવાના કારણે પાપને પુણ્ય તથા પુણ્યને પાપ કહી પાપની નિંદા કરતાં પુણ્યની નિંદા પણ કરી દે છે: કારણ કે તેનામાં નિર્મલબોધ નથી: માટે ધર્મનું ચોથું ચિન્હ **નિર્મલબોધ છે.** નિર્મલબોધ જેને થાય તે આત્મા પુણ્યને પુણ્ય, પાપને પાપ, આશ્રવને આશ્રવ, બંધનને બંધન, ભવકારણને ભવકારણ તરીકે વસ્તુને યથાર્થ સ્વરૂપે સમજી શકે છે. નિર્મલબોધમાં કોઈની સાક્ષી લેવી પડે તેમ નથી. **આત્મામાં ધર્મ થયો છે કે નહિ તે જાણવાનાં, તેની સિદ્ધિનાં, પ્રતીતિનાં આ ચિન્હો છે. આ ચિન્હો તરફ દીલ ન લાગતું હોય તો આત્મામાં ધર્મ થયો નથી એમ સમજવું.**

ધર્મનું પાંચમું ચિન્હ 'લોકપ્રિયપણું' છે પણ એ ચિન્હ નિયમવાળું નથી, એટલે ત્યાં 'પ્રાય:' શબ્દ મૂક્યો અર્થાત્ એ ચિન્હ ઘણાભાગે હોય. વિવેકી મનુષ્યને તે વહાલોજ લાગે આવા સુંદર સમાન ગુણવાળાને દેખી તેવા ગુણવાળા સજ્જનો રાજી થાય માટે ધર્મનાં ચાર ચિન્હ ધરાવનારો પ્રાય: લોકપ્રિય હોય એટલે ઘણું કરીને ત્યાં પાંચમું ચિન્હ પણ હોય. જો આત્મામાં પૂર્વે કથન કરેલા આ પાંચ ચિન્હો પોતામાં જણાય તો સમજવું કે આત્મામાં ધર્મની અસર થયેલી છે. કારણ કે આ ધર્મ પ્રતીતિ કરવાનું માપક યંત્ર છે. આ રીતે ધર્મનાં ચિન્હ જાણી, ધર્મને ટકાવવા, વધારવા શુભ ઉદ્યમ કરશે તે આભવ પરભવ કલ્યાણની પરંપરા પામી છેલ્લે મોક્ષના શાશ્વત સુખને વિષે વિરાજમાન થશે.

---

જ્ઞાની

જાતે

# તરી શકે અને તારી શકે

[ [illegible] પાપનાશનું, દાનશીલ, [illegible] પરિપૂર્ણ [illegible] ગુણોનો [illegible] આવી શકે છે. પુણ્ય-પાપ આપણે તારી કે મારી શકતા નથી. પણ પુણ્ય અને પાપનાં બંધ થવાના કારણોને સ્વીકારીએ તો પણ પાપ આપોઆપ બંધ થાય છે

આ જીવ મોહમાયાની મદિરામાં એવો મસ્ત બન્યો છે કે સ્ત્રી, ધન, સંપત્તિ બધાને દેખે છે પણ પોતાને ઓળખતો નથી.

કસ્તુરીયો મૃગ કસ્તુરી માટે દોડાદોડ કરે છે. પણ કસ્તુરી પોતા પાસે છે તેનો તેને ખ્યાલ નથી. તેમ જીવ પુણ્ય-સુખ માટે ધમપછાડા મારે છે. પણ સુખનાં સાધનો પોતાનામાં છે તેનું તેને ભાન નથી.

અપલક્ષણ મેળવવા નિશાળો રાખવી પડતી નથી. સારા લક્ષણો માટેજ નિશાળની જરૂર છે. જીવને ઠેકાણે લાવવા માટેજ જિનેશ્વરના ઉપદેશની જરૂર છે.

જીવનમાં ભાવદયા ન આવે ત્યાં સુધી 'ખાળે કુચા અને દરવાજા ખુલ્લા' જેવું છે.

માનવભવ દુર્લભ છે. આ ભવમાંજ ઉદ્ધરવાનો માર્ગ મેળવી શકાય તેમ છે. પાપથી ધ્રુજે તો પણ માનવભવ સાર્થક છે. જ્ઞાની તે કે જેના આત્મામાં જ્ઞાન પરિણમ્યું હોય.]

[illegible]

પ્રશ્ન—આ લોકાંતિક ઉપદેશ છે કે નહિ ?

સમાધાન—ના, તીર્થંકર ભગવાનના [illegible] ઉપદેશની [illegible] નથી.

પ્રશ્ન—તીર્થંકરો ઉપદેશ વગર સ્વયંબોધે દીક્ષા લે છે પણ લોકાંતિક આવે છે તેનું શું ?

સમાધાન—શેઠ આવતા બોલ્યું અને નોકરે કહ્યું કે 'પધારો! આગળ પધારો"!!! તેના જેવું છે. જેમ તમારે ઘેર મેમાન આવ્યા તે વખતે તમે કહો કે પધારો એવું કહેવા ઉપરથી નોકરના કહેવા માત્રથી શેઠ અને તમારા કહેવા માત્રથી મેમાન પધાર્યા નથી. તેવીજ રીતે સ્વયંજ્ઞાન બળે ઘરમાંથી નિકળવાની તૈયારી વખતેજ લોકાંતિકદેવો પોતાનો કલ્પ ફક્ત સાચવે છે. અર્થાત લોકાંતિક કહે તોજ ભગવાન દીક્ષા લે એવું નથીજ.

"પુવ્વિં તે" પૂર્વે તે ભગવાનને અનુત્તર જ્ઞાન હતું અને હમણાં પણ છે. અને રહેશે બલ્કે તેથી પણ વધશે. આથીજ શાસ્ત્રકારો કહે છે કે તીર્થંકરોને પોતાને પોતાની મેળેજ કરવું પડે છે અર્થાત્ સ્વશક્તિથી સ્વઆલંબનથીજ તીર્થંકરો કૈવલ્ય દશા પ્રાપ્ત કરે છે.

ગાઢ અંધકાર વખતે સ્પર્શ–રસ ગંધ અને શબ્દ એ ચારેના વિષય કરવાની તાકાત ઇંદ્રિયોની છે. પાંચમી ઇંદ્રિય ચક્ષુ હયાત છે. પણ અંધકારના પ્રબળ પ્રભાવે રૂપનો સાક્ષા-

[illegible]

દીવાનો ઉપયોગ અંધકારના નાશને માટે છે, જેને અંધકારનો નાશ કરવો નથી તેને દીવો કરે શું?

આ વાત તમને ગણત્રીમાં ગણવામાં આવી છે; તમને સમજાવવામાં આવ્યું છે કે અઢાર દોષ રહિત દેવ.

આત્માને પૂછો કે જો અઢાર દોષ આ આત્મામાં રહેલા છે તો દોષ છે કે ગુણ? પ્રથમ પોતાના દોષનો જવાબ માંગો.

ક્યા રૂપે તીર્થંકરદેવને માનો છો અને પૂજો છો? દૂષણ તપાસતાં શીખો? દૂષણને ભૂષણરૂપે માનવાની અને મનાવવાની મહાન્ ગંભીર ભૂલને આજે ભૂલી જાઓ. દૂષણને દૂષણરૂપે નહિં માનતાં ભૂષણરૂપે કેમ માનો છો?

## ગોખ્યા કરો!!!

દૂષણને દૂષણરૂપે સ્વીકાર્યા વગર દૂષણને દૂર કરવારૂપ દાઝ આત્મામાં થશે નહિ. દૂષણ પ્રત્યે દાઝ લાગ્યા વગર સાચી ઠંડક થવાની નથી. એ અઢાર દોષ ભવોભવ ભટકાવનાર છે એ સમજતાં શીખો. એ દોષો દોષરૂપે હજુસુધી સંસાર રોગમાં રિબાતા રોગી આત્માને લાગ્યા જ નથી. દોષ એ ભટકાવનાર છે બલ્કે આત્મહિત બગાડનાર છે. રોગ થયો છે એવું રોગીને ભાન નથી. વૈદ્યને ઘેર દોડધામ કરનારા રોગીને રોગની વાસ્તવિક ભયંકરતા હજુ સુધી ભાસી નથી. એ દેવાધિદેવ દોષને દૂર કરનારા ત્યારે આપણે એ દોષોને

ઢાંકનારા તમારા આત્મામાં દોષને દોષરૂપે દેખતાં થાઓ. અઢાર દોષથી આપણે હેરાન થઈએ છીએ એ તો માનતા થાઓ. પૂજ્ય અને પૂજકમાં લાખ ગાડાનો ફેર છે. પારકા ઘેર મુનિમગીરી કરનારા મુનીમની જેવી દશા આપણી છે. હુંડી અને પૈસાની લેવડદેવડ મુનીમની પોતાની નથી; પણ શેઠના સાખે છે. શેઠના હિસાબે થતી હુંડી, ખત, પૈસાની લેવડ-વડ વિગેરેને પોતાનાં હિસાબે માને તે મુનીમ નથી. તેમજ મુનીમની ધારણા પુર્વક આપણે પણ અઢાર દોષ દેવના હિસાબે માનીએ છીએ. આપણે કાંઇ લેવાદેવા નથી. એ અઢાર દોષ આપણા હિસાબે નથી. અને એ દોષમાં આપણે તો જોખમ કાંઇ ગણ્યું પણ નથી.

દોષની ભયંકરતા સ્વીકારવાથી દોષની ભયંકરતા વધે છે અને તેના જોખમદાર આપણે પોતે છીએ તે સમજતા થાઓ. દોષની ભયંકરતા નહિં છોડું તો રખડયા કરીશ એ ગોખ્યા કરો.

આપણે તો કુદેવ—અને સુદેવતાના ચોપડાનું નામું મુનિ-મની પેઠ કરીએ છીએ. આ આત્મામાં અઢાર દોષનું નામ પણ નથી લખતા.

સમકિત મિથ્યાત્વિ ભવિ અને અભવિમાં ફરક કયાં પડે છે? "અઢાર દોષ રહિત હોય તે દેવ અને અઢાર દોષ હોય તે કુદેવ." બધા એ બીના બોલે પણ તેથી સમકિતી અગર મિથ્યાત્વી થઈ જવાતું નથી. મને અને આખા જગ-તને અઢાર દોષો હેરાન કરી રહ્યા છે, આ મહાપુરૂષે ટાળ્યા છે અને એ દોષ ટાળવા માટે આ શાસન જન્મ પામ્યું છે.

[illegible]

[illegible] માં ન [illegible] થી [illegible], [illegible] મળી [illegible] ણી, [illegible] માં [illegible] નું [illegible] તો [illegible]. આ તો સારી સ્થિતિ આવી કે જો [illegible] ધર્મ નહિ કરે તો શું કરશો? [illegible] પણું કરશો કે [illegible] કરશો? [illegible] વિચારો કે અનંત વખત [illegible] નું કર્યું તો [illegible] કે [illegible] નું? અનંતા અનંતી વખત [illegible] આવ્યાં છતાં ત્યાંજ [illegible] મન થાય છે અને અનંતા અનંતી વખત લાભ મળ્યા છતાં આ થતું નથી તેનું કારણ શું?

અનંતા વખતમાં ખાસડા અને પરમાધામીની વેદના ભોગવી છતાં તેમાં કંટાળો નહિ અને ધર્મ કરવાથી દેવગતિ મળી છતાં તે કાર્ય કરવાનું કેમ મન થતું નથી. વગર

દોષના દાહે દાન. શીયળ તપ, ભાવ નહિ કરવા કહેવું તે પણ મુર્ખાઇ છે. દોષના દાહ વગર એ બનતું કેમ હશે. પણ એ વિચારી ગયા કે અભવ્યો પણ એ સ્થિતિમાં કેવી સ્થિતિ ગુજારતા હશે તે દોષ દાહ પ્રકરણ સમજવાથી સ્હેજે સમજાશે.

તીર્થંકર ભગવાનના પૂજકોએ પણ વિચારવાનું જરૂરી છે અંતઃકરણમાં દોષની દાહ સ્થિતિ આવવી જોઇએ. અઢાર દોષ રહિત દેવ અને તે દોષવાળા કુદેવ ગણવા, મારે કાંઇ લાગતું વળગતું નથી એમ નહિ.

તીર્થંકરે ધર્મ કરેલો, બનાવેલો નથી પણ કહેલો છે. અને તે ધર્મ પણ હમેશનો કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી!!! બીજા મતમાં આ ઇશ્વરે જગત્ કર્યું-કરેલું છે. એ મતાવલંબીઓને પુછજો કે જુઠ, ચોરી અને પાપ તે તમારા ઇશ્વર પહેલાં કે પછી? જો પહેલાં જુઠ ચોરી હતા પાપ હતાં, અને રોકવાના સાધન હતાં તો તો કર્યું શું અને કહેશો કે પહેલાં નહોતાં તો ઇશ્વર જેવો કુભાંડી કોણ?

મુસલમાન જુ જેવા નાના જીવ અને માંકણની ક્રીડા કરે છે. શિકાર કરનાર શિકારની ક્રીડામાં જંગલી રાક્ષસી ગણાય તો અનંતના શિકાર કરવાની તમારી ઇશ્વરની ક્રીડા અને લીલા કેવી!

આ બધાં અનંતા મરે છે, જન્મે છે દુઃખ ભોગવે છે તો તમારા ઇશ્વરને માટે ગણવું શું?

જિન-જૈન ધર્મ નવો બનાવતા નથી પણ વસ્તુ-તત્વની પ્રરૂપણા કરે છે? અને દેવ તત્ત્વને જાહેર

## ૧૩

# ભવ્ય
## એટલે
# મોક્ષનો અધિકારી

[જેને મોક્ષની અભિલાષા થાય તે જીવ ખરેખર ભવ્ય જીવ છે. મોક્ષનું બીજ તે ભવ્યત્વ છે. મોક્ષ જવાને લાયક તે ભવ્ય. સામો માણસ ભવ્ય છે કે અભવ્ય છે તે કેવળી સિવાય ન જાણી શકાય. પણ પોતાનામાં ભવ્યપણું છે કે નહિ તે તો સમજી શકાય છે. ભવ્ય કરતાં ચઢીયાતો જીવ તે ચરમપુદ્‌ગલાવર્તી જીવ છે. હું મોક્ષને લાયક હોઇશ કે નહિ વિચારનાર તે ભવ્ય છે.]

द्रव्यतो भावतश्चैव, प्रत्याख्यानं द्विधा मतम् ।
अपेक्षादिकृतं ह्याद्यमतोन्यच्चरमं मतम् ॥ १ ॥

### ભવ્ય જીવ કોણ ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્‌શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે શ્રીઅષ્ટકજીપ્રકરણ રચતાં આગળ જણાવે છે, કે આ સંસારમાં આ જીવો અનાદિકાળથી રખડે છે. એ જીવને મોક્ષ પ્રાપ્તિ કરાવવામાં મુખ્ય કારણ શું ? ઉત્તર એજ છે કે ભવ્યપણું ! પ્રથમ ભવ્યપણું જોઇએ. મોક્ષ એ ઉત્તમોત્તમ વસ્તુ છે. એ ઉત્તમોત્તમ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને ભવ્યપણાની પ્રાપ્તિ થઇ ચૂકી છે, તેવું દર્શાવનારૂં શું કાંઇ ચિન્હ છે ? હા ! એ

જ જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, તપ આદિની સહાયતાથી તેનું ફળ મોક્ષ મળી શકે છે. જો બીજ ન હોય તો માટી, પાણી, હવા વગેરે મળવા છતાં અંકુરો ઉગતો નથી. તેજ પ્રમાણે જેનામાં ભવ્યપણું ન હોય એવા આત્માએ ભલે પૂર્વજ્ઞાન લીધું હોય, પ્રતિમાઓ વહન કરી હોય, શુક્લ લેશ્યાના પરિણામાણું અખંડ ચારિત્ર પાળ્યું હોય તો પણ તેને મોક્ષ મળી શકતો નથી એ સિદ્ધ છે. કારણ કે મોક્ષનું મુખ્ય કારણ ભવ્યપણું છે. તપસ્યામાં બે ચાર છ મહિના ચાલે, મહિનાના મહિના તપ કરે, વિનય વૈયાવચ્ચ કરે; બધું કરે પણ જ્યાં ભવ્યત્વરૂપી બીજ નથી, ત્યાં તે બીજનું ફળ મોક્ષ નહિજ હોય એ તે ખુલ્લું છે. તાત્પર્ય એ છે કે મોક્ષ થવામાં મુખ્ય કારણ તો જીવનું ભવ્યત્વજ છે, તેજ બીજ છે અને જ્ઞાન, તપ આદિ તો તેને મદદ કરનારાં કારણો છે.

## અંકુર પરથી બીજની પરીક્ષા.

હવે એ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે આત્મામાં ભવ્યપણું છે એમ જાણવું કેવી રીતે? એવી કઇ નિશાની છે કે જે આત્મામાં ભવ્યપણું છે એ દર્શાવી આપે છે? સાંભળો: અંકુર ઉગે છે તેથી આપણે જાણીએ છીએ કે ફલાણો દાણો વાવ્યો હતો, તેજ પ્રમાણે મોક્ષ થાય ત્યારેજ આપણે જાણી શકીએ છીએ, કે એ આત્મામાં ભવ્યપણું હતું. આત્માની અંદર જ્યારે ભવ્યપણું જણાય છે, ત્યારે તે આત્માનો મોક્ષ થવાનોજ છે; એવો નિશ્ચય થાય છે. આ નહિ થાય ત્યાંસુધી મોક્ષની આશાએ જે ઉદ્યમ કરીએ છીએ, તે બધો આંધળાની ઈંટ જેવો પરિણમે છે. આ પ્રમાણે જેઓ કહેતા હતા, તેમની

મતલબ શી હતી ? તેઓ કઇ મતલબથી આ પ્રમાણે કહી રહ્યા હતા ? તે હવે તપાસો. જૈનશાસ્ત્ર એમ માને છે કે કેટલાક જીવો ભવ્ય છે અને કેટલાક અભવ્ય છે. જ્યારે બીજાઓ એમ માને છે કે સર્વે જીવો મોક્ષે જવાના છે. બીજો પક્ષ જેઓ માને છે, તેમની એ માન્યતા કેવી મિથ્યા છે તે જુઓઃ તેઓ એમ કહે છે, કે સઘળા જીવો મોક્ષે જવાના છે; પણ તરતજ બીજી વાત રજુ કરે છે કે મનુષ્ય શરીરમાંના જીવ સિવાય બીજા જીવો મોક્ષે જઇ શકવાના નથી ! જો તેમની એ માન્યતા છે કે "મનુષ્ય સિવાય બીજો મોક્ષે જઈ ન શકે," તો સહેજે સાબિત થાય છે કે તેમનો "સઘળા જીવો મોક્ષે જવાના છે" એ પૂર્વપક્ષ ખોટો છે અને તેથી તેઓ સીધીરીતેજ જુઠા છે.

## મનુષ્યની પરાધિનતા

સર્વ જીવોને મોક્ષ માનો, પણ વળી મનુષ્યજીવ સિવાય બીજા જીવને મોક્ષ નહિ એ બે પરસ્પર વિરોધી વસ્તુ બને શી રીતે ? મનુષ્યનું જીવન તો હંમેશાં પરાવલંબી છે. પૃથ્વી, એ મનુષ્ય વગર જીવી શકે છે. મનુષ્ય હોય તોજ પૃથ્વીકાય-અપકાય જીવો જીવી શકે, અને નહિ તો મરી જાય એમ નથી. તેઉકાય-વાયુકાયને માટે પણ તેમજ મનુષ્ય ન હોય તો તેઉકાય અને વાયુકાયના જીવો પણ મરી જાય એમ નથી. આ બધા ઉપરથી એક વાત સાબીત થાય છે કે મનુષ્યની હૈયાતીનો સંબંધ બીજા જાવો સાથે છે. મનુષ્ય જરા વિચાર કરે કે, હું જગતમાં નહિ હોઉં તો નુકસાન કોને ? તારા (મનુષ્યના) નહિ હોવાથી કોઇની પણ

## કેવળી શી રીતે થયા ?

ભવ્યાભવ્યપણું એ પારિણામિકભાવ છે. જીવપણું, અજીવપણું, ભવ્યપણું, એ પણ પારિણામિકભાવ છે. જે જીવને જાણે છે, તેજ માણસ જીવના પારિણામિક ભાવ ભવ્યપણું, અભવ્યપણું વગેરે પણ જાણી શકે છે. જેમ જે માણસ ઘડિઆળને જોઇ શકતો નથી, તે ઘડિઆળમાં કેટલા વાગેલા છે તે શી રીતે કહી શકે? તેજ પ્રમાણે જે જીવ જીવને ઓળખી શકેલો નથી, તે જીવના પારિણામિક ભાવને પણ જાણી શકેજ નહિ એ સ્પષ્ટ છે.

જીવ–શુદ્ધ સ્વરૂપવાળા જીવને કેવળજ્ઞાની સિવાય બીજો કોઈ જાણી શકે નહિ. તો પછી જીવના સ્વભાવને પણ બીજો કોણ જાણી શકે ? કેવળી તમારા જીવને જુએ, તેમાં રહેલું ભવ્યપણું જુએ અને તમોને કહે કે તમો ભવ્ય છો; તો તમારે જ્ઞાનાદિક માટે ઉદ્યમ કરવો, નહિ તો નહિ; એટલે પરિણામ શું આવશે તેનો ખ્યાલ કરો. કેવળી તમો ભવ્ય જીવ છો એમ ન કહે, ત્યાં સુધી શું તમારે જ્ઞાનાદિક માટે ઉદ્યમ ન કરવો? તમારા જીવને ભવ્ય અભવ્ય જાણી શકનાર કેવળી કેવળી શી રીતે થયા ? તો કહેશો કે જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ બધામાં ઉદ્યમ કરવાથી ! તો તે કેવળીઓએ ઉદ્યમ શા આધારે કર્યો ?

## તમારૂં ભવ્યપણું તમે જાણી શકો છો.

કેવળીને તેના જીવનું ભવ્ય અભવ્યપણું કોણે કહ્યું? માનો કે તેને કોઇ બીજા કેવળીએ કેવળ જ્ઞાનપૂર્વે "તું ભવ્ય છે"

એમ કહ્યું હોય. તો એ બીજા કેવળીને "તું ભવ્ય છે" એમ કોણે કહ્યું ? અને આ વિચારશ્રેણી આગળ લંબાવી જુઓ: પરિણામ એ આવે છે કે તીર્થંકરનું થવું, તીર્થની શરૂઆત એ સઘળું જ ઉડી જાય છે. કેવળીપણું–ધર્મપ્રવૃત્તિ એ કેવળી વગર સંભવે નહિ. કેવળીની પાછળ કોઇ કેવળી હાજર હોવોજ જોઇએ. આ વસ્તુમાં વિચ્છેદવાળું કેવળીપણું ન ચાલે. કેવળીનો કોઇ કાળે વિચ્છેદ ન માનવો અને માન્યો ધર્મ ઉડી ગયો. કેવળજ્ઞાનીની સતત્ સત્તા માનવી પડે ને તે ન હોય તો ધર્મનો છેડો છે. આત્માના ભવ્ય ભવ્યપણાના વિભાગ પાડયા, પણ છતાં આ ભવ્ય અને આ અભવ્ય એવો કેવળી સિવાય નિર્ણય મળે નહિ અને નિર્ણય મળે નહિ ત્યાં સુધી ધર્મપ્રવૃત્તિ કરવી એ આંધળે બ્હેરૂં કુટાવા જેવું નકામું છે, એટલે ખલાસ ! સઘળી ધર્મ-પ્રવૃત્તિ અને મોક્ષમાર્ગજ બંધ થઈ જાય ! ત્યારે હવે માર્ગ શો ? અહીંજ સમજવાનું છે. જૈનદર્શન કહે છે કે જીવમાં રહેલું ભવ્યાભવ્યપણું કેવળી સિવાય નહિ જાણી શકાય એ વાત તદ્દન સાચી, પરંતુ પરજીવોનું ભવ્યાભવ્યપણું માત્ર કેવળીજ જાણી શકે છે, પોતપોતાના આત્મામાં ભવ્યપણું છે કે નહિ એ તો દરેક માણસ પોતે સમજી શકે છે.

## જે મોક્ષ ઈચ્છે છે તે ભવ્ય.

જેને મોક્ષની ઇચ્છા છે તે સઘળા જીવો ભવ્ય છે પણ એ મોક્ષ તે કયો ? એકલો તમોએ માની લીધેલો ગમે તે મોક્ષ ઇચ્છવો જોઇએ તેમ નહિ, અનંત કલ્યાણરૂપ અને સંસારની ઉપાધિ વિનાનો જે મોક્ષ– તે મોક્ષ જે ઇચ્છે છે; તે ભવ્ય જીવ છે.

ધાન્યનો દાણો વાવ્યો નથી. તેમ અનંતાં ચારિત્ર કર્યાં, વરસાદ આવ્યો, પણ બીજ—મોક્ષરૂપી બીજ ન વાવ્યું એટલે ધાન્ય નહિ ઉગ્યું. જે ચારિત્રમાં દેવલોકના મનુષ્યલોકના સુખની ઇચ્છા નથી. તેવું કેવળ કલ્યાણની ભાવનાવાળું એક જ ચારિત્ર બસ છે. કલ્યાણની ભાવના રહી હોય તો એ સંસાર નિર્વેદ થયો. ચારિત્ર બગડયું તે દેવલોકાદિની ઇચ્છાએ. અનંતા ચારિત્રો જે બગડયાં તે દેવલોકાદિના સુખોએ બગાડયાં. કર્મક્ષય કે ફક્ત આત્મકલ્યાણની ભાવનાવાળું ચારિત્ર કંઇ પણ બગાડતું નથી. એવા ચારિત્ર અનંતી વખત થઇ શકતાં નથી. માર્ગાનુસારિપણું દરેક મતમાં માનીએ છીએ. માર્ગાનુસારિપણું તે તેમના મતના મોક્ષને અનુસરીને હોય. જુઠી મહોરની ઇચ્છા પણ મહોરના અર્થીને થાય. મોક્ષની ઇચ્છાએ ચારિત્ર થએલાં જ નથી. જો મોક્ષની ઇચ્છા થાય તો તે દ્રવ્ય ચારિત્ર કહેવાયજ નહિ. સતીને નામે સ્ત્રીઓ બળી મરતી હતી, પણ તે શાને અંગે? મારા કુટુંબમાં હું સતી ગણાઇશ એવા લોભથી, તે પછી તેનું જીવન ગમે તેવું હોય. તો પછી માનપૂજાને માટે ધર્મની ક્રિયાઓ તીવ્ર હોય તેમાં અસંભવિત શું છે? જે શાસ્ત્રકારો અનંતાં ચારિત્ર કહે છે, તેજ શાસ્ત્રકારો જણાવે છે કે જે ચારિત્રો દેવલોકાદિકની ઇચ્છાએ લેવાય તે ચારિત્રો છે બીજાં નહિ.

## ચારિત્રના ભેદ.

અભવ્ય આત્માઓએ અનંતા ચારિત્રો લીધાં છે, તેને દ્રવ્ય—ચારિત્ર કહે છે. આવા ચારિત્રવાળાના મનમાં સંસારથી જુદા સ્વભાવવાળો મોક્ષ છે, તે મને મળો એવી ઇચ્છા હોય જ નહિ. પાંચ પાંચ વરસના ગાળાના રમતા છોકરા માટી

આખરૂ વધે કે ઘટે એ જોતા નથી; તેજ પ્રમાણે અભવ્યોને સંસારથી જુદારૂપનો મોક્ષ મને મળો એવી ઇચ્છા થતી નથી. ભાવચારિત્ર લીધા પછી વિરાધનામાં આવી જાય અથવા તો પ્રત્યનીકપણામાં જાય તો રસ્તો નથી. પ્રત્યનીકપણું થયું તો ફરી ચારિત્ર મળવું મુશ્કેલ છે. મરીચિએ પહેલવહેલું ચારિત્ર લીધું તે આત્મકલ્યાણની ઇચ્છાથી કેમકે ચક્રવર્તીની રાજગાદીનો વારસો છોડી સાધુપણું લીધું. પણ જે વખતે પ્રત્યનિક થયા તે વખતે શું ? પ્રત્યનિક થયા તે વખતે ભાવચારિત્રનું બીજ નાશ પામે છે.

**મનમાં મોતીના ચોક પુરો તે પણ સાચા થાય છે.**

હવે મૂળ વાતમાં આવો. જૈનશાસનરૂપી કલ્પવૃક્ષ તમારા મનમાં મોતીના ચોક પૂરો તેને સાચા કરી દે છે. પણ આ કલ્પવૃક્ષ તો એવું છે કે સાચા મોતી માગો તો સાચા મોતી પણ આપે અને ખાસડાં માંગો તો ખાસડાં પણ આપે. ઉત્તમ ફળ કલ્પો તો ઉત્તમ ફળ આપે, અધમફળ કલ્પો તો અધમ ફળ પણ આપે, ઉપાધિથી જુદો મોક્ષ નામનો પદાર્થ તમે માનીલો તો સાચો મોક્ષ તમને મેળવી દેવો એ આ શાસનની ફરજ થઇ પડી છે. જેમ હુંડીની જુદી જુદી મુદત હોય છે, તેમ મોક્ષની પણ જુદી જુદી મુદત છે. તમે તત્વની પ્રતીતિ કરી મોક્ષની ઇચ્છા રાખો તો અર્ધપુદ્ગલ પરાવર્તનમાં મોક્ષ. તમારા નિર્વાહને ચલાવી શકે તે સિવાય બીનજરૂરી પાપો છે તે બધાને વોસરાવો તો આઠ ભવની મુદત. એવા રૂપમાં આવો કે ભલે મારૂં જીવન અને મારા જીવનના સાધનો રહેવાના હોય તો રહે અને જવાના હોય તો જાય, પણ મારે તો મોક્ષ; મોક્ષ અને મોક્ષ જોઇએ

## "મહાદેવ" ને ભવિષ્યકાળનું જ્ઞાન ન હતું.

આ ઉપરથી જણાય છે કે મહાદેવને ભવિષ્યકાળનું જ્ઞાન ન હતું. હવે વિચારો કે જો મનુષ્યને જન્મ મહાદેવે આપ્યો, તો મહાદેવને જન્મ કોણે આપ્યો? પરમેશ્વરનું ખંડન કરનારા, તેમને માનનારાઓનો નાશ કરનારા અને પરમેશ્વરની સામે વિરોધ કરનારા એ સઘળાને જન્મ કોણે આપ્યો? વળી ઇશ્વરે જન્મ આપ્યો તો પછી ગર્ભાવાસ કોણે આપ્યો? આ સઘળા પ્રશ્ન એવા છે, કે ઇશ્વરને જે સ્વરૂપમાં અન્ય દર્શનીઓ માને છે, તે સ્વરૂપને ખોટું ઠરાવે છે. બીજો પ્રશ્ન એ છે કે ઇશ્વરને કેવો માનવો? દયાળુ કે ઘાતકી? તમે જાણો છો કે નાના બાળકને કોઇ રાજ્ય પણ જલદી સજા કરતું નથી. દુનિયાના રાજ્યો પણ બાળકો ને નિર્દોષ ગણે છે. હવે જો મનુષ્યને જન્મ આપનારો ઇશ્વર હોય, તો મનુષ્યને મૃત્યુ આપનારો પણ ઇશ્વરજ હોવો જોઇએ. તો શું ત્રણ ચાર મહિનાના નાના બાળકોને અનેક રોગોથી પીડાવીને મૃત્યુ શું ઇશ્વર આપે છે? અને જો એમજ હોય તો તો એ ઇશ્વર શું ઘાતકી ઠરતો નથી?

## "ઇશ્વર" દયાળુ છે કે નિર્દય?

કોઇ એમ કહેશે કે જેમ એક માણસ બીજા માણસ પરત્વે ગુન્હો કરે છે, તેમ બાળકે ઇશ્વર પ્રત્યે એવાં કર્મો કર્યાં હશે તેથી ઇશ્વર તેને સજારૂપે મૃત્યુ આપે છે. પરંતુ સામાન્ય બુદ્ધિવડે વિચારતાં એ દલીલ યુક્તિયુક્ત માલમ પડતી નથી. એક બાળક મોટા માણસને કાંઇ ગાળ આપે, તો પણ મોટો માણસ એ ગાળને ધ્યાનમાં લઇને તે બાળક

માણસે શું ઇશ્વરનું સારૂં કર્યું કે તેને તેણે બીજા જીવોની અપેક્ષાએ સર્વશ્રેષ્ઠ કર્યો ? અમૂક જીવોને ભોક્તા કર્યાં અને અમૂક જીવોને ભોગ્ય કેમ કર્યાં ? આ ઉપરથી જણાય છે કે જગતને પેદા કરનાર ઇશ્વરને આપણે પક્ષપાત વિનાનો પણ નથી માની શકતા.

## ફળદાતા કોણ કર્મ કે ઇશ્વર ?

હવે કર્મનો સિદ્ધાંત તપાસી જોઇએ. આત્મા કર્મનું ફળ ભોગવે છે તે ફળ ઇશ્વર આપે છે કે કર્મમાંજ ફળ આપવાની કોઇ શક્તિ રહેલી છે ? જગતના સઘળા ન્યાયાધિશો શિક્ષા કરનાર અને તે ભોગવાવનાર હોય છે. એ હિસાબે જગતમાં આત્માને અંગે પણ જે અધમ કાર્યો કરનાર છે તેને અંગે શિક્ષા દેવી અને તે ભોગવાવવી એને માટે કોઇ વ્યક્તિ જરૂર હોવીજ જોઇએ. વારૂ જગતમાં સાચો ન્યાય આપવો એને ઇશ્વરી કાર્ય માનવામાં આવે છે અને જો એ ઇશ્વરી કામ જ છે તો પછી ન્યાય આપનાર અને તેનું પાલન કરનાર રાજા, પ્રધાનો, ન્યાયાધીશો એમણે શા માટે સંન્યાસ લેવો જોઇએ ? કિંવા તેમણે શા માટે નીતિમય જીવન પણ ગાળવું જોઇએ ? ગુન્હાની બાબતમાં જગતમાં સજા ભોગવાવવી એ ઇશ્વરી કામ માનીએ, પરંતુ ઘણી વખત આપણે પ્રત્યક્ષ જગતમાં જોઇએ છીએ કે બીનગુન્હેગાર માર્યો જાય છે અને ગુન્હેગાર છૂટી જાય છે ! તો આ અન્યાય મટાડવાની ઇશ્વરની ફરજ ખરી કે નહિ ? એવે વખતે ઇશ્વર કયાં સૂઇ જાય છે ? મનુષ્યો ગુન્હો કરે, બીજાનું ખૂન કરે કિંવા એવાજ કાર્યો કરે તો તેને એ કાર્યો

દુનિયાની કોઇપણ આશા વગર સાટા કે બદલા વગર જે માત્ર સાધુપણાની ફરજ તરીકેજ નિઃસ્વાર્થી ધર્મોપદેશ આપે છે તેનેજ જૈન શાસનમાં જૈન સાધુ તરીકે સ્થાન પામવાનો અધિકાર છે, અન્યને નહિ. તમે ઉપદેશ આપો છો માટે અમે તમોને અન્નવસ્ત્ર આપીએ છીએ અથવા તમે અન્ન-વસ્ત્ર આપો છો તેથી અમે તમોને ધર્મોપદેશ આપીએ છીએ એમ કહેનારને જૈન શાસનમાં ઉભા રહેવાનો જગાએ હક નથી.

## જ્ઞાની આત્માને સાધુની જરૂર છે કે ?

તમોને મેં શિક્ષકનું ઉદાહરણ આપ્યું છે પણ તે સર્વાંગે લગાડવાનું નથીજ. માસ્તરને શા માટે રાખો છો ? બાળકના દુર્ગુણ દુર કરવા અને તેનું દુન્યવી અજ્ઞાન ટાળવા. આ દુર્ગુણ અને અજ્ઞાન ગયાં એટલે પછી તે બાળકને જ્ઞાની અને સદ્‌ગુણીમાં મનાવવાનો યત્ન થાય છે. તેજ પ્રમાણે અહીં સાધુઓથી ધર્મોપદેશ સાંભળી આત્મા કાંઇક જ્ઞાનવંતો થયો એટલે આત્માને મોટા તરીકે મનાવવાનો અહીં આદેશ નથી. આત્મામાં ધર્મની લગની લાગી તો પછી કર્તવ્ય એ છે કે માત્ર મોક્ષની ઇચ્છાએ ધર્મની સાધના કરવી. સાટા બદલા વગર કે જગતના કોઇ પદાર્થની આશા વગર જેઓ ધર્મોપદેશ આપે છે તેઓજ **मुधाजीवी** એટલે બદલા વગર ફોગટ જીવનારા કહેવાય છે. એજ કારણથી ગીતાર્થની એટલે સૂત્ર અને તેના અર્થના સંપૂર્ણ જ્ઞાતાની સાથે દાનનો કે ભક્તિનો સંબંધ રાખવામાં આવતો નથી.

**नमोलोए सव्वसाहूणं** આ વાક્યથી તમે સઘળા સાધુઓને

નમસ્કાર કરો છો. પછી એ સાધુઓ ભલે ભણેલા હોય કે અભણ હોય, તપસ્વી હોય કે આહાર લેનાર હોય, સ્થવિર કલ્પી એટલે શાસ્ત્રમાં સ્થવિર માટે કહેલા આચારો પ્રમાણે ચાલનાર હોય કે જીનકલ્પી એટલે શ્રી જીનેશ્વર ભગવાનના જેવું આચરણ કરવાવાળા હોય, એ સઘળા ભેદો નમસ્કાર સાથે સંબંધ ધરાવતા નથી. ત્યાં તો સાધુ માત્રને નમસ્કાર છે. તેજ પ્રમાણે દાન વગેરે સાથે પણ તેનો સંબંધ નથી. માત્ર તેઓ મોક્ષને સાધે છે, તે પુરતોજ નમસ્કાર સંબંધી તેમની સાથે સંબંધ છે. અને તેથીજ તેમની (સાધુઓની) સેવા કરવી તેમને દાન આપવું એને શાસ્ત્રે શાસ્ત્ર સિદ્ધ વસ્તુ માની છે. આમ ગુરૂને પણ માનીએ છીએ તે આ રીતે ધર્મને અંગે! જો ધર્મજ ન હોય તો એ દિવસ આવે કે તમો પલંગ ઉપર ફૂલની પથારીમાં સુતા હો અને ગુરૂ તમારા ચરણ દબાવતા હોય!!

## ધર્મ

ગુરૂની સેવાનું ફળ શું છે? દેવ ગુરૂને શા માટે માનવાના છે? તે માત્ર ધર્મને અંગે, ધર્મને માટે અને ધર્મદ્વારાએજ માનવાના છે, ધર્મ એવી જબરદસ્ત વસ્તુ છે કે તેવી જબરદસ્ત વસ્તુ ત્રણે લોકમાં બીજી એક પણ માન્ય રાખવામાં આવી નથી. દુર્ગતિ ટાળી સદ્ગતિ મેળવી આપનારો હોય તો તે ફક્ત ધર્મજ છે. માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ધન, માલ મિલ્કત એ કોઈ પણ વસ્તુ આત્માને ભવિષ્યની અધોગતિથી બચાવી શકે એમ નથીજ. અજ્ઞાન એ મોટામાં મોટું

પાપ છે. "अज्ञानं खलु कष्टं." એ વાકય સમજવા જેવું છે. ક્રોધાદિક પાપો મોટામાં મોટાં છે, પણ તેનાથી એ મોટામાં મોટું પાપ અજ્ઞાન છે. હિતકારી શું છે અને અહિતકારી શું છે, એ કોણ જાણે છે? જ્ઞાની તે જાણી શકે છે. કોઈ માણસ હિતાહિત જાણવા માટે જ્ઞાન મેળવે છે, પરંતુ જ્ઞાન મળ્યા પછી એ રાગદ્વેષવાળો થાય છે, તો શું એ માણસે મેળવેલું જ્ઞાન તે જ્ઞાન કહી શકાય? નહિજ.

## સૂર્ય અને અંધારૂ સાથે રહી શકે?

સૂર્ય ઉગ્યો છતાં અંધારૂં રહે છે એમ કોણ માની શકે? સૂર્યોદય થયો તો અંધકાર જવોજ જોઈએ. તેજ પ્રમાણે જ્યારે વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થાય તો એ જ્ઞાનનું એ પરિણામ આવવુંજ જોઈએ કે વર્તન સુધરવુંજ ઘટે. જ્ઞાન થયા પછી રાગદ્વેષવાળા થઈએ તો એ જ્ઞાન જ્ઞાનજ ન કહેવાય! આપણને પુણ્ય પાપનું જ્ઞાન થાય છે, પણ તે કેવું છે? એ આપણું જ્ઞાન ફોનોગ્રાફની ચુડી જેવું છે. તમે ધર્મના વ્યાખ્યાનની ચુડી મુકો કે તમારા દુશ્મનને ગાળો આપવાની ચુડી મુકો; ફોનોગ્રાફ તો તમે જે કહેશો તે બોલી જશે! તેને ચિંતા નથી કે ગાળો આપવાથી ફલાણાભાઈ બદનક્ષીનો દાવો માંડશે! આપણે પણ એ ફોનોગ્રાફની ચુડી જેવા બન્યા છીએ. હૃદયમાં અસરનો છાંટો પણ નહિ, છતાં ફોનોગ્રાફ ધર્મનું વ્યાખ્યાન આપે જાય છે!

## સાપ ભયંકર છે કે પાપ?

હવે બીજી વાત! સાપનું ઉદાહરણ લ્યો. સાપ કરડે છે તો એનું પરિણામ શું? સાપ એક ભવનો નાશ કરે છે

છે. તેમને ઉપદેશ આપતાં એવું સૂચન કર્યું છે કે જેઓ મોક્ષની આશા રાખે છે તેમણે પોતાની ઈચ્છા પાર પાડવાને માટે સૌથી પહેલાં પોતાના અનાદિના વિચારોનું પરિવર્તન કરવાની જરૂર છે. જ્યાં સુધી એ અનાદિના વિચારોનું પરિવર્તન ન થાય અને શુદ્ધ વિચારોને ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી આત્માને મોક્ષ મળી શકે એ શક્યજ નથી!!!

## સમ્યક્ત્વ પછીજ મોક્ષ.

આત્મા એ અનાદિકાળથી આ સંસારમાં રખડે છે એ રખડપટ્ટીનું કારણ એજ છે કે આત્માએ સુંદર અને પવિત્ર વિચારો ગ્રહણ કર્યા હોત તો એ વિચારોની અસર તેના વર્તન ઉપર પણ જરૂર થાત અને ભવભ્રમણ કાંઈક અંશે પણ ઢીલું થવા પામ્યું હોત. શાસ્ત્રકારોએ સ્થળે સ્થળે એક વાત મુક્તકંઠે ઉચ્ચારી છે કે જે આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે તે આત્મા અર્ધપુદ્ગલપરાવર્તનથી વધારે વખત આ સંસારમાં રખડવા પામતો નથી, અને એટલો કાળ વીત્યા બાદ જરૂર તેને મોક્ષની પ્રાપ્તિ થવા પામે છે.

## વિષય એજ જીવનની માન્યતાવાળો આત્મા.

ત્યારે હવે એ વાત વિચારો કે આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તે પહેલાં આ આત્મા શા વિચારો સેવતો હતો? અને સમ્યક્ત્વ પામ્યા પછી તેનામાં કયા વિચારો આવે છે? એ બે પ્રશ્નોના ઉત્તરનો સમન્વય કરશો અને તેને ગંભીરપણે વિચારી જોશો તો સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને વિચારોનું પરિવર્તન પણ કેવી રીતે થવા પામે છે તે તમે સારી રીતે સમજી શકશો. અનાદિકાળથી આ આત્મા

એકજ વિચારોને સેવતો આવ્યો છે અને તે વિચારો એ છે કે મનને ગમતા સ્પર્શ, ગંધ, રૂપ અને શબ્દાદિ વિષયો મેળવવાની આશા રાખવી. ગમે તે ઉપાયોથી એ વિષયો મેળવવા અને તે વિષયોનું સેવન કરવું એજ આત્મા ઇચ્છતો હતો. આત્માને શરીર ગમે તેવું મળ્યું હોય તેને અને આ વિચારોને કાંઇ સંબંધજ નથી. ચાહે તો આત્મા એક ઇંદ્રિયવાળા શરીરમાં હો, બે ત્રણ ચાર કે પાંચ ઈંદ્રિયવાળા શરીરમાં હો, દેવલોકમાં હો કિંવા તિર્યંચપણામાં હો; પણ એ આત્માએ પાંચ જાતિ અને ચારે ગતિમાં એકજ વિચારણા રાખી છે કે ગમે તે માર્ગે વિષયો મેળવવા. વિષયો મેળવવા માટે પ્રયત્ન કરવો અને એ વિષયો જેઓ મેળવી આપે તેને માનવંતા અને પૂજવા યોગ્ય ગણવા ! આ સિવાય આત્માએ આજસુધીમાં બીજો એકે વિચાર કર્યો નથી.

## સમ્યક્ત્વ એટલે શું ?

જે આત્મા નિરંતર વિષયોને સેવે છે તે આત્મા સમ્યક્ત્વ પામ્યો છે એમ કોઇ પણ માણસ કહી શકે એમ નથી ત્યારે તમે કહેશો કે સમ્યક્ત્વ કોનું નામ છે. ? એનો ઉત્તર એ છે કે જે આત્મા એમ માને છે કે મેં વિષયો મેળવવા પ્રયત્નો કર્યા, વિષયો મેળવ્યા, વિષયો ભોગવ્યા અને વિષયો ભોગવવાના સાધનો મેળવી આપનારને મુરબ્બી ગણ્યા એને જ પરિણામે હું આ સંસારમાં રખડું છું આ પ્રમાણેની માન્યતા રાખવી તે સમ્યક્ત્વ ! અલબત, જીવાદિક નવ તત્વો માનવા, શુદ્ધ દેવાદિને માનવા એ બધાં પણ સમ્યક્ત્વના જ લક્ષણો છે. પરંતુ સમ્યક્ત્વની વ્યાખ્યામાં જરા ઉંડા

ન થાય ત્યાં સુધી સમ્યકત્વની પ્રાપ્તિ લેશ માત્ર પણ થવા પામતીજ નથી.

## આત્માનો કંપ !

આશ્રવ સંવરનો વિભાગ આત્માના ધ્યાનમાં ન હતો, બંધ નિર્જરાની વહેંચણ આત્માએ કરી ન હતી. નાના છોકરાને માસ્તર કે નિશાળનું નામ સાંભળવું પડે છે ત્યારે તેને કાળ જેવું લાગે છે. આમ થવાનું કારણ એ છે કે બાળકને દુનિયાદારીનો ખ્યાલ નથી. તેજ પ્રમાણે આત્માને સંવર નિર્જરા કાળ જેવી વાગતી હતી. કસાઇને દેખીને બકરીને જેટલો કંપ ન થાય તેટલો બલ્કે તેનાથી વધારે કંપ બાળકને નિશાળનું નામ સાંભળીને થતો હતો. પણ આત્મા તો સંવર નિર્જરાનું કારણ સાંભળીને તેથી એ વધારે કંપતો હતો.

## સંવરથી છુટો એટલે આનંદ કેમ ?

આ જીવ સંવરથી છૂટે છે એટલે દોઢ ગજ કુદે છે. પ્રતિક્રમણમાંથી, સામાયિકમાંથી ક્રિયા પાળીને ઉઠો છો તે વખતે કેટલા બધા કૂદો છો ? આનેજ મળતું એક બીજું ઉદાહરણ આપું છું. નિશાળોમાં ૬ મહિનાજ કામ ચાલે છે. જે વિદ્યાર્થીઓ શિક્ષણમાં રસિલા છે જેમને શિક્ષણ પર જ પ્રેમ છે તેવાઓને તો આ રજા પણ જરૂર ખટકે છે. પરંતુ આ રજામાં આળસુ વિદ્યાર્થીઓને દીવાળી થાય છે ! તેજ પ્રમાણે આત્માને પણ એ ઉદાહરણમાં ઘટાવી જુઓ ! સંવરનો અપૂર્વ રસ અને નિર્જરાનો અપૂર્વ રસ અને નિર્જરાની અપૂર્વ સ્થિતિ આપણા સમજવામાં હજી આવી નથી ! સંવર

## આત્માની [illegible]

[illegible] છે! [illegible]
છે [illegible] નથી! [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]!
[illegible] ગણું અને સંપત્તિ તથા [illegible] આદરવા લાયક
ગણું ત્યારે સમજાશે કે તે આત્મા માર્ગ ઉપર છે. પણ આ-
ત્માની સ્થિતિ શું છે તેનો વિચાર કરો! આત્માની સ્થિતિ
તો કાંઈ જુદીજ છે. રાત્રે ઉંઘો છો અને સ્વપ્નાં આવે છે
અને તેમાં સોનું મળે છે, તો રાજી રાજી થઈ જાઓ છો

જે કારણથી તમે કાર્ય કરો છો તે કારણનો સાચો ભાવ પણ તમારા હૃદયમાં હોવો જોઇએ!

## ધર્મબુદ્ધિ તો જોઇએજ.

ઉપવાસ કરો, તપશ્ચર્યા કરો, એકાસણા વગેરે કરો, પણ એ કરતી વખતે તમારા મનમાં એવો ભાવ તો અવશ્ય હોવોજ જોઇએ કે એ ત્યાગ અમે ધર્મબુદ્ધિથીજ કર્યો છે અને દેવ, ગુરૂ અને ધર્મને માનીએ છીએ તે પણ ત્યાગને લીધેજ માનીએ છીએ! આટલી વાત તમારા દિલમાં ઠસી જાય તો તો જરૂર એમ માની લ્યો કે તમે સમ્યક્ત્વ પામ્યા છો અને તમારા વિચારોનું પરિવર્તન થયું છે! જો એટલું ન થાય તો સમજો કે સમ્યક્ત્વને હજી વાર છે.

## સમ્યક્ત્વ મળ્યું પછી શું?

બીજી વાત! ધારો કે તમે સમ્યક્ત્વ પામ્યા છો! પણ શું એથી તમારૂં કામ ખલાસ થાય છે? "ના!" મનુષ્ય ગમે એવો સુંદર હોય દેખાવડો હોય છતાં પણ જો તે નાગો થઇને ઉભો રહે તો? તો ખલાસ!! તેની સુંદરતા અને તેનું જ્ઞાન સઘળું પાણીમાં જાય છે. તેજ રીતે સમ્યક્ત્વ પામ્યા હો, એ કબુલ; પરંતુ તે પછી કેટલાક વસ્ત્રો અને ઘરેણાંની જરૂર છે! જો વસ્ત્રો કે ઘરેણા ન પહેરેલા હોય તો તે માણસ જગતમાં આબરૂ મેળવી શકતો નથી તેજ પ્રમાણે કોરૂં સમ્યક્ત્વ પણ કાંઇ કરી શકતું નથી! નગ્ન માણસમાં અને વસ્ત્રોથી ઢંકાએલા માણસમાં ફેર શો છે? બન્નેમાં જીવ છે! બન્નેને ઇન્દ્રિયો છે! અને બન્ને શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે છતાં સમાજમાં માન કોનું છે?

સમાજ પ્રતિષ્ઠિત કોને ગણે છે? એજ પ્રશ્નોના જવાબ તમારે અહીં પણ કામે લગાડવાનો છે.

(૨)

## આભૂષણોની જરૂર

જેમ મનુષ્ય વસ્ત્રોથી શોભે છે તેમ સમ્યક્ત્વ પામ્યા પણ તેને શોભાવવાને પાંચ ઘરેણાની જરૂર છે. જેમાંનું ઘરેણું સ્થિરતા છે! યાદ રાખો કે વિચારોનો પલટો ઝપાટાબંધ થાય છે. આજે એક વિચાર આવે છે એ ાર આમરણાંત ટકીજ રહેશે એવો નિરધાર તમે કરી ા તેમ નથી. સામાન્ય વિચારો પવનના ઝપાટાની માફક વાય છે તો આત્મા સંબંધીના વિચારો ઝપાટાબંધ ફેરવાઇ ાય તેમાં નવાઇ શી!

## "સ્થિરતા" જોઇએ.

સાક્ષાત્ દેવતાઓ આવીને ઉભા રહે અને ભય બતાવે કિંવા લાલચ બતાવે તે છતાં વિચારો એક અણુ માત્ર પણ ન ખસે એનું નામ તે વિચારોની સ્થિરતા! સાપનો લીટો જોઇને તમો ભાગી જાઓ; તો પછી સાપ જોઇને તો તમે કેવી રીતે ટકી શકો? સુદેવને માનવાનો દાવો કરો છો છતાં મહાદેવ, કાકા બળીયા, હનુમાન વગેરેને નામે તમે દોરવાઇ જાઓ છો! હજી સાપનો લીટો છે! જેમ ત્યાં સાપનો લીટો છે અને ખરો સાપ તો તમોએ જોયો પણ નથી તેજ પ્રમાણે આ દેવોને પણ માત્ર તમે કલ્પનાથીજ માનો છો. ખરૂં કહું તો ચાલતી આવેલી ઘરેડમાં ચાલીનેજ એ દેવને તમે માનો છો. તમે પ્રત્યક્ષ માતા કે હનુમાનને

## કૃષ્ણજી ધર્મની પ્રેરણા પરાણે કેમ કરતા હતા!!

વગર વિચાર્યે થાય ત્યાં આડંબર થાય એ બને. પણ ભવાંતરથી જ્યાં આ ભાવના છે કે ચક્રવર્તિપણું ન જોઈએ, જ્યાં જૈનધર્મથી આત્મા વાસિત રહે એવી ગુલામીપણું ભલે મળે! આવા સંસ્કારયોગે જીવ ભવાંતરથી તલસતો તલસતો તમારે ત્યાં આવ્યો, તમે શી દશા કરી? ડુંગરની ટોચથી એક મનુષ્ય અગાધ પાણી છે એમ ધારી તરસ મટાડવા માટે નીચે ઉતર્યો પણ જ્યાં ચાંગળું પાણી લીધું કે તે ખારૂં નીકળે તો નિરાશાનો કાંઇ પાર? શ્રાવકકુલમાં ધર્મ પમાય એવી ભવાંતરની વાસનાએ અહિં આવ્યા બાદ વૈચિત્ર્ય દેખે એની હાલત કઈ? શ્રી કૃષ્ણ જેવા, પરાણે ધર્મમાં કેમ જોડતા હતા તે આથી માલુમ પડશે. માતા પોતાની કન્યાને પિતા પાસે (કૃષ્ણ પાસે) શા માટે મોકલે છે? સારા વર સાથે સંબંધ સાંધી આપે (પરણાવે) એજ ઉદ્દેશ છે ને? ત્યાં શ્રી કૃષ્ણ મહારાજ પૂછે છે કે–'રાણી થવું છે કે દાસી?' આ પ્રશ્ન દુનિયાદારીનો છે એમ લાગશે પણ આ પ્રશ્નજ નકામો છે. નાના છોકરાને પૂછીએ કે 'ડાહ્યા થવું છે કે ગાંડા?' તો શું કહેવાનો? કૃષ્ણજી ઉંમરલાયક છોકરીને પૂછે કે 'રાણી થવું છે કે દાસી?' અર્થાત સાધ્વી થવામાંજ રાણીપણું છે અને રાજાની રાણી બનવામાં દાસીપણું છે. જેમ દવાખાને આવેલ દર્દી દર્દ સાંભળી મોં બગાડે, દવાની કડવાશને અંગે ડાક્ટરને ગાળ પણ દે પણ ડાક્ટરનું કામ એકજ કે દર્દીને નિરોગી બનાવવો: તેમ ભવાભિનંદીઓ ગમે તેવો પ્રલાપ કરે પણ ધર્મિષ્ઠોનું ધ્યેય તો તેઓના હિતનુંજ હોવું જોઈએ.

નીસરણી ગણાય તેનું એકજ કારણ છે કે સેસને અનર્થ ગણીએ તેમ છોડી પણ શકીએ છીએ.

## (૧) નિશ્ચય (૨) પ્રવૃત્તિ (૩) વિઘ્નજય (૪) સિદ્ધિ (૫) વિનિયોગઃ ભાવનાના આ પાંચ પ્રકાર.

બીજો ભાવ પ્રવૃત્તિરૂપ છેઃ પણ પ્રવૃત્તિ કરનારે એક વાત ધ્યનમાં રાખવી કે એક ડગલું ઉપાડો તો છાતીએ જોર આવવાનુંઃ ઉંચે ચડવાના પ્રયાસમાં છાતીએ જોર ન આવે એ બને નહિઃ મોક્ષ માર્ગના પ્રયાસમાં ખીલી ખટકો ન થાય એ જૈન શાસનમાં બનવાનું નથી. આત્માએ એ પ્રયાસ આદર્યો કે ઘરના હિતૈષી ગણાતાઓ શત્રુ થઇ આડે આવવાના છે, દુનિયાદારીમાં દેખાય છે કે છોકરી સાસરે જાય ત્યારે સંબંધીઓ રૂએ છે તેમ અહિં પણ સમજવાનુંઃ જે છોકરી ભાઇભાંડુના આંસુ તરફ નજર કરે તે સાસરે જઇ શકે નહિ; જે એ તરફ ન જુએ તેજ સાસરે જઈ શકે તેવી રીતે સ્વરૂપમાં જવા ઉજમાળ થયેલો આત્મા સંબંધીના આંસુઓ તરફ નજર પણ કરતો નથી; જે એ તરફ જુએ તે આગળ વધી શકે નહિ. એ માર્ગમાં ડગલે ને પગલે વિઘ્ન છે; કહો કે વિઘ્નની પરંપરા છે. હુકમનામાની બજવણી કયાં થાય ? કમાનારને ત્યાં થાયઃ દેવાળીયા કે ભીખારચોટને ત્યાં ન થાયઃ આ આત્મા આત્મસ્વરૂપને ઝંખે, તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, તે માટે તૈયાર થાય, તે વખતે એને માલદાર થયો દેખી કર્મરાજા હુકમનામાઓ બજાવે છે. માટે તે વખતે તો કોથળીઓ તૈયાર રાખવાની છે. છતે નાણે જે હુકમનામાની રકમ ન દે તેને ચોકીએ

જઇને બેસવું પડે. તેમ આ આત્મા અઢળક રિદ્ધિવાળો છે: છતી શક્તિએ યોગ્ય રસ્તે ન પ્રવર્તે તો દુર્ગતિરૂપી ચોકીની બેડીઓ તૈયાર છે. કહેવાનો મુદ્દો એ છે કે વિઘ્નોને જીતવા, વીર્યોલ્લાસ ફોરવવું. પહેલો ભાવ હેયોપાદેયનો નિશ્ચય, બીજો ભાવ પ્રવૃત્તિ, ત્રીજો ભાવ વિઘ્નજય આટલું થયા પછી પણ કરેલી મહેનત માટીમાં ન મળે તેવી સાવચેતી જોઇએ. એક મુનિને કાઉસ્સગ્ગમાં અવધિજ્ઞાન થયું પણ ઇંદ્ર ઇંદ્રાણીના રીસામણા મનામણાં દેખી તેમને હસવું આવતાં તે ચાલ્યું ગયું; માટે ચોથો ભાવ સિદ્ધિઃ સિદ્ધિને અંગે એક તસુ પણ પાછા હઠવું નહિ.

## પાંચમો ભાવ વિનિયોગ.

હવે ખાવાનો સ્વાદ ક્યારે ? માત્ર પોતે ખાય તેટલા માત્રથી નથી પણ બીજાને ખવરાવવાથી સાચો સ્વાદ, ખરો આલ્હાદ છે. પોતાને મળેલું બીજાને આપવામાંજ પરમ સ્વાદ છે. માટે શાસ્ત્રકારોએ ધર્મની અપેક્ષાએ આર્ય અનાર્ય એવા બે વિભાગ પાડ્યા. જ્યાં 'ધર્મ' અક્ષર સંભળાય તે આર્ય ક્ષેત્ર અને ધર્મ અક્ષર ન સંભળાય તે અનાર્ય ક્ષેત્ર. આ વિભાગ દરેકને ધર્મની પ્રવૃત્તિ માટે સૂચક છે, તે ધર્મ નામ માત્ર ન જોઇએ પણ વસ્તુરૂપે જોઇએ. શ્રી સર્વજ્ઞે કહેલો ધર્મ વસ્તુ ધર્મ છે. તેના કહેનાર તીર્થંકર છે. પ્રભુ-શાસનને પામેલાઓ બીજાને ધર્મ પમાડવાની અનેકવિધ કાર્યવાહી કરે છે તે વિનિયોગની સાર્થકતા છે.

---

ચારમાં પહેલાં પ્રવૃત્તિરૂપ આચારો અને પછી નિવૃત્તિરૂપ આચારો બતાવ્યા; તથા દર્શનાચારમાં તો તેથી ઉલટા બતાવ્યા, તેનું કારણ શું ?, એકમાં પહેલાં નિવૃત્તિ અને બીજામાં પછી નિવૃત્તિ તેનું કારણ એ છે કે ગુરૂનો અપલાપ, વ્યંજન અર્થ, તદુભય એ ચારે દોષ ટાળવાની વસ્તુ બનવાની ક્યારે ? જ્યારે કાળ, વિનય, બહુમાન અને ઉપધાનાદિ-પૂર્વક શ્રુત ભણ્યો હોય ત્યારે. જ્યાં અભ્યાસ ન કર્યો હોય ત્યાં ગુરૂનો અપલાપ વ્યંજનાદિ ટાળવા વિગેરે બને જ ક્યાંથી ?, જ્યાં સુધી અધ્યયન ન કર્યું હોય ત્યાં સુધી વ્યંજનાદિનો અપલાપ અને ગુરૂનું ઓળવવું શી રીતે, તેની સમજ ક્યાંથી પડે ? જ્ઞાનાચારમાં પ્રવૃત્તિ કરવાની પહેલાં છે, તેથી કાલાદિ-વિનયનું સેવન અને દર્શનાચારમાં પોતે શંકા—કાંક્ષાદિ રહિત હોય તોજ ધર્મની પ્રસંશા કરે. જે ધર્મમાં દ્રઢ નથી તે ધર્મી—અધર્મીના વિભાગે જુદા શી રીતે પાડે ? ધર્મની દ્રઢતા વગર એને તો ઉલટા ધર્મના કાર્યો નિંદા પાત્ર લાગે છે.

## ધર્મની દ્રઢતા

એકલી દયા પોકારી હોય, અને દયાનો શબ્દ પકડયો હોય તેવાઓએ સમજવાનું છે કે અવિરતિ એ તપેલા ગોળા જેવો છે, અને એક ડગલું તે ચાલે તો મહા હિંસા થાય; તો પછી તેમના સાધુ સામા તેઓ જાય તો મહા હિંસા થાય છે છતાં તેમના સાધુઓ રોકતા નથી. એ સાધુઓ હિંસાથી લોકોને વિરમાવતા નથી ઉલટો એમાં લાભ માને છે. જેઓ વસ્તુસ્થિતિ સમજ્યાજ નથી

અને માત્ર દયા શબ્દ પકડી રાખ્યો છે; તેવાઓને ત્યાં
તો સાધુની સામે ન ગયા તેટલા ધર્મી, અને સામે
ગયા તે અધર્મી. તેમની અપેક્ષાએ તે દયા પોકારના-
રાઓ પ્રશ્ન કરે છે કે પૂજા કરતાં સામાયિક કરીએ તો
કેમ ?, આવો પ્રશ્ન કરનારને કહેજો કે તમારા સાધુ
ફરવા નિકળ્યા હોય તે વખતે સામાયિક લઇ બેસો તો
લાભ કે તોટો ? સાધુ આવવા જવાના હોય તે વખતે
સામાયિક લઇ બેસી જવામાં તેઓ અવિનયરૂપ પાપ દેખાડે
છે, અને સામા આવવાની પ્રવૃત્તિ કરવી તેથી લાભ છે
એમ બતાવે છે. "વળાવવા ગયા તે ધર્મી, અને સામા-
યિકમાં રહ્યા તે અધર્મી" એમ તેઓ કહી દે છે, પૂજા
ઓચ્છવમાં આજ્ઞા નથી અને પોતાને લેવા આવવામાં
અને વળાવવા જવામાં આજ્ઞા જાગતી છે ? તે સમજવાની
જરૂર છે. ૩૨ સૂત્ર માની બીજા ઉઠાવ્યાં શા માટે ?, છતાં
મારા બત્રીશ સૂત્રોમાં તમે કહો છો તેવું દયા
બંધમાં શું લખ્યું છે ? શ્રી સૂયગડાંગમાં હિંસામાં
પાપ થાય છે, પણ કયા કારણથી ? તે સમજવું
જોઇએ. અર્થ દંડ અને અનર્થ દંડ એ બે પ્રકારનાં
પાપ ગણાવ્યાં છે. અર્થદંડમાં જ્ઞાતિ કુટુંબાદિક ગણાવ્યા
છે, ત્યાં પૂજા મહોત્સવ વિગેરે અનુષ્ઠાનો ગણ્યાં નથી;
અને અનર્થ દંડમાં જંગલનું કાપવું વિગેરે જણા-
વ્યું છે. પૂજા ત્યાં ગણાવી નથી, અને આદિમાં નાગભુત-
યક્ષ લીધા છે; ત્યાં પણ જિન લીધા નથી. અહિં મૂળ હકીકત
એ છે કે જેને ધર્મમાં જાણવાપણું નથી. શંકા રહિતપણું
નથી, પરમતની અભિલાષાદિનું રહિતપણું, કાંક્ષા અને તેનું

ફળ સંદેહ રહિતપણું નથી તે શાસનમાન્ય-વસ્તુને જાણે શું ? ન જાણે તો સાચી વસ્તુની અને તેની પ્રશંસા તેને આવેજ ક્યાંથી ? સ્થિરીકરણ વસ્તુ પોતાને મળી ન હોય તો બીજાને શાસનમાં સ્થિર શી રીતે કરે ? પોતે સાચા ધર્મને જાણે નહીં તો લોકો ધર્મ જાણે તે બુદ્ધિ આવેજ ક્યાંથી ? આ બધું ધર્મની દ્રઢતા થયા પછીજ આવે છે.

## પ્રવૃત્તિનો અને નિવૃત્તિનો ક્રમ.

આથી જ્ઞાનાચારમાં પ્રવૃત્તિ રૂપ આચારો પહેલાં, અને તે પછીજ નિવૃત્તિરૂપ આચારો જણાવ્યા છે, દર્શનાચારમાં નિવૃત્તિ—પ્રવૃત્તિનો ક્રમ જણાવ્યો છે. ચારિત્રમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે તેમાં પ્રથમ સમિતિ પછી ગુપ્તિ લીધી, આથી સમિતિ એ પ્રવૃત્તિરૂપ છે અને ગુપ્તિઓ એ નિવૃત્તિરૂપ મનાય છે. પહેલાં ગુપ્તિ કેમ ન લીધી ?. ગુપ્તિમાં ન ટકાય તો પછી પ્રવૃત્તિ કરવી તેમ રાખવું હતું ?; આવો પ્રશ્ન કરનારે સમજવું જોઇએ કે સમિતિ એ અપવાદ માર્ગ નથી, નહિંતર તીર્થંકરની દેશના પણ અપવાદરૂપ થઇ જાય. મુખ્યતાએ તો સાધુઓને સમિતિની પ્રવૃતિ કરવાની છે, અને સમિતિ સિવાયના વખતમાં ગુપ્તિમાં રહેવાનું છે. આટલા માટે 'આવસ્સહિ નિસ્સિહી' એ પણ સમાચારી છે. દશ પ્રકારના સમાચારી ધર્મમાં મકાનમાંથી નીકળતાં આવસ્સહિ, અને મકાનમાં પેસતાં નિસીહી કહેવી. તો પણ બંને સમાચારીમાંથી આવસ્સહિ એ પ્રવૃતિરૂપ

ળના પ્રમાણમાં થતું જ નથી. કહ્યું છે કે: "अयथावल-
मारंभो निदानं क्षयसंपदाम्" 'જે કોઇ કાર્ય પોતાના બળા-
બળને જોયા વિના આરંભાય છે તે કાર્ય સિદ્ધિને ન લાવતાં
કાર્ય કરનારના ક્ષયને જ લઇ આવે છે.' સંસારમાં આપણે
ચારે બાજુએ દૃષ્ટિ નાખીશું તો એજ એક વાત જોવામાં
આવશે કે સંસારના પ્રત્યેક જીવો દરેક ક્ષણે, દરેક પળે.
અરે! સમયના ઓછામાં ઓછા પરિમાણે પણ કાર્ય કર્યાજ
કરે છે. એવો કોઇ પણ સમય નથી કે જે વેળાએ આ
સંસારના જીવો પ્રવૃત્તિશૂન્ય હોય!!

## પ્રવૃત્તિ વિનાનો સમયજ નથી.

સદા સર્વદા આ સંસારનો પ્રત્યેક જીવ કાર્ય કર્યાજ
કરે છે. તે સતત પ્રવૃત્તિમાં જોડાએલોજ રહે છે. જીવાત્માની
આ સતત પ્રવૃત્તિ જોઇને એક શિષ્યે પોતાના ગુરૂને પ્રશ્ન કર્યો
કે: 'આ સંસારમાં સંસારી જીવોને માટે પ્રવૃતિ વિનાનો સ-
મય કયો?' ગુરુએ શિષ્યને જવાબ આપ્યો કે 'સંસારી જીવો
માટે પ્રવૃતિ વિનાનો એવો એક પણ સમય છે જ નહિ!!'
કેવળી ભગવાનો કે જેઓ આ જગતને આધારભુત છે, આ
પણ બહુ માનને પાત્ર છે, અનંતજ્ઞાનના સ્વામી છે, પરંતુ
તેઓ સુદ્ધાં એક ક્ષણને માટે પણ પ્રવૃત્તિ વિનાના નથી જ. બાર
ગુણસ્થાનકમાં ચૌદમું ગુણસ્થાનક એજ એક એવી દશાવાળું છે
કે જ્યાં પ્રવૃત્તિનો અભાવ છે, પરંતુ એ ગુણસ્થાનકની દશા
કેટલી-કેટલા સમયની છે તેનો વિચાર કરજો. અઇઉઋલૃ
પાંચ હ્રસ્વાક્ષરો બોલતાં જેટલો સમય પસાર થઇ જાય તેટ-
લાજ સમયને માટે આ ગુણસ્થાનક છે. એથી વધારે સમય

પરંતુ ચૌદમું ગુણસ્થાનક નથી. અ, ઇ, ઉ, ઋ, અને લૃ, એ પાચ હ્રસ્વસ્વરો છે. એ પાંચે સ્વરો મધ્યમ સ્વરે એટલે હ્રસ્વ તરીકે બોલતાં જેટલો સમય જાય છે તેટલોજ સમય ચૌદમા ગુણસ્થાનકનો છે. જો દીર્ઘ સ્વર તરીકે અથવા ઉદ્દાત્તપણે એ પાંચ સ્વરો બોલીએ તો તો તે બોલતાં જેટલો સમય લાગે છે તે સમય ચૌદમા ગુણસ્થાનકના સમયથી વધી જ જાય છે. અનુદાત્ત સ્વરે બોલીએ તો પણ તે કાલ ચૌદમા ગુણસ્થાનકનો સાચો કાળ બતાવી શકતો નથી. માત્ર મધ્યમ સ્વરે આ પાંચ હ્રસ્વાક્ષરો બોલીએ અને તે બોલતાં જેટલો સમય જાય તેટલોજ સમય ચૌદમા ગુણસ્થાનકનો સમજવાનો છે. આ પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ સ્વરે બોલતાં જેટલો સમય જાય તેટલો જ સમય ચૌદમા ગુણસ્થાનકનો હોઇ એટલોજ કાળ આ જીવ પ્રવૃત્તિ વિનાનો હોય છે! આપણો આ જીવ આ સંસારમાં અનાદિ કાળથી ભટકે છે પરંતુ તેને પ્રવૃત્તિ વિનાનો સમય અનાદિ કાળથી આજસુધીમાં કદી પણ પ્રાપ્ત થયોજ નથી.

આ જીવ આ સંસારમાં પાંચ પંદર જિંદગીઓથીજ રખડતો નથી, તે હજારો વરસોથી રખડે છે એમ પણ નથી, પરંતુ તે અનાદિ કાળથી ભવભ્રમણ પર ચઢેલો છે. આ સઘળા ભવભ્રમણમાં તેને માટે એક પણ ક્ષણ એવી આવી ગઇ નથી કે જે ક્ષણમાં તે પ્રવૃત્તિ વિનાનો રહ્યો હોય! આથીજ શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજાઓ સ્પષ્ટ રીતિએ એવું કહી ગયા છે કે આ જીવની પ્રવૃત્તિ પરિણામ નિપજાવ્યા વિનાની શૂન્ય હોય તેમ સ્વપ્ને પણ માનશોજ નહિ! આ

જીવાત્મા સ્થળમાં, જળમાં, હવામાં ગમે ત્યાં, ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં અને ગમે તે સંયોગમાં હંમેશાં પ્રવૃત્તિવાળોજ છે, માત્ર અયોગિગુણસ્થાનમાં જ્યારે તે પ્રવેશે છે ત્યારેજ તે કર્મપ્રવૃત્તિથી શૂન્ય બને છે. પરંતુ ઉપર જણાવી દીધું છે તેમ એ ગુણસ્થાનક માત્ર પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ સ્વરે બોલી શકાય એટલાજ સમય માટેનું છે. બીજાં બધાં ગુણસ્થાનકોમાં અને ખુદ તેરમા ગુણસ્થાનકમાં પણ જીવ કર્મપ્રવૃત્તિમાં જોડાએલોજ રહે છે.

## બધીજ ક્રિયાઓ ફળ આપે છે.

વળી બીજી એક ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આ જીવાત્માની આ સઘળી પ્રવૃત્તિઓ એવી છે કે તે હંમેશાં ફળ આપે છે. નિષ્ફળ જાય એવી આ જીવાત્માની એક પણ પ્રવૃત્તિ એક પણ કાળને માટે હોય એવું નથી બનતું. જીવાત્માની પ્રવૃત્તિ અનાદિકાળથીજ છે અને અનાદિકાળથીજ તેની એ પ્રવૃત્તિ ફળ દેવાવાળી છે. જીવની અનાદિકાળથી પ્રવર્તતી સઘળી ક્રિયાઓ ફળ આપવાવાળી છે અને તે નિયમિત ફળ આપેજ જાય છે. તે ઉપરથીજ એવો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે કે "યા યા ક્રિયા સા સા ફલવતી:" જે જે ક્રિયાઓ આ જીવાત્માને હાથે ઘડાય છે તે સઘળી ક્રિયાઓ—સઘળી પ્રવૃત્તિઓ ફળ આપવાવાળી હોય છે. આ સઘળી ચર્ચા ઉપરથી હવે આપણે શું નિષ્કર્ષ નીકળે છે તે જોઈએ. આપણે ક્રિયાને માન્ય રાખીએ છીએ. બીજી વાત એ છે કે હંમેશાં જીવાત્મા ક્રિયા કર્યાજ કરે છે તે વાત આપણે સ્વીકારીએ છીએ અને ત્રીજી વાત આપણે એ પણ સ્વીકારી છે કે ચૌદમા ગુણસ્થાનક

સિવાય હંમેશ માટે આ જીવાત્મા સતત પ્રવૃતિવાળો છે; ઠીક, વિચારવાની જે મુખ્ય વાત છે તે હજી હવે આવે છે. તેનો વિચાર કરીએ. આ જીવાત્મા અનાદિ-કાળથી ક્રિયા કર્યાંજ કરે છે, તે ક્રિયા વિના રહી શકતોજ નથી અને તેની આ સઘળી ક્રિયાઓ ફળદાયી છે, તો મૂખ્ય પ્રશ્ન એ છે કે એ સઘળી ક્રિયાઓના પરિ-ણામ રૂપ જે ફળો મળે છે તે ફળો ઇષ્ટ છે કે અનિષ્ટ છે ? ફળો બે પ્રકારના છે ઇષ્ટફળ અને અનિષ્ટફળ. જો દરેક ક્રિયા માત્રનું ફળ ઇષ્ટજ હોત તો તો પછી કાંઇ જોવાનું જ ના રહેત ! કારણ કે આત્મા અનાદિથી ક્રિયાશીલ છે અને ક્રિયા માત્રના ફળો ઇષ્ટ હોય તો તો પછી આપણા આત્માને ધન્યવાદ આપી આપણે આપણાં અહોભાગ્યજ માનવાં પડે! પરંતુ ખરી વસ્તુસ્થિતિ એ પ્રમાણેની નથી. ફળ બે પ્રકારના છે ઇષ્ટફળ અને અનિષ્ટફળ અથવા તો શુભ ફળ અને અશુભ ફળ. દરેક ક્રિયામાત્રના આપણે બે ફળ કબુલ કરી દીધા. આપણે એ પણ વાત માની લીધી છે કે ક્રિયા પણ અનાદિની છે. ઠીક. હવે આગળ વધીએ.

# પૌદ્ગલિક સુખ.

## (૨)

## માગ્યાં તો મોતી મળેઃ

ક્રિયાને અનાદિકાળથી થતી આવી છે એ માન્ય રાખીએ તે બે પ્રકારના ફળો આપે છે એ વાત પણ સ્વીકારીએ પછી એવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે કે અનાદિકાળથી

## આત્મા અને પુદ્ગલોનો સંયોગ.

આત્મા અનાદિકાળથી જે પ્રવૃત્તિ કર્યા કરે છે, તે દ્વારા તે જે ફળો મેળવે છે તે બધાં ફળોથી આત્માને એવું સુખ નથી મળતું કે જે સુખને આપણે આત્માનું પોતાનું સુખ કહી શકીએ. આત્માને આ આખાય ભવમાં આત્મસ્વભાવનું જે સાચું સુખ છે તે સુખ ભોગવવાનો કદી વખતજ મળતો નથી. ચૌદમું ગુણસ્થાનક કે જે ગુણસ્થાનક સૌથી છેલ્લામાં છેલ્લું છે. ત્યાં અયોગિકેવલીપણામાંજ માત્ર કર્મપ્રવૃત્તિ નથી. આ સિવાય સંસારમાં સર્વત્ર કર્મપ્રવૃત્તિ ભરેલી છે અને એ કર્મપ્રવૃત્તિનું ફળ તે પૌદ્ગલિક સુખ છે. અનાદિકાળથી જીવની જે ક્રિયાઓ થયા કરે છે તે સઘળી ક્રિયાઓ આ

રીતે પૌદ્ગલિક સુખ આપે છે. પૌદ્ગલિક સુખ એટલે જીવાત્માનો અને પુદ્ગલોનો સંબંધ ! આત્માનો અને પુદ્ગલોનો સંયોગ થાય છે ત્યારે તેનાથી આત્માને સુખ મળે છે. એ પુદ્ગલો જો શુભ હોય તો આત્મા સુખ અનુભવે છે પરંતુ તે સુખ અનુભવતાં છતાં ધ્યાનમાં રાખવાનું છે કે એ સુખ તે માત્ર પૌદ્ગલિક સુખ છે. બધાજ પુદ્ગલો સુખનાજ ગળ્યા કરે, દુઃખનું નામનિશાન પણ ન હોય અને જીવાત્મા સુખી દેખાતો હોય તો પણ તેનું એ સુખ તે આત્માનું સુખ નથીજ. આત્માના સ્વભાવનું સુખ તે એને આ માર્ગે કદી મળતુંજ નથી. જે આત્મા, આત્માના સુખોને પસંદ કરે છે તે આત્મા સંસારના આવા સુખોને કદી ઇચ્છતો નથી, પરંતુ તેને તે ધિક્કારજ આપે છે. ગુલામી દશામાં જો શેઠ બહુ શ્રીમંત મળી ગયો હોય તો સેવકને પણ નિત્યના મેવામિઠાઇ અને માલપુડા ઉપરજ હાથ મારવાનું મળે છે. પરંતુ આ મેવામિઠાઇને પણ સજ્જનો પસંદ કરતા નથી. જેમને કુતરાની માફક ગુલામીમાંજ પડ્યા રહેવાની ટેવ છે તેમનેજ ગુલામીના મેવામિઠાઇ પસંદ પડે છે. જેને ગુલામીની આદત નથી, જેના સ્વભાવમાં ગુલામી પચી ગઈ નથી, જેના હૃદયમાં ગુલામી ઉપરજ પ્યાર ભરાયો નથી તેવા આત્માઓ તો સ્વપ્નામાં પણ ગુલામીની મિઠાઇ ચાટવાને માટે તૈયાર થવાના નથી એ નિશ્ચય છે.

## ખાંડના લાડવામાં ઝેર.

આ જીવ અનાદિકાળથી કર્મપ્રવૃત્તિમાં જોડાએલો છે, એથી તે પૌદ્ગલિક સુખો મેળવે છે અને એ સુખોમાં

રાચતો તે આનંદ પામે છે પરંતુ જ્યારે આત્માને પુદ્દગલોને સ્વભાવ માલમ પડી આવે કે તુર્ત તેજ ક્ષણે આત્માએ પણ મ્યુનિસિપાલિટિના ઝેરના લાડુ સમજીને એ સુખનો ત્યાગ કરવો ઘટે છે. મ્યુનિસિપાલિટિવાળાઓ કુતરાને ઝેર આપીને મારે છે પરંતુ તેઓ ચોકખું ઝેર આપતા નથી. ખાંડના લાડવામાં ઝેર ભેળવીને તેઓ કુતરાને ખવડાવે છે. કુતરો પ્રથમ તો એ ઝેરને પારખી શકતો નથી. તે એને મીઠો લાડુજ માની લે છે, તેની મિઠાશ ઉપર મોહ પામે છે, તેને ખાદ્ય સમજે છે, લાડવો ખાવા યોગ્ય છે એમ માને છે અને તે લાડવો ખાવાની પ્રવૃત્તિમાં જોડાય છે, પરંતુ જો તેને ખબર પડી જાય કે એ ખાંડનો લાડવો તો અંદરખાને હળાહળ ઝેરથી ભરેલો છે તો પછી ખાવાના પદાર્થોનો ગુલામ બનેલો એનો એજ કુતરો એ લાડવાની સામે પણ જોવાને ઇચ્છતો નથી. કુતરાને મિઠાઇના સ્વાદની ખબર છે, મિઠાઇ મીઠી છે એમ તે જાણે છે, સાકરના લાડવાની મિઠાશ તેના ખ્યાલની બહાર નથીજ છતાં તે સમજે છે કે આ મીઠો લાડવો મહાભયાનક ઝેરથી ભરેલો છે અને તેથીજ તે એ મીઠા લાડવા માટે હવે આગળ ધપતો અટકીજ જાય છે. જેમ મીઠો લાડવો એ કુતરાને માટે ખરેખરો મીઠો નથી અને તેમાં મિઠાશ અને પ્રાણહારકતા બંને રહેલાં છે તેજ પ્રમાણે સંસારમાં મળતા પૌદ્દગલિક સુખો એ પણ મ્યુનિસિપાલિટિએ તૈયાર કરેલા ઝેરના લાડુ જેવાજ છે. કુતરાઓ એકલું ઝેર ખાતાજ નથી. એકલા ઝેરને જોઇને તેઓ સો ગાઉ દૂર ભાગે છે તેથીજ મ્યુનિસિપાલિટિ તેમને માટે ખાંડ

વૈરાગ્યને દુઃખગર્ભિત કહેવાની સત્તા છે કે નહિ તેજ વિચા જોવાની જરૂર છે. આપણે જાણીએ છીએ કે ચોથી ચોપડી ભણનારો છોકરો મેટ્રીકયુલેશનની પરીક્ષા લઈને મેટ્રીક વિદ્યાર્થીઓને પાસ કરી શકતો નથી તેજ પ્રમાણે અમુ વૈરાગ્યને દુઃખગર્ભિત વૈરાગ્ય પણ તેજ કહી શકે છે કે જેને વૈરાગ્ય સંબંધીનું પુરેપુરૂં જ્ઞાન છે. મેટ્રીકયુલેશનના પેપરો તપાસવાને માટે યુનિવર્સિટી મેટ્રીક પાસ થએલાઓને રોકતી નથી. અર્થાત્ મેટ્રીક પાસ થયેલાઓનો પણ મેટ્રીકના વિદ્યાર્થીઓને પાસ નાપાસ કરવાનો અધિકાર યુનિવર્સિટી માન્ય રાખતી નથી પરંતુ એ કાર્યને માટે નિષ્ણાત ગ્રેજ્યુએટોનેજ તે પસંદ કરે છે. એજ પ્રમાણે વૈરાગ્યની પણ પરીક્ષા કરવાનો અધિકાર તો તેવાજ પુરુષોનો છે કે જેઓ એ સંબંધમાં પુરેપુરા નિષ્ણાત થએલા છે. વૈરાગ્યથી સર્વથા અનભિજ્ઞ માણસ વૈરાગ્ય ઉપર પોતાનો અભિપ્રાય પ્રગટ કરે એ તો આંધળો સૂર્યનું વર્ણન કરે, અને વળી સૂર્યનું એજ વર્ણન સાચામાં સાચું છે એવું કહે તેના જેવું છે.

## ઢોંગ લાંબો વખત ન ચાલે.

કોઈ માણસ ફારસી ભાષા ન જાણતો હોય તેવાને કોઈ વ્યક્તિ ફારસીમાં લખાએલો કાગળ લઈને આપે અને કહે કે 'ભાઈ આ કાગળ વાંચી આપ તો !' હવે પેલો ફારસી ભાષાથી અજાણ્યો માણસ મોઢા સામે કાગળ ધરી રાખે, તેને આમ તેમ ઉથલાવે અને પછી કલ્પિત સમાચાર ગોઠવી કાઢીને કહી દે કે 'મિસ્ટર, તમારો કાકો મરી ગયો છે.' તો આ માણસને તમો કેવો કહેશો વારૂં ? પણ

ક્રોધરક્ત બનેલો જુનીનો દીકરો બધાજ પૈસાનો ત્યાગ કરીને એકપણ પૈસો લીધા વિના ઘર ત્યાગીને ચાલ્યો જાય, એ પ્રસંગની મહત્તા વિચારો.

## ઈચ્છા છતાં ત્યાગ કરવો પડે છે.

આ પ્રસંગમાં એ છોકરાને શું લક્ષ્મી ઉપર તિરસ્કાર આવ્યો છે એમ તમે કહેશો ? નહિજ ! જો કોઈ સારો માણસ વચ્ચે પડે અને એના બાપને સમજાવીને એ મિલ્કતને સમાન રીતે વહેંચાવે તો પછી એ છોકરો એ પૈસા લેવાની ના પાડે ખરોકે ? નહિજ. પોતાનો યુવાન પુત્ર મરણ પામે અને યુવાન વધૂ વિધવા થાય એ સંયોગોમાં માતા મિષ્ટાન્ન ત્યાગી દે છે પરંતુ ધારો કે દેવ સાક્ષાત્ થઈને પેલા છોકરાને સજીવન કરી આપે તો પછી પેલી માતા મિષ્ટાન્નનો ત્યાગ કરે ખરી કે ? કહેવાનો અર્થ એ છે કે આ છોકરાને તથા એ માતાને લક્ષ્મી કે મિષ્ટાન્ન ઉપર તો ત્યાગ આવેલોજ નથી, તેઓ મિષ્ટાન્ન અથવા લક્ષ્મી તો ઝંખે છેજ પરંતુ સંસારના પ્રતિકૂળ સંયોગોની છાયાને લીધેજ એ પદાર્થોની તેમને ઇચ્છા છતાં તેમને એ પદાર્થોથી દૂર રહેવું પડે છે-એક રીતે કહીએ તો નિરૂપાયવશતાથીજ બળાત્કારે તેમને દૂર રહેવું પડે છે આવી સ્થિતિમાંજ માત્ર દુઃખગર્ભિત વૈરાગ્ય કામ કરે છે.

## દુઃખગર્ભિતપણું ક્યારે ઉઠી જાય ?

અમુક પદાર્થ અથવા અમુક સ્થિતિ પ્રત્યે પ્યાર છે પરંતુ એ પદાર્થ અથવા એ સ્થિતિ અશક્ય છે એટલે તેના ત્યાગની પ્રતિજ્ઞા થતી નથી અને તેના ત્યાગની પ્રતિજ્ઞા કરીને

તે પ્રમાણે પ્રવર્તાતુ નથી એ સ્થિતિમાં ઇષ્ટ પદાર્થોથી દૂર રહેવું એ દુઃખગર્ભિત વૈરાગ્ય છે પરંતુ જ્યાં એ પદાર્થોના ત્યાગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે અને તે પ્રતિજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ પણ થાય છે એટલે ત્યાંથી દુઃખગર્ભિતપણું ઉડી જાય છે. પછી વૈરાગ્યને માર્ગે જે પ્રવૃત્તિ થાય. સાધુત્વને માર્ગે જે પ્રવૃત્તિ થાય તે પ્રવૃત્તિ અથવા તે સાધુતાને આપણે કોઇપણ રીતે દુઃખગર્ભિત વૈરાગ્ય કહી શકતા નથી.

## કોણિક અને ચેડા મહારાજા.

મગધ નરેશ શ્રેણિક મહારાજ અને ચેડા મહારાજાનો પ્રસંગ અહીં વિચારવાની ખાસ જરૂર છે. ચેડા મહારાજને ઘણી પુત્રીઓ હતી તેમાં ચેલણા અત્યંત સ્વરૂપવતી હતી. શ્રેણિક મહારાજ પોતાના પુત્ર અભયકુમારની સહાયતાથી ચેલણાને પરણી શકયા હતા. શ્રેણિક મહારાજને ચેલણાથી હલ્લ, વિહલ્લ અને કોણિક એવા ત્રણ પુત્રો જન્મ્યા હતા. મહારાજા શ્રેણિકનો રાજમુકુટ શ્રેણિક પછી કોણિકને માથે મુકાયો હતો અને શ્રેણિકની એક દૈવી મોતીની માળા તથા એક દૈવી સિંચાણો હાથી રાજકુમાર હલ્લ વિહલ્લને મળ્યા હતા. એ માળા પહેરવાની એક વખતે કોણિકની પત્નીને ઇચ્છા થઇ! હલ્લ વિહલ્લ પાસે હાર માગ્યો. પણ તેમણે આપવાની ના પાડી દીધી અને તેથી હલ્લ વિહલ્લને મહારાજા કોણિક સાથે વેર બંધાયું. કોણીકના ભયથી હલ્લ વિહલ્લ પોતાના માતામહ ચેડા મહારાજને ત્યાં પહોંચી ગયા. કોણિકને ખબર પડી કે હલ્લ વિહલ્લને મહારાજા ચેડાએ આશ્રય આપ્યો છે એટલે તેજ ક્ષણે મહારાજા કોણિકે ચેડા મહા-

## ત્યાં ધર્મનો નિશ્ચય હતો.

શ્રીમાન્ ચેડામહારાજ ગળે શીલા બાંધીને મરણને માટે પડયા એ વાત તો સાચી છે. પરંતુ એમ કરતાં પહેલાં તેમણે વ્રતપચ્ચક્ખાણ કીધાં હતાં પાપ વોસરાવવાનું કર્યું હતું. તેથી જ તેમણે કરેલા કાર્યને ધર્મતત્વને જાણનારા શાસ્ત્રકાર મહારાજાઓએ દુઃખગર્ભિત વૈરાગ્ય કહ્યો નથી! હવે તમે વિચાર કરો કે અહીં આત્મઘાતમાં અને ચેડા મહારાજની સ્થિતિમાં શું તફાવત છે? તફાવત માત્ર એટલો જ છે કે ચેડામહારાજ એમને એમ કુવામાં પડયા ન હતા પરંતુ વ્રતપચ્ચક્ખાણ, આલોચન, નિંદન, ગર્હન એ સઘળું કરી તત્પશ્ચાત્ જ તેમણે ઝંપાપાત કર્યો હતો. વ્રતપચ્ચકખાણની જે પ્રવૃત્તિ ચેડામહારાજે કરી હતી તેજ કારણથી તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત ગણાયો ન હતો! અર્થાત્ આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે વ્રત પચ્ચક્ખાણાદિની સત્પ્રવૃત્તિ એ દુઃખગર્ભિતપણાને ટાળનારી જ છે.

આજે જેઓ દુઃખગર્ભિતતાની વાતો કરે છે તેવાની મનઃ સ્થિતિનો તમારે ખ્યાલ કરવાની જરૂર છે. કોઈ માણસ વ્રતપચ્ચક્ખાણમાં આવે છે એટલે તરતજ આજના ટીકાકારો ચાંદલો ચોડી દેવા તૈયાર જ છે! સામાન્ય અવસ્થા હોય, રાજવૈભવ તો દૂર રહ્યો પણ સાધારણ દશા હોય ખાધેપીધે સુખ હોય બીજી કાંઇ દુરાવસ્થા ન હોય અને તે વિરતિ લે તો પણ આપણા બટકબોલા ટીકાકારો તરત તેને કપાલે ચાંદલો કરી દેવા તૈયારજ છે કે અરે! આતો દુઃખગર્ભિત વૈરાગ્ય છે? આ આજના ટીકાકારોના હાથમાં ભિ-

બાવાઓની પાસે અંગુઠે કંકુ તો છેજ નહિ? તેમની પાસે મેંશ તૈયાર છે. મેંશ અંગુઠે ભરેલી તૈયાર રાખે છે અને જ્યાં જરા કોઈનું કપાળ દેખાયું કે આ ટીકાકારો તેને કાળો ચાંદલો કરી દેવાને તો બિચારા તૈયાર થઈને ઉભેલાજ હોય છે! આવા ટીકાકારોએ ચાંદલો કરવાનું પોતાજ ભલા માટે છોડી દે એમાંજ તેઓનું કલ્યાણ છે. પરંતુ ટીકાનેજ જીવન માનનારા તેમને કોણ સમજાવી શકે?

## તમારો ચાંદલો નકામો છે.

જેઓ ધર્મનિષ્ઠ છે, જેઓ ધર્મની આસ્થાવાળા છે, જેઓ ધર્મપ્રિય છે, તેવાના કપાળમાં પણ આવા ટીકાકારો મેશનો ચાંદલો લગાવી દે છે, ત્યારે હવે દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવો તે સમજી લો. જે કોઈ દુનિયાદારીના કારણસર કંટાળ્યા છે, એ કંટાળાના દુઃખમાં પણ તેઓ દુનિયાદારીનું સુખ માની રહ્યા છે. છતાં એ સુખ પણ હિસાબમાં રહે નહિ, એટલે એ સુખથી દૂર રહેવાની પ્રવત્તિ આદરે એનું નામ તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. દુઃખ આવી પડયું હોય છતાં એ દુઃખમાં પણ જે આત્મહિતબુદ્ધિને ધારણ કરે છે, વ્રત પચ્ચક્ખાણની પ્રતિજ્ઞા કરે છે અને જીંદગીનો અંત લાવે છે તેવા પ્રસંગોને શાસ્ત્રકારો કદી પણ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેતાજ નથી. ચેડા મહારાજનું દૃષ્ટાંત અહીં ફરી વિચારજો. તેનું રાજ્ય જાય છે, સામ્રાજ્ય નષ્ટ થાય છે, અઢાર માંડલિક રાજાઓ ચાલ્યા જાય છે, પોતાની નગરી નષ્ટ થઇ ત્યાં ખેતર થાય છે અને તેથી તે ઝંપાપાત કરે છે છતાં ત્યાં વ્રત પચ્ચક્ખાણની પ્રવૃત્તિ થાય છે. એટલાજ

## ત્યાં ધર્મનો નિશ્ચય હતો.

શ્રીમાન્ ચેડામહારાજ ગળે શીલા બાંધીને મરણને માટે પડયા એ: વાત તો સાચી છે. પરંતુ એમ કરતાં પહેલાં તેમણે વ્રતપચ્ચક્ખાણ કીધાં હતાં પાપ વોસરાવવાનું કર્યું હતું. તેથી જ તેમણે કરેલા કાર્યને ધર્મતત્વને જાણનારા શાસ્ત્રકાર મહારાજાઓએ દુઃખગર્ભિત વૈરાગ્ય કહ્યો નથી! હવે તમે વિચાર કરો કે અહીં આત્મઘાતમાં અને ચેડા મહારાજની સ્થિતિમાં શું તફાવત છે? તફાવત માત્ર એટલો જ છે કે ચેડામહારાજ એમને એમ કુવામાં પડયા ન હતા પરંતુ વ્રતપચ્ચક્ખાણ, આલોચન, નિંદન, ગર્હન એ સઘળું કરી તત્પશ્ચાત્ જ તેમણે ઝંપાપાત કર્યો હતો. વ્રતપચ્ચક્ખાણની જે પ્રવૃત્તિ ચેડામહારાજે કરી હતી તેજ કારણથી તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત ગણાયો ન હતો! અર્થાત્ આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે વ્રત પચ્ચક્ખાણાદિની સત્પ્રવૃત્તિ એ દુઃખગર્ભિતપણાને ટાળનારી જ છે.

આજે જેઓ દુઃખગર્ભિતતાની વાતો કરે છે તેવાની મનઃ સ્થિતિનો તમારે ખ્યાલ કરવાની જરૂર છે. કોઈ માણસ વ્રતપચ્ચક્ખાણમાં આવે છે એટલે તરતજ આજના ટીકાકારો ચાંદલો ચોટી દેવા તૈયાર જ છે! સામાન્ય અવસ્થા હોય, રાજવૈભવ તો દૂર રહ્યો પણ સાધારણ દશા હોય ખાવેપીવે સુખ હોય બીજી કાંઈ દુરાવસ્થા ન હોય અને તે વિરતિ લે તો પણ આપણા બટકબોલા ટીકાકારો તરત તેને કપાળે ચાંદલો કરી દેવા તૈયારજ છે કે અરે! આતો દુઃખગર્ભિત વૈરાગ્ય છે? આ આજના ટીકાકારોના હાથમાં બિ-

ચાળઓની પાસે અંગુઠે કંકુ તો છેજ નહિ ? તેમની પાસે મેંશ તૈયાર છે. મેંશ અંગુઠે ભરેલી તૈયાર રાખે છે અને જ્યાં જરા કોઈનું કપાળ દેખાયું કે આ ટીકાકારો તેને કાળો ચાંદલો કરી દેવાને તો બિચારા તૈયાર થઈને ઉભેલાજ હોય છે ! આવા ટીકાકારોએ ચાંદલો કરવાનું પોતાજ ભલા માટે છોડી દે એમાંજ તેઓનું કલ્યાણ છે. પરંતુ ટીકાનેજ જીવન માનનારા તેમને કોણ સમજાવી શકે ?

## તમારો ચાંદલો નકામો છે.

જેઓ ધર્મનિષ્ઠ છે, જેઓ ધર્મની આસ્થાવાળા છે, જેઓ ધર્મપ્રિય છે, તેવાના કપાળમાં પણ આવા ટીકાકારો મેશનો ચાંદલો લગાવી દે છે, ત્યારે હવે દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવો તે સમજી લો. જે કોઈ દુનિયાદારીના કારણસર કંટાળ્યા છે, એ કંટાળાના દુઃખમાં પણ તેઓ દુનિયાદારીનું સુખ માની રહ્યા છે. છતાં એ સુખ પણ હિસાબમાં રહે નહિ, એટલે એ સુખથી દૂર રહેવાની પ્રવત્તિ આદરે એનું નામ તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. દુઃખ આવી પડયું હોય છતાં એ દુઃખમાં પણ જે આત્મહિતબુદ્ધિને ધારણ કરે છે, મત પચ્ચક્ખાણની પ્રતિજ્ઞા કરે છે અને જીંદગીનો અંત લાવે છે તેવા પ્રસંગોને શાસ્ત્રકારો કદી પણ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેતાજ નથી. ચેડા મહારાજનું દૃષ્ટાંત અહીં ફરી વિચારજો. તેનું રાજ્ય જાય છે, સામ્રાજ્ય નષ્ટ થાય છે, અઢાર માંડલિક રાજાઓ ચાલ્યા જાય છે, પોતાની નગરી નષ્ટ થઈ ત્યાં ખેતર થાય છે અને તેથી તે ઝંપાપાત કરે છે છતાં ત્યાં મત પચ્ચક્ખાણની પ્રવૃત્તિ થાય છે. એટલાજ

## (૩)
## માતૃગતજાતિનું મહત્ત્વ.

આ રીતે પુનઃ જરા પહેલાથી આપણે વિચારેલા ક્રમને તપાસી જોઇએ. સંસારસાગરમાં ચોર્યાસી લાખ યોનિ છે. ચોર્યાસી લાખ યોનિમાં ગર્ભજનાં સ્થાન બહુ થોડા છે, તે સઘળામાં મનુષ્યભવ દુર્લભ છે, મનુષ્યભવની પ્રાપ્તિ થાય તો પણ આર્યક્ષેત્ર મળવું એ મહાદુર્લભ છે, આર્યક્ષેત્રમાં પણ આર્યકુળ દુર્લભ છે અને તેમાંએ શ્રાવકકુળ એ તો અતિદુર્લભ વસ્તુ છે. હવે તમે શ્રાવકકુળ ઉપર આવી પહોંચ્યા છો. પરંતુ તે છતાં પણ જાતિનો વિચાર અહીં શાસ્ત્રકારોએ કર્તવ્ય માન્યો છે. બાપ–પિતાના ઉપરથી કુળ ગણાય છે, પરંતુ જાતિ તો માતા ઉપરથીજ સિદ્ધ થાય છે. પિતા જે પક્ષ હોય તે કુળ કહેવાય છે અને માતાનો જે પક્ષ હોય તે જાતિ કહેવાય છે, પિતા સારા હોય, કુળવાન હો ધર્મશ્રદ્ધાવાળા હોય છતાં પણ સુજાતિ મેળવવી એ શ્રાવક કુળ મેળવ્યા પછી પણ મહાદુર્લભ છે, અને એવી સુજાતિ પણ શુભ ક્રિયાઓદ્વારા સારાં કર્મો બાંધ્યા હોય તે તેથી પ્રાપ્ત થનારી છે અન્યથા નહિ! પિતા કરતાં બાળ ધાર્મિક સંસ્કાર પાડવામાં માતાનું મહત્વ વધારે છે. પિ ચુસ્ત શ્રાવક હોવા છતાં માતા મિથ્યાત્વીના કુળની હોય કોઇ પણ જાતના સંશય વિના પણ આપણે એમ કહી શકી કે બાળકનો જન્મ બગડ્યા વિના રહેવાનો નથીજ!

### સુભદ્રાનું મહત્વ વિચારો

માતાની જાતિનું મહત્વ કેટલું છે

સતીના દૃષ્ટાંત ઉપરથી સારી રીતે સમજી શકીએ છીએ. સુભદ્રા એક ચુસ્ત જૈનગૃહસ્થની પુત્રી હતી. તેનું સૌંદર્ય એટલું બધું આકર્ષક હતું કે અનેક પુરુષો તેને વરવાની ઇચ્છા કરતા હતા. છેવટે એક અજૈન બૌદ્ધે એવો વિચાર કર્યો કે હું અજૈન છું એટલે સુભદ્રાનો પિતા સુભદ્રા મને આપવાનો નથી. આથી તે નામધારી જૈન બન્યો અને સુભદ્રાને પરણ્યો. પેલો બૌદ્ધ સસરાના કહેવાથી પોતે જુદો રહ્યો છે જેથી પોતાની જૈનપુત્રીમાં બૌદ્ધના સંસ્કાર ન પડે, પરણ્યા પછી પોતાને પરણનારે કેવો પ્રપંચ કર્યો છે તે વાત સુભદ્રાના સમજવામાં આવી ગઈ. સુભદ્રાએ પોતાના ભાગ્યમાં જે લખ્યું હશે તે થયું છે એમ માનીને તેણે સંતોષ માન્યો અને તે પોતાના જૈનાચાર બરાબર રીતે પાળવા લાગી સુભદ્રાના સાસુસસરા અજૈન હતા. તેમને સુભદ્રાનો જૈનાચાર શલ્યની માફક ખૂંચવા લાગ્યો. હવે એવું બન્યું કે એક દિવસ સુભદ્રા બારણે ઉભી હતી એવામાં એક તપસ્વી જૈન સાધુ ત્યાંથી પસાર થતા હતા. સાધુના નેત્રમાં રસ્તામાં ચાલતાં કાંઈક ઘાસનું તણખલું પડ્યું હતું અને તેથી તેમની આંખ લાલચોળ બની તેમાંથી પાણી ઝરી રહ્યું હતું. સુભદ્રાએ સાધુને જોઈને તેમને કહ્યું, “મહારાજ! આપના નેત્રમાં કાંઈક તણખલું પડ્યું છે માટે જો આપ ઉભા રહો તો તમારા આંખમાંનું તરણું હું કાઢી નાંખું!” સાધુ અનુગ્રહ કરીને ઉભા રહ્યા એટલે સુભદ્રાએ પોતાની જીભ તેમની આંખમાં ફેરવી જેથી

## (૩)
## માતૃગતજાતિનું મહત્ત્વ.

આ રીતે પુનઃ જરા પહેલાથી આપણે વિચારેલા ક્રમને તપાસી જોઇએ. સંસારસાગરમાં ચોર્યાસી લાખ યોનિ છે. ચોર્યાસી લાખ યોનિમાં ગર્ભજનાં સ્થાન બહુ થોડા છે, તે સઘળામાં મનુષ્યભવ દુર્લભ છે, મનુષ્યભવની પ્રાપ્તિ થાય તો પણ આર્યક્ષેત્ર મળવું એ મહાદુર્લભ છે, આર્યક્ષેત્રમાં પણ આર્યકુળ દુર્લભ છે અને તેમાંએ શ્રાવકકુળ એ તો અતિદુર્લભ વસ્તુ છે. હવે તમે શ્રાવકકુળ ઉપર આવી પહોંચ્યા છો. પરંતુ તે છતાં પણ જાતિનો વિચાર અહીં શાસ્ત્રકારોએ કર્તવ્ય માન્યો છે. બાપ-પિતાના ઉપરથી કુળ ગણાય છે, પરંતુ જાતિ તો માતા ઉપરથીજ સિદ્ધ થાય છે. પિતાનો જે પક્ષ હોય તે કુળ કહેવાય છે અને માતાનો જે પક્ષ હોય તે જાતિ કહેવાય છે, પિતા સારા હોય, કુળવાન હોય, ધર્મશ્રદ્ધાવાળા હોય છતાં પણ સુજાતિ મેળવવી એ શ્રાવકકુળ મેળવ્યા પછી પણ મહાદુર્લભ છે, અને એવી સારી જાતિ પણ શુભ ક્રિયાઓદ્વારા સારાં કર્મો બાંધ્યા હોય તોજ તેથી પ્રાપ્ત થનારી છે અન્યથા નહિ ! પિતા કરતાં બાળકને ધાર્મિક સંસ્કાર પાડવામાં માતાનું મહત્વ વધારે છે. પિતા ચુસ્ત શ્રાવક હોવા છતાં માતા મિથ્યાત્વીના કુળની હોય તો કોઇ પણ જાતના સંશય વિના પણ આપણે એમ કહી શકીશું કે બાળકનો જન્મ બગડયા વિના રહેવાનો નથીજ !

### સુભદ્રાનું મહત્વ વિચારો.

માતાની જાતિનું મહત્વ કેટલું છે તે આપણે સુભદ્રા-

સતીના દૃષ્ટાંત ઉપરથી સારી રીતે સમજી શકીએ છીએ. સુભદ્રા એક ચુસ્ત જૈનગૃહસ્થની પુત્રી હતી. તેનું સૌંદર્ય એટલું બધું આકર્ષક હતું કે અનેક પુરુષો તેને વરવાની ઇચ્છા કરતા હતા. છેવટે એક અજૈન બૌધ્ધે એવો વિચાર કર્યો કે હું અજૈન છું એટલે સુભદ્રાનો પિતા સુભદ્રા મને આપવાનો નથી. આથી તે નામધારી જૈન બન્યો અને સુભદ્રાને પરણ્યો. પેલો બૌદ્ધ સસરાના કહેવાથી પોતે જુદો રહ્યો છે જેથી પોતાની જૈનપુત્રીમાં બૌદ્ધના સંસ્કાર ન પડે, પરણ્યા પછી પોતાને પરણનારે કેવો પ્રપંચ કર્યો છે તે વાત સુભદ્રાના સમજવામાં આવી ગઇ. સુભદ્રાએ પોતાના ભાગ્યમાં જે લખ્યું હશે તે થયું છે એમ માનીને તેણે સંતોષ માન્યો અને તે પોતાના જૈનાચાર બરાબર રીતે પાળવા લાગી સુભદ્રાના સાસુસસરા અજૈન હતા. તેમને સુભદ્રાનો જનાચાર શલ્યની માફક ખૂંચવા લાગ્યો. હવે એવું બન્યું કે એક દિવસ સુભદ્રા બારણે ઉભી હતી એવામાં એક તપસ્વી જૈન સાધુ ત્યાંથી પસાર થતા હતા. સાધુના નેત્રમાં રસ્તામાં ચાલતાં કાંઇક ઘાસનું તણખલું પડયું હતું અને તેથી તેમની આંખ લાલચોળ બની તેમાંથી પાણી ઝરી રહ્યું હતું. સુભદ્રાએ સાધુને જોઇને તેમને કહ્યું. "મહારાજ! આપના નેત્રમાં કાંઇક તરણું પડયું છે માટે જો આપ ઉભા રહો તો તમારા આંખમાંનું તરણું હું કાઢી નાંખું!" સાધુ અનુગ્રહ કરીને ઉભા રહ્યા એટલે સુભદ્રાએ પોતાની જીભ તેમની આંખમાં ફેરવી જેથી જીભના કરકરા અગ્રભાગને ચોંટીને પેલું તણખલું નીકળી ગયું સુભદ્રાએ પોતાની જીભ સાધુની આંખમાં ફેરવી તે વ

## (૩)
## માતૃગતજાતિનું મહત્ત્વ.

આ રીતે પુનઃ જરા પહેલાથી આપણે વિચારેલા ક્રમને તપાસી જોઇએ. સંસારસાગરમાં ચોર્યાસી લાખ યોનિ છે. ચોર્યાસી લાખ યોનિમાં ગર્ભજનાં સ્થાન બહુ થોડા છે, તે સઘળામાં મનુષ્યભવ દુર્લભ છે, મનુષ્યભવની પ્રાપ્તિ થાય તો પણ આર્યક્ષેત્ર મળવું એ મહાદુર્લભ છે, આર્યક્ષેત્રમાં પણ આર્યકુળ દુર્લભ છે અને તેમાંએ શ્રાવકકુળ એ તો અતિદુર્લભ વસ્તુ છે. હવે તમે શ્રાવકકુળ ઉપર આવી પહોંચ્યા છો. પરંતુ તે છતાં પણ જાતિનો વિચાર અહીં શાસ્ત્રકારોએ કર્તવ્ય માન્યો છે. બાપ-પિતાના ઉપરથી કુળ ગણાય છે, પરંતુ જાતિ તો માતા ઉપરથીજ સિદ્ધ થાય છે. પિતાનો જે પક્ષ હોય તે કુળ કહેવાય છે અને માતાનો જે પક્ષ હોય તે જાતિ કહેવાય છે, પિતા સારા હોય, કુળવાન હોય, ધર્મશ્રદ્ધાવાળા હોય છતાં પણ સુજાતિ મેળવવી એ શ્રાવકકુળ મેળવ્યા પછી પણ મહાદુર્લભ છે, અને એવી સારી જાતિ પણ શુભ ક્રિયાઓદ્વારા સારાં કર્મો બાંધ્યા હોય તોજ તેથી પ્રાપ્ત થનારી છે અન્યથા નહિ ! પિતા કરતાં બાળકને ધાર્મિક સંસ્કાર પાડવામાં માતાનું મહત્વ વધારે છે. પિતા ચુસ્ત શ્રાવક હોવા છતાં માતા મિથ્યાત્વીના કુળની હોય તો કોઇ પણ જાતના સંશય વિના પણ આપણે એમ કહી શકીશું કે બાળકનો જન્મ બગડયા વિના રહેવાનો નથીજ !

### સુભદ્રાનું મહત્વ વિચારો.

માતાની જાતિનું મહત્વ કેટલું છે તે આપણે સુભદ્રા-

બહાર પડશે. આમ ધારી રાજાએ રાણીઓને પાણી ભરવા મોકલી, પરંતુ તેઓ કાચા સુતરથી જ્યાં ચારણી બાંધીને કુવામાં મૂકે છે કે ત્યાંજ સુતરનો તાંતણો તૂટી ગયો. મન, વચન અને કાયાએ યુક્ત એવું સતીત્વ કેટલી રમણીઓ પાળે છે તે જાહેર થયું અને હજારો કુલકામિનીઓની બેઆબરૂ થઇ!

## સતી પરીક્ષામાં પસાર.

હવે સુભદ્રાએ આ કાર્ય કરવા સાસુની રજા માગી સાસુએ જવાબ આપ્યો: "બેસ! બેસ! તારૂં સતીત્વ કેવું છે તે તો હું જાણું છું!" સુભદ્રા સસરા પાસે ગઇ ત્યાંથી પણ એજ જવાબ મળ્યો. પતિ પાસે રજા લેવા ગઇ ત્યારે પતિએ કહ્યું કે મારી માતા તો તારા ઉપર આવું આળ મૂકે છે પરંતુ મારો તારા ઉપર પ્રેમ છે માટે જો તારી મરજી હોય તો હું તને આ કાર્યમાં પ્રવૃત્ત થવાની રજા આપું છું. સુભદ્રા કુવા પાસે ગઇ અને તેણે સર્વ દેવ. યક્ષો આદિની સાન્નિધ્યતામાં કહ્યું કે, "હે દેવો, યક્ષો! અને શાસનદેવતાઓ જો મેં મન, વચન અને કાયાથી શીલવૃત્ત પાળ્યું હોય તો આ કાર્ય મારે હસ્તે પૂર્ણ થજો!" પ્રતિજ્ઞા કરીને સુભદ્રાએ ચાળણી કાચાં તાંતણાએ બાંધીને કુવામાં મૂકી કે તરતજ સડસડાટ કરતી ચાળણી નીચે ઉતરી ગઇ પાણીથી ભરાઇ બહાર આવી અને તેના પાણીથી ભરેલી અંજલિ સુભદ્રા જ્યાં બારણા પર છાંટે છે કે તુર્ત બારણાં ઉઘડી ગયાં. સુભદ્રાએ ત્રણ બારણાં ખોલી નાખ્યાં અને એક બારણું બીજી સતીઓને તેમનો પ્રભાવ દર્શાવવાને માટે બંધ રહેવા દીધું. આને

ભાવદયા છે એમ સમજજો, પરંતુ અહીં યાદ રાખવાનું છે કે જે પોતાની સ્થિતિને જોતો નથી તે કદી પારકાની સ્થિતિ જોઇ શકતો નથી! જે પોતાનું શરીર ન દેખે તે પારકાનું શરીર શી રીતે દેખવાનો હતો? અર્થાત પરની ભાવદયા સ્વદયા વિના આવવી એ ઘણી મુશ્કેલ છે.

## એક મરણની બ્હીક છે પણ......

જ્યાં સુધી આ ભાવદયા ન આવે ત્યાં સુધી તો તમારે એમજ સમજી લેવાનું છે કે ખાળે ડુચા છે ને બારણાં ઉઘાડાં છે! બધા આત્માઓ એક આ ભવના મરણથી ડરે છે, પરંતુ તેઓ બીજા થનારા અનંતા મરણોથી કદી ડરતા નથી. આ સંબંધીનો આત્માને હજી વિચારજ આવ્યો નથી, અને જ્યાં એ સંબંધીનો વિચારજ નથી આવ્યો ત્યાં એ સંબંધીની પ્રવૃત્તિ તો હોયજ શાની? પ્રસ્તુત વિચાર આ જીવને નથી છતાં તે વિચાર આત્મામાં જાગૃત કરનારી જો કોઈ પણ વસ્તુ હોય તો તે ભગવાન શ્રી જીનેશ્વરદેવનું શાસન છે. ભગવાન શ્રી જીનેશ્વરદેવના શાસન સિવાય આ વિચાર બીજા કોઇથી કોઇપણ રીતે આવવો શક્ય નથી. ભગવાન શ્રી જીનેશ્વરદેવનું વચન તમે જાણતા હો યા ન જાણતા હો તો પણ તમે સંસારની પાપ પ્રવૃત્તિ છે તેમાં ધસી રહ્યા છો અને એ વ્યવહાર તમારે હાથે ઘડાયોજ જાય છે, એ વ્યવહારમાંથી તમોને ચેતાવીને સાવચેત કરનારૂં જો કોઇપણ શાસ્ત્ર હોય તો તે શ્રીમાન્ જીનેશ્વરદેવનું શાસન છે.

## મોટામાં મોટો ઉપકાર.

ભગવાન જીનેશ્વરદેવનો જો આપણા પર કોઈ મોટામાં

ટે ઉપકાર હોય તો તે એ છે કે તેમણે આપણને સદ્ગતિ અને દુર્ગતિના રસ્તા બતાવ્યા છે; સંસારગતિ કેવી રીતે ટાળી શકાય, મોક્ષ કેવીરીતે મેળવી શકાય, કર્મ આવવાનાં કારણો કેવીરીતે રોકી શકાય, કર્મ કેવીરીતે બાંધી શકાય એ બધી વાતો શ્રીમાન્ જીનેશ્વરદેવોએ પોતાના જ્ઞાનથી જાણીને આપણી આગળ પ્રત્યક્ષ કરી છે. અને તે શ્રીમાન્ જીનેશ્વરદેવોનો આપણા ઉપરનો ભવ્ય ઉપકાર છે. આપણે શ્રીમાન્ જીનેન્દ્રદેવોને પૂજીએ છીએ, તેમને આરાધીએ છીએ, તેમનું ગુણગૌરવ કરીએ છીએ, તે સઘળાનું કારણ આ એકજ છે. તમે દીવામાં તેલ પૂરો અને દીવો સળગાવો છો એ દીવો તમારો રોજમેળ લખી આપતો નથી, તે તમારા હીરા પારખી આપતો નથી, તમારા ઘરનો કચરો સાફ કરી આપતો નથી, પરંતુ દીવાનું જે અજવાળું છે તો તમે એના તેજથી તમારાં સઘળાં કામો કરી શકો છો. કોઈ એમ કહેશે કે દીવા વિના પણ માણસ પોતે પોતાના અનુભવ અને અનુમાનને આધારે કામો કરી શકે છે અને તેને પ્રકાશની જરૂર પડતી નથી. તો પછી પ્રકાશ આવશ્યક છે એ શા માટે માની લેવું જોઈએ?

શ્રી જીનેશ્વરદેવોની ભક્તિ કરવાની કહી છે. આ સઘળામાં મુખ્ય વાત સમજવાની એ છે કે આપણે જે પ્રમાણે કર્મ કર્યાં હોય તે જ પ્રમાણે આપણને ગતિ પણ મળે છે. આપણે કર્મો ખરાબ કર્યાં હોય તો સારી ગતિએ ઇશ્વર આપણને મોકલી આપે એવી ઇશ્વર પાસે મુદ્દલ તાકાત નથી. અથવા તો આપણાં કર્મોજ સારાં હોય તો આપણી સદ્‌ગતિ ટાળીને આપણને દુર્ગતિમાં નાંખવાની પણ ઇશ્વર ની પાસે પૈસાભારની તાકાત નથી !

## માનવભવની થાપણ શી ?

આ બધા ઉપરથી સમજવાનું એ છે કે આપણી સદ્‌ગતિનો આધાર જો કોઇપણ ચીજ ઉપર હોય તો તે આપણાં કર્મો ઉપર છે. પરંતુ બીજા કશાના ઉપર નથી. હવે આપણે જે આ પેઢી ખોલી છે તેનો આધાર તપાસો. આપણી આ માનવભવની પેઢીમાં ત્રણ રકમો જમા કરેલી છે ૧ પાતળા કષાય, ૨ દાનરૂચિપણું અને ૩ સદ્‌ગુણપણું. સ્વભાવે પાતળા કષાય હોય અર્થાત્ ધરણારને અંગે થતા કષાયો પાતળા હોય તો તે આ મનુષ્યપણાની પેઢીની એક થાપણ છે. હવે કોઇ એમ કહેશે કે થાપણથી જ મનુષ્યપણાની પ્રાપ્તિ થાય છે તો એ થાપણ તો બધાજ એકેન્દ્રિયોમાં પણ દ્રષ્ટિએ પડે છે. તો પછી બધાજ એકેન્દ્રિયો માનવયોનિમાંજ આવતા હોવા જોઇએ. આનો જવાબ એ છે કે પાતળા કષાયો સાથે બીજી થાપણ તે દાનરૂચિ છે. પણ અહીં યાદ રાખજો કે દાનરૂચિ અને દેવું એમાં આસમાન જમીનનો ફેર છે. કોઇ એક પાઇ દાનમાં આપે એથી તેનામાં દાનરૂચિપણું નથી એમ સમ-

હવે ત્રીજી વાત વિચારો. સ્વભાવે પાતળા કષાયો હોય અને દાનરૂચિપણું હોય, છતાં જે દુર્ગુણોથી યુક્ત હોય, લુચ્ચો, નિંદાખોર, નિર્લજ્જ અને નીતિહીન હોય, તે આત્મા પણ માનવભવ ન જ બાંધી શકે. જેનામાં સ્વભાવે પાતળા-કષાય હોય, જેનામાં દાનરૂચિપણું હોય લજ્જાળુ, દાક્ષિણ્ય-આદિ સદ્ગુણો હોય તો તેવાજ ગુણવાળો માનવભવ બાંધી શકે છે. તમે આ મહાપવિત્ર એવું ભગવાનશ્રીજીનેશ્વરદેવનું શાસન પામ્યા છો, તે છતાં આ ત્રણ વસ્તુ તમારે મેળવી કેવી મુશ્કેલ છે? તો પછી જે આત્મા અજ્ઞાન છે જેનામાં [illegible] ઉદ્ભવ થયો જ નથી, તેને એ વસ્તુ મેળવવી કેટલી [illegible]લ હોય? તેનો વિચાર કરો. આટલા જ માટે કારણ: [illegible]ે માનવભવ કેવો મુશ્કેલ છે તે જણાવવામાં આવ્યું

આ માનવભવ આટલો દુર્લભ છે તેને મેળવવા માટે આપણે આત્માને કોઈ દિવસ પુછયું છે કે મારામાં આ ત્રણ ગુણો છે કે નહિ? અને આ ત્રણ ગુણો જો નહિ હોય તો ફરી માનવભવ મળી શકશે નહિ. તેમજ હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવાનો છું? તે વિચાર હંમેશ કરશો તો આપોઆપ પાતળાકષાય વિગેરે ગુણોને કેળવવા મન થશે અને પરિણામે નિસ્તાર પામશો.

કહાયેલી ભગવાન ઉમાસ્વાતિવાચકજી મહારાજ શુદ્ધદેવ ગુરુ અને ધર્મના સ્વીકારને કે શુદ્ધ તત્ત્વ સ્વીકારવાવાળા આત્માના શુભ પરિણામને સમ્યક્ત્વ તરીકે જણાવવાનું મતલબ રાખીને જગતના પદાર્થોમાં જીવાદિકતરીકે વિભાગ અને તે જીવાદિક વિભાગોને તત્ત્વ તરીકે માનવું તેનેજ સમ્યક્દર્શન તરીકે એટલે શાસ્ત્રમાં શાસ્ત્ર થાય તરીકે ગણાવે છે.

જો કે કોઈપણ આસ્તિક દર્શન જીવ-અજીવ-પુણ્ય-પાપ-કર્મ આવવાનાં સાધનો-કર્મોનું બંધાવવું-કર્મોનું રોકાવવું, કર્મોનું તુટવું અને મોક્ષ એ નવપદાર્થોને નથી માનતો એમતો નથીજ અર્થાત્ સર્વ આસ્તિક દર્શનકારોને એ જીવાદિક નવપદાર્થોને માનવાનું થાયજ છે અને તે માનવાની ફરજ તેના દર્શનકારો તેને પાડે છે, પરન્તુ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનને અનુસારનારા મહાનુભાવો શિવાય

કોઇપણ દર્શન કે મતવાળો તત્ત્વોની વ્યવસ્થામાં એ જીવાદિક નવ પદાર્થોને તત્ત્વ તરીકે માનતો કે જણાવતોજ નથી. અને તેથીજ એમ કહી શકાય કે અન્યદર્શનકારો જીવાદિ નવે પદાર્થોને માનવાવાળા છતાં પણ તેઓ તે જીવાદિક નવ પદાર્થોને તત્ત્વ તરીકે તો માનતાજ નથી. તે જીવાદિક નવ પદાર્થોને તત્ત્વ તરીકે માનનારો જો કોઇપણ વર્ગ હોય તો તે કેવલ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનને અનુસરનારોજ વર્ગ છે. જૈનીઓનું કર્ત્તવ્ય પૂર્વે જણાવ્યા પ્રમાણે માત્ર જીવાદિક નવપદાર્થોને સ્વીકારવા માત્રથી પૂર્ણ થાયછે એમ કોઇપણ પ્રકારે માની શકાય નહિ, પરન્તુ જૈનધર્મને અનુસરનારાઓનું લક્ષ્યબિન્દુ આશ્રવઆદિના ત્યાગ અને સંવર આદિના આદરને માટેજ અહર્નિશ હોય છે. અને તેથીજ તે જૈનો પોતાના રૂવાડે રૂવાડામાં इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे અર્થાત્ આ નિર્ગ્રન્થ પ્રવચનજ અર્થ છે. પરમાર્થ છે અને તે શિવાય જગતની જે કોઇપણ ચીજ કે પ્રવચનો તે ભયંકરમાં ભયંકર અનર્થકારક છે. એટલી આવી વાસનાને પોતે ધારણ કરનારા હોય તેજ જૈનો કહેવાય છે એમ નથી, પરન્તુ જગતના કોઇપણ અન્ય દર્શન કે મતવાળો તેની સન્મુખ હાજર થાય ત્યારે એ જ इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे સંસ્કારો રેડવાને માટેજ કટિબદ્ધ થાય. એટલે અન્યદર્શનકારોની આગળ આવી રીતે જૈનમતની સત્યતા જાહેર કરવાના પરિણામેજ જૈનધર્મીઓએ અન્યધર્મીઓની સાથે પત્રવ્યવહારમાં જય-જિનેન્દ્ર લખવાનો વ્યવહાર રાખી શકાય. યાદ રાખવું કે

ભગવાન્ જિનેશ્વર મહારાજના મતને અનુસરનારાઓનો તો મુખ્ય ધર્મ એ છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજના મતને અનુસરનારા જે હોય તે સર્વને પ્રણામ કર્યા કે લખ્યા શિવાય રહી શકેજ નહિ, અર્થાત્ જેઓ પરસ્પર સાધર્મિકપણું હોવા છતાં પત્રમાં જયજિનેન્દ્ર લખવાની ટેવ રાખે છે તેઓ ખરેખર જનદર્શનને અનુસરનારાની કે જૈનદર્શનની કિંમતને સમજનારા નથી. તત્ત્વ એટલુંજ કે જૈનદર્શનને અનુસરનારાઓને પ્રણામજ લખવા અને અન્ય દર્શનકારોના પત્રમાંજ જયજિનેન્દ્રનું વાક્ય કે જે इणमेव निग्गंथे० નું એક કોડ વાક્ય તરીકે છે. માટે જૈનદર્શનને અનુસરનારાઓએ લખવા બોલવામાં અંગીકારની સુંદરતાને સૂચવનાર શબ્દોનો તથા ધર્મીના બહુમાનનો ખ્યાલ રાખીને પ્રવર્ત્તવું જોઇએ.

---

# ધર્મવૃક્ષ

પ્રભુ શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ ધર્મ એ વૃક્ષ છે, સમ્યકત્વ એ એનું મૂળ છે, સિદ્ધાન્તો એ એનું થડ છે વ્રતો (દેશવિરતિ કે સર્વવિરતિ) એ એની ડાળીઓ છે, અઢાર હજાર શીલનાં અંગો એ પાંદડાં છે, દેવની ઋદ્ધિ, મનુષ્યની ઋદ્ધિ, એ પુષ્પો છે, એ ધર્મવૃક્ષ, જિનેશ્વર ભગવંતના વચનોરૂપી પાણીની નીકથી નિરંતર સીંચાય છે, અને પ્રાન્તે એમાંથી નિર્વાણ—મોક્ષરૂપી ફળ મળે છે, આવા વૃક્ષને હંમેશાં આદરો, સેવો, અનંતા સાધુ વિગેરેએ આ વૃક્ષ આદરી સેવી નિર્વાણ ફળને મેળવ્યું છે.

# આગમ અને તેની અવિચ્છિન્નતા.

સકલ જૈન જનતાને આ વાત તો ધ્યાનમાંજ છે કે જૈન શાસનનું મુખ્ય ધ્યેય મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજું કાંઇ નથી. જો કે અન્યમતવાળાઓ પણ જેનાથી ઉન્નતિ અને મોક્ષની સિદ્ધિ થાય તેને ધર્મ કહે છે, અને જૈનશાસ્ત્રકારો પણ તેજ પ્રમાણે મોક્ષ અને સ્વર્ગની સિદ્ધિને કરનાર એટલે સ્વર્ગ અને અપવર્ગને દેનાર ધર્મ છે એમ કહી ધર્મના સ્વર્ગ અને મોક્ષ બન્ને ફળો જણાવે છે. છતાં જૈનશાસ્ત્રકારે સ્વર્ગને ઉદ્દેશ તરીકે નહિં જણાવતાં ખેતીમાં પરાળ થાય તેની માફક માત્ર આનુષંગિક જણાવેલ છે, એટલુંજ નહિ, પરંતુ જિનેશ્વર મહારાજના કોઇપણ શાસ્ત્રમાં દેવપણું, ઇંદ્રપણું, ઋદ્ધિપણું કે રાજાપણા વિગેરે માટે ધર્મક્રિયા કરવાનું જણાવાયું નથી, જો કે શુદ્ધધર્મના આચરણથી દેવપણું વિગેરે થાય છે, અને શાસ્ત્રકારો પણ તપ સંયમથી દેવતાપણું, સમ્યક્ત્વથી વૈમાનિકપણું, એક દિવસના ચારિત્રથી પણ વૈમાનિકપણું, ઉપશમશ્રેણિમાં કાલ કરવાથી લવસપ્તમ દેવપણું, વિગેરે જણાવી ધર્મનું ફળ સ્વર્ગ છે એમ જણાવે છે. વળી શ્રી જિનેશ્વર મહારાજની પૂજા, સામાયિક, પૌષધ અને શ્રાવકપણાથી પણ દેવપણું થવાનું જણાવે છે. પરંતુ તે બધાં ફળોને તેઓ પરાળની માફક આનુષંગિક ફળ તરીકે જણાવે છે, એટલું જ નહિ, પરંતુ એ સ્વર્ગાદિપ્રાપ્તિરૂપ અભ્યુદયરૂપ આનુષંગિક ફળને જેઓ મુખ્ય ફળ તરીકે ગણે તેને સમ્યક્ત્વ થયેલું નથી એમ ચોક્કસપણે ગણે છે, અને તેવા જીવોને મિથ્યાત્વીની દશામાં ગણે છે, અને એજ કારણથી શાસ્ત્રકારો પંચપરમેષ્ઠિને નમ-

સ્કાર કરવા જેવી એક ન્હાની ક્રિયામાં પણ સર્વ પાપના નાશદ્વારાએ મોક્ષરૂપી ફલ જણાવે છે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જે કાળમાં મોક્ષની પ્રાપ્તિ થવાની યોગ્યતા હોય તે જ વખતે જૈનધર્મને માનનારાઓએ મોક્ષનો ઉદ્દેશ રાખવો એમ નથી, પરંતુ પાંચમા આરા જેવા મોક્ષ પ્રાપ્તિ નહિ થઇ શકે તેવા પણ વખતમાં ધર્મની ક્રિયા મોક્ષના ઉદ્દેશથીજ કરવાની છે, અને તેથીજ શાસ્ત્રકારો મોક્ષબુદ્ધિથી થતી ધર્મની આરાધના માટે આઠ ભવોનું નિરંતરપણું માને છે. એ અપેક્ષાએ વર્તમાન પાંચમા આરામાં પણ દરેક ભવ્યઆત્માએ સર્વ-કર્મના ક્ષયરૂપી મોક્ષનો ઉદ્દેશ રાખીને દેશવિરતિ કે સર્વ-વિરતિધર્મમાં પ્રવર્તવાનું હોય છે તે ધર્મ અન્યમતની અપેક્ષાએ ભલે એકલા તત્ત્વજ્ઞાન સ્વરૂપ કે ક્રિયાસ્વરૂપ ભલે હોય, પરંતુ જૈનધર્મની અપેક્ષાએ એકલી ક્રિયામાં પૂર્ણ ધર્મ નથી. તેમજ એકલા જ્ઞાનમાં પણ ધર્મ નથી, કિન્તુ જૈન-ધર્મની અપેક્ષાએ તો જગતમાં જેમ રથમાં બે ચક્ર જોઇએ અને તે બન્ને સરખાંજ હોવાં જોઇએ. તેવીજ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને હોવા સાથે બન્નેની સરખાવટ હોવી જોઇએ. આ કારણથી શ્રી જૈનશાસનમાં દ્વાદશાંગીની ઉત્પત્તિની સાથે જ સંયમધર્મરૂપી ક્રિયાની પ્રવૃત્તિ માનવામાં આવી છે અને પાંચમા આરાના છેડે સંયમધર્મની સ્થિતિ માનતાં છેલ્લાં દુઃપ્પસહસૂરિને શ્રી દશવૈકાલિક વગેરે આગમના જાણકાર માન્યા છે અને તેથીજ તેમને સંયમધર્મવાળા પણ માન્યા છે. એટલે સંયમધર્મના વ્યુચ્છેદની સાથેજ શ્રુતધર્મનો વિચ્છેદ માનવામા આવ્યો અને શ્રુતધર્મના વ્યુચ્છેદની સાથે જ સંયમધર્મનો વ્યુચ્છેદ માનવામાં આવ્યો, એટલે શ્રુતધર્મ

અને સંયમધર્મની પ્રવૃત્તિ જેમ સાથે થાય તેમ નિવૃત્તિ પણ સાથેજ થાય. માટે સંયમધર્મની કે જૈનધર્મની જેને જેને રક્ષા કરવી હોય તેને શ્રુતધર્મની પ્રવૃત્તિમાં પ્રથમ નંબર રાખવો જોઇએ. આ વાત જેઓના ધ્યાનમાં હોય તેઓ ભગવાન જિનેશ્વર મહારાજે અર્થ થકી પ્રવર્તાવેલા અને ભગવાન ગણધર મહારાજે સૂત્રથકી ગુંથેલા આગમને જૈનધર્મના આધાર તરીકે માનવામાં કદી પણ કચાશ રાખશે નહિં. આ વસ્તુ જ્યારે વિચારવામાં આવશે ત્યારે મહારાજા કુમારપાળે મંત્રી વસ્તુપાલ તેજપાલે અને સંગ્રામસોની વિગેરે ભાવિક શ્રાવકોએ શાસ્ત્રોદ્ધારને માટે અનર્ગલ દ્રવ્ય કેમ ખરચ્યું તે સમજી શકાશે, અને તે સમજવામાં આવશે તો કોઇપણ શાણું મનુષ્ય શ્રુતધર્મ એટલે આગમની અવિચ્છિન્નતા માટે કટિબદ્ધ થયા સિવાય રહેશે નહિ. ધ્યાન રાખવું કે ખુદ ગણધરમહારાજના સંયમ અંગીકારની વખતે જ ઇંદ્ર અને દેવતાઓએ જે સુગંધિ ચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ ગણધરમહારાજના મસ્તકે દ્વાદશાંગીરૂપી આગમની અનુજ્ઞા-વખતે કરવામાં આવી છે અને શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને લખી છે. આ વાતને ધ્યાનમાં લેનાર સુજ્ઞ મનુષ્ય આગમ ઉપર જરૂર અવિચલ પ્રીતિ ધારણ કરી તેની રક્ષાને માટે તન, મન અને ધનથી કટિબદ્ધ થશે.

સમાપ્ત.

# જિન આગમ દીપક છે.

अंधयारे महाघोरे दीवो ताणं सरीरिणं ।
एवमन्नाणतामिस्से भीषणम्मि जिणागमो ॥१॥

**ભાવાર્થ**:—અત્યંત ભયંકર (કંઈપણ ન સૂઝે તેવા) અંધકારમાં પ્રાણિયોને જેમ દીપક રક્ષક (માર્ગદર્શક) છે, તેજરીતે **અજ્ઞાન** રૂપી ભયંકર અંધારામાં અથડતા જીવોને પ્રભુનાં પાપનાશક વચનો અર્થાત્ આગમ એજ દીપક છે.